# ઉપમિતિ ભવપ્રપંચા કથા

(ટૂંકસાર)



:: સંપાદન ::

સ્મિતા પિનાકીન શાહ

:: મૂલ્ય : નિશૂલ્ક ::

શેઠ શ્રી જમનાભાઈ ભગુભાઈ રીલીજીયસ ટ્રસ્ટના

સહયોગ થી

# ઉપમિતિ ભવપ્રપંચા કથા

## (ટૂંકસાર)

:: સંપાદન ::

સ્મિતા પિનાકીન શાહ
૧૭, નિશાંત બંગલોઝ વિભાગ-૧, બિલેશ્વર મહાદેવની સામે,
સીટી ગોલ્ડ સિનેમાની ગલી, શ્યામલ ચાર રસ્તા,
સેટેલાઈટ, અમદાવાદ – ૩૮૦૦૧૫.
ફોન નં. : ૨૬૭૬૮૦૯૦, ૨૬૭૬૭૮૩૧.
મોબાઈલ નં. : ૯૮૯૮૩૮૦૦૫૩.

:: મૂલ્ય : નિશૂલ્ક ::

શેઠ શ્રી જમનાભાઈ ભગુભાઈ રીલીજીયસ ટ્રસ્ટના
સહયોગ થી

## :: નમ્ર નિવેદન ::

ઈ.સ. ૨૦૧૩ના મે (May) મહિનામાં ઈન્ડોલોજીમાં યોજાયેલી **"ઉપમિતિ ભવપ્રપંચા કથા"** ની શિબિર મેં ભરી હતી. શિબિર કે વ્યાખ્યાનોમાં હું ખાસ ગઈ નથી પરંતુ દરેક વિષયના સાહિત્ય વાંચનનો નાનપણથી શોખ એટલે વાંચન ખરું. નવું નવું જાણવું પણ ખૂબ ગમે એટલે જ્યારે મારા પરમ સ્નેહી નિરંજનાભાભીએ કહ્યું એટલે તરત મેં હા પાડી. ભાભી સાથે મેં પાલિતાણાની યાત્રાઓ, ચૈત્ય પરિપાટી, વ્યાખ્યાનોમાં જવાનો લાભ લીધો છે. એટલે મને થયું કે ચાલો કંઈક ભાથુ મળશે. તેમનું જીવન ઘણી તપસ્યાઓ, યાત્રાઓ, ચોમાસા અને નવ્વાણુ કરવામાં વ્યતિત થયું છે. પણ જેવી શિબિર શરૂ થઈ અને શિબિરનો દિવસ પતે એટલે ભાભી મને કહે કે મને અઘરું લાગે છે. ત્યારે મેં મનમાં નક્કી કર્યું હતું કે આનો ટૂંકસાર લખીશ એટલે તેમને સમજવામાં સરળતા રહે.

મને અલ્પજ્ઞાન હોવા છતાં સમજણ પડવાનું મુખ્ય કારણ પંડિતવર્ય શ્રી જીતુભાઈની અત્યંત સરળ અને પ્રભાવી વાણીનો પ્રતાપ ગણી શકાય. પાંડિત્યથી ભરપૂર એવા તેમના અસ્ખલિત વહેતા વક્તવ્યનો પ્રભાવ મારા મન પર ઊંડો પડતો અને સમજાય તે લખી લેવાની પ્રેરણા આપતો તેથી શિબિર પતી એટલે મેં લખેલો સાર અને **"ઉપમિતિ ભવપ્રપંચા કથા"**ના શ્રી મોતીચંદ કાપડીયાએ કરેલા અનુવાદના ગ્રંથો ભાગ : ૧,૨,૩ મેળવી ટૂંકસાર લખ્યો અને ટાઈપ કરાવ્યો. પછી તેની ઝેરોક્ષ કોપી કરાવી કુટુંબમાં વહેંચ્યો. એક કોપી પરમ આદરણીય શ્રી જીતુભાઈને પણ આપેલી તેની ફલશ્રુતિ રૂપે આ પુસ્તિકા પ્રગટ થઈ રહી છે. કંઈપણ ક્ષતિયુક્ત લખાયું હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા માગું છું.

**– સ્મિતા પિનાકીન શાહ**

# :: શુભપ્રસ્થાન ::

આશરે ૧૩૦૦ વર્ષ પહેલાની વાત છે. ઉપાશ્રયમાં ગુરુચરણે બેઠેલા મુનિ નિર્ણય કરીને આવ્યા હતા કે બસ ! આજે તો હવે ગુરૂ મહારાજને કહી જ દેવું છે કે હવે હું જૈન ધર્મ ત્યાગીને બૌદ્ધ બની જવાનો છું. વાત તો એમ બની હતી કે વર્ષો પૂર્વે જ્યારે સિદ્ધર્ષિને બૌદ્ધધર્મનો વિશેષ અભ્યાસ કરવાની તમન્ના જાગી હતી ત્યારે ગુરુ મહારાજે પૂછ્યું હતું કે તમે જરૂર પૂરતું તો બૌદ્ધદર્શન જાણો જ છો હવે વધુ ભણવાની જરૂર શી છે ? પણ શિષ્યની તીવ્ર તાલાવેલી સામે ગુરુને ઝૂકવું પડ્યું અને પોતાના પ્રબુદ્ધ શિષ્યને બૌદ્ધદર્શનના વિશેષ અભ્યાસ માટે આજ્ઞા આપવી પડી હતી. આજ્ઞા આપતી વખતે કહ્યું હતું કે બૌદ્ધદર્શનનો અભ્યાસ કરતા કરતા તે દર્શન ગમવા લાગે અને તેનો જ સ્વીકાર કરી લેવાનો ભાવ જાગી જાય તો આ રજોહરણ પાછું આપી જજો ! શિષ્યને આ વાત રુચિ ન હતી અને તેમણે ગુરુને કહ્યું કે એવી નોબત નહીં આવે ! પણ સિદ્ધર્ષિ ભણવા ગયા પછી ખરે જ બૌદ્ધદર્શન વહાલું લાગવા માંડ્યું અને જૈનધર્મમાં દોષો દેખાવા લાગ્યા. થોડા વખતમાં જ એમ જણાવા લાગ્યું કે બૌદ્ધદર્શન શ્રેષ્ઠ છે એટલે તેનો સ્વીકાર કરી નિર્વાણ મેળવી લઉં ! કરુણા તો બુદ્ધની, સિદ્ધાન્ત તો શૂન્યવાદ અને સાધના તો બુદ્ધની ઉપદેશેલી જ શ્રેષ્ઠ છે અને ગુરુની વાત યાદ આવી કે જો બૌદ્ધધર્મ અંગીકાર કરવાનું મન થાય તો રજોહરણ પાછું આપી જજે ! લાવ, હવે આ રજોહરણનું કાંઈ કામ નથી એટલે પાછું આપી આવું ! ગુરુ પાસે આવે છે, ગુરુને પોતાના મની વાત જણાવે છે. ગુરુ તો વિચક્ષણ હતા, સાચા અર્થમાં ગુરુ હતા, મા જેવી મમતા ધરાવતા હતા. તેમને થયું કે આ જીવ ચિંતામણિરત્ન છોડીને કાચના ટુકડા ગ્રહણ કરવા જઈ રહ્યો છે. મારે તેને સમજાવવું જોઈએ કે જૈનધર્મ તો ચિંતામણિ સમાન છે. શા માટે આવા વિચાર કરો છો ? ગુરુ મહારાજે ખૂબ જ વાત્સલ્યપૂર્વક પ્રેમથી જૈનધર્મની મહત્તા સ્થાપી ! આજે સિદ્ધર્ષિ વિચારમાં પડી ગયા છે કે મારે ખરેખર વિચાર કરવો જોઈએ કે હું શું કરવા જઈ રહ્યો છું ? વિચાર કરતાં કરતાં જણાયું કે ના ! જૈનધર્મ જ શ્રેષ્ઠ છે. મારે તેનો ત્યાગ કરાય જ નહીં. વિચાર બદલાયા, મન થોડું શાંત થયું અને પાછા જિનનિર્દિષ્ટ સાધનામાં તલ્લીન બન્યા.

પણ મન તો ચંચળ છે તેને તો કોઈ વિરલો જ સાધી શકે. થોડા જ સમયમાં દાબેલા વિચારો પાછા બુલંદ બન્યા, સ્પ્રિંગ ઉછળે તેમ ઉછળ્યા અને ફરી બૌદ્ધ બનવાના ભાવ પ્રબળ બનવા લાગ્યા અને વળી ગુરુ મહારાજની આજ્ઞા લઈ

ચાલી નીકળ્યા. બૌદ્ધ મઠ તરફ જતી વખતે ગુરુ મહારાજે પુનઃ તે જ વાત જણાવી. આવું એકવાર નહીં સાત સાત વખત બની ચૂક્યું હતું. આજે ગુરુ મહારાજ કંટાળ્યા છે ! વિચારે છે કે આવો પ્રબુદ્ધ શિષ્ય, તર્કપ્રવીણ, કુશાગ્ર અને વિચક્ષણ શિષ્ય માત્ર તર્કની સૂક્ષ્મજાળમાં ફસાયો છે, આગમના ઊંડાણને જાણતો નથી, જૈનદર્શનની મહત્તાને પામ્યો નથી અને ચંચળતાને કારણે ભટકી રહ્યો છે. મારી વાત પણ હવે તેના મગજમાં ઊતરતી નથી ! આજે તો સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિજી વિરચિત 'લલિતવિસ્તરા' ગ્રંથ વાંચવા આપું અને થોડી વાર પરમાત્મા પાસે જઈ ભક્તિ કરી આવું. એટલા સમયમાં આ ગ્રંથ વંચાઈ જશે અને શિષ્યને જૈનધર્મના ઊંડાણનો, વિશાળતાનો અને ગહનતાનો ખ્યાલ આવી જ જશે. આમ વિચારી તેમણે સિદ્ધર્ષિના હાથમાં 'લલિતવિસ્તરા' ગ્રંથ મૂક્યો અને પોતને ચાલ્યા જિનાલય ! સિદ્ધર્ષિ ગ્રંથ વાંચવા લાગ્યા. એક પછી એક પાનું પલટાઈ રહ્યું છે અને મનના અનેક પ્રશ્નોનું સમાધાન મળતું જાય છે. આજે બધી જ દુવિધાઓ દૂર થઈ ગઈ. થોડાસમય પછી ગુરુ ચરણે મસ્તક ઝુકાવી કહ્યું, 'માફ કરો, ગુરુદેવ ! આપે આજે મારા ઉપર બીજી વાર અનન્ય ઉપકાર કર્યો છે. મારાં અંતર્ચક્ષુ ઉઘાડી દીધાં. જિનશાસન ગરિમાનો પરિચય થયો. મારી બધી જ ભ્રાંતિઓ ભાંગી ગઈ છે. હું નિ:શંક બન્યો છું. ખરેખર તો આચાર્ય હરિભદ્રસૂરિ દોઢસો વર્ષ પહેલાં પામી ગયા હતા કે હું જનમવાનો છું ! અને ચંચળતાને કારણે આવનજાવન કરવાનો છું. એટલે જ તેઓએ મારા વિચારોને સ્થિર કરવા જ આ ગ્રંથ રચ્યો છે. મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. હું ધન્ય છું ! મને આપ જેવા ગુરુ મળ્યા. આજે આપે મને ચિંતામણિરત્ન આપ્યું છે. ધન્ય ! ધન્ય !' આ ઘટના બની અને સિદ્ધર્ષિ ગણિના મનમાં ઉપમિતિગ્રંથ રચવાની ભાવના જન્મી.

ઉપમિતિ ભવપ્રપંચા કથા – વિશ્વની સહુથી પહેલી રૂપકકથા. વિવિધ ઉપમાઓ આપી તેમણે સંસારના પ્રપંચનો સુંદર પરિચય કરાવ્યો છે. પહેલા પ્રસ્તાવમાં પોતાના જીવનની ઘટનાઓ અને ત્યારબાદ નિગોદથી શરૂ કરી ક્રમશ: એક પછી એક ભવોની વાર્તા વાચકને વિચાર કરતો મૂકી દે છે, કે એક જીવને મનુષ્ય ભવ પ્રાપ્ત કરતાં પૂર્વે કેટલા ભવોની લાંબી યાત્રા પૂર્ણ કરવી પડી છે. સાથે સાથે જૈન સિદ્ધાન્તોનું અત્યંત રોચક શૈલીમાં વર્ણન વાચકને રોમાંચ કરાવે. આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ પણ થયો છે. એટલે સંસ્કૃત ન જાણનારને ગુજરાતી અનુવાદ દ્વારા ભાવોને પામી શકાય તેવી સુવિધા છે, પરંતુ પાત્રોની બહુલતા અને કથાનો વિસ્તાર જોઈને જ વાચક મુંઝાઈ જાય તેવું બનતું આવ્યું છે. આથી મનમાં એવો વિચાર આવ્યો હતો કે આ ગ્રંથની કથાને સરળ ભાષામાં સમજાવવામાં આવે તો અનેકને લાભ

થઈ શકે. આઠ પ્રસ્તાવ સ્વરૂપ આ ગ્રંથ કુલ ૧૬૦૦૦ શ્લોક પ્રમાણ છે અને તેમાં કુલ ૨૦૦૦ થી વધુ પાત્રો છે. દરેક પાત્રના ઓછામાં ઓછા બે અર્થ અને તેનું અનુસંધાન બરાબરા જળવાઈ રહે તેવી રીતે કથા કહેવી એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ હતું, પણ પ્રભુકૃપાએ આ કામ કરવાની મને હિંમત આપી. આ ગ્રંથની શિબિર યોજી તેમાં ૨૫૦ થી વધુ જિજ્ઞાસુઓએ લાભ લીધો. બધાને આ કથા ખૂબ જ ગમી. પછી તો દર વર્ષે આ શિબિરનું આયોજન થવા લાગ્યું. સ્મિતાબેન પણ આ શિબિરમાં આવ્યા હતા. તેમને કથા ગમી ગઈ અને નોંધ કરવા લાગ્યા. તે નોંધોનો આધાર લઈ તેમણે મૂળગ્રંથ અને સારોદ્ધારાના આધારે કથામાં પ્રવેશ કરી શકાય તે માટે કથાને સરળ ભાષામાં લખી તૈયાર કરી. શિબિર પૂર્ણ થયા પછી થોડા દિવસો બાદ તેમણે મને તેમનું લખાણ વાંચવા આપ્યું. ખૂબ જ મહેનત કરી હોય તેવું જણાયું. આદ્યોપાન્ત વાંચી ગયો. જરૂરી ફેરફારો સૂચવ્યા. સૂચનો પ્રમાણે યોગ્ય સુધારાવધારા કર્યા. આજે આ કથાનો સાર જિજ્ઞાસુઓ સુધી પહોંચે તેવી કલ્યાણકારી ભાવનાથી પુસ્તકરૂપે પ્રગટ થઈ રહ્યો છે. સ્મિતાબેને ખૂબ મહેનત કરી છે તેમને ખૂબ ખૂબ અભિનંદન. આ પુસ્તિકા જિજ્ઞાસુઓએ મૂળ ઉપમિતિ ભવપ્રપંચા કથાના ભાવો સમજવા ઉપયોગી થશે અને મૂળ ગ્રંથ વાંચવાની ભાવનાને વધુ પ્રબળ બનાવશે તેની આશા સાથે આ પુસ્તિકા પ્રગટ થઈ રહી છે. ધન્યવાદ !

– શ્રી જિતેન્દ્ર બી. શાહ

એલ.ડી. ઈન્ડોલોજી

# :: ઉપમિતિ ભવપ્રપંચા કથા ::

ઉપમિતિનો અર્થ છે રૂપકો, ભવ એટલે સંસાર, પ્રપંચ એટલે વિસ્તાર. એનો અર્થ થાય છે નાના નાના વર્ણનોવાળાં રૂપકો દ્વારા કહેવાયેલી, સંસારનો વિસ્તાર દર્શાવનારી કથા. કથા શબ્દ કથ પરથી આવ્યો છે. કથ એટલે વાર્તા, કહાણી અને વૃત્તાંત એવો અર્થ થાય છે. પરંપરાનો અર્થ એક પછી એક બે લક્ષણો – સાતત્ય અને સંચય અર્થાત્ સાતત્યપૂર્ણ સંચય.

જૈન દર્શનના સાતત્યપૂર્ણ સંચય દ્વારા આત્માને સંસ્કૃતિ તરફ વાળવાનો પ્રયાસ છે. ભિન્ન પ્રકારની કથા છે. આ ૧૬,૦૦૦ શ્લોકપ્રમાણની કથા છે. દરેક શ્લોકના બે અર્થ થાય છે. ત્રીજો અર્થ આપણે કાઢવાનો છે. જૈન ધર્મનું અને સંસ્કૃત ભાષાનું જ્ઞાન હોય તો જ આ કથાની સમજણ પડે છે. દરેક બાળકે આ કથા આત્મ-સાત્ કરવી જોઈએ તેમ પંન્યાસપ્રવર ચંદ્રશેખર મહારાજ કહે છે. આનું ભાષાંતર કરતાં શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાને દસ વર્ષ લાગ્યાં હતાં. આ કથા ઓછામાં ઓછી સાત વાર વાંચવી જોઈએ. તો જ આપણને આત્માની યાત્રાનું જ્ઞાન થાય છે. આ કથા આપણી પોતાની છે તેવું લાગે તો જ સમજણ પડે છે. આઠ દિવસની શિબિરનું કારણ કથામાં આઠ પ્રસ્તાવ છે.

તત્ત્વાર્થનો અધ્યાય ગમે ત્યાંથી શરૂ કરી શકાય પરંતુ આ અત્યંત અઘરી કથા છે. કુલ મળીને આશરે ૨૫૦૦ પાત્રો કથામાં છે. સંસારના પ્રપંચો એટલે સંસારનો વિસ્તાર દર્શાવતી ક્રિયા. કથા કઠીન છે. તરત સમજણ પડે તેવી નથી. પરંતુ આ કથામાં જે ઉપમાઓ મૂકેલી છે તેને સમજતાં સમજતાં જ્ઞાનોદય થવાની પૂરી શક્યતા છે.

આ ગ્રંથના રચયિતા શ્રી સિદ્ધર્ષિગણિના જીવન પર નજર નાંખીએ. અતિ ધનવાન અને સારસ્વત કુટુંબમાં તેમનો જન્મ થયો

હતો. ગુજરાત દેશમાં શ્રીમાલ નામનું શહેર છે. ત્યાં શ્રી વર્મલાત નામનો અતિ સમૃદ્ધ રાજા હતો. એ રાજાને સુપ્રભદેવ નામનો મંત્રી હતો. એ સર્વ વ્યાપારની મુદ્રા ધારણ કરનારો હતો. જાણે આખી દુનિયાનો ભાર ઉપાડવાને સમર્થ બે ખભા જેવા બે પુત્રો હતા. મોટો પુત્ર દત્ત અને બીજો નાનો પુત્ર શુભંકર હતો. પ્રથમ પુત્ર દત્તને શ્રીમાઘ નામનો પુત્ર હતો – જે ભોજરાજાનો બાળમિત્ર હતો. તે સરસ્વતીદેવીના રથ જેવો હતો. તેણે શિશુપાલવધ નામનું કાવ્ય બનાવીને સરસ્વતીદેવીને સાક્ષાત્ કર્યા છે અને આ કાવ્ય તેની શાશ્વત યાદગીરી છે.

બીજા પુત્ર શુભંકરને સિદ્ધ નામનો પુત્ર હતો. તેમના મહેલ પર કોટિધ્વજ ફરકતો હતો. કોટિધ્વજનો અર્થ જેની પાસે કરોડ સોનામહોર થાય તેના ઘર પર જે ધજા ઊડતી તે કોટિધ્વજ. છપ્પન કરોડ થાય એટલે ભેરી (નોબત-શરણાઈ) વાગતાં ત્યારે 'છપ્પન ભેરી વાગી' એમ કહેવાતું. સિદ્ધ તીવ્ર બુદ્ધિશાળી હતો. ખૂબ ઊંડાણથી વિચારી શકતો હતો. તેનાં વર્તન, વાણી અને મનન તથા ધ્યાન પર કાબુ હતો. તેનું લગ્ન ધન્યા નામની ખાનદાન કુળની કન્યા સાથે થયું હતું. સમય વહેવા સાથે તેને જૂગટું રમવાનું વ્યસન થઈ ગયું હતું. ધીમે ધીમે બધામાંથી રસ સુકાતો જાય છે. પત્ની પ્રત્યે પણ રાગ રહેતો નથી. ધીમે ધીમે ધુતારાઓને સંપૂર્ણ વશ થઈ જાય છે. સદાચારથી તદ્દન વિમુખ થઈ જાય છે. અડધી રાત સુધી ઘેર આવતો નથી. પત્ની પતિવ્રતા છે. ક્યારેય કોઈને પતિ વિશે કશું કહેતી નથી. રાતે બે વાગ્યા સુધી બારણું ખોલવા જાગતા રહેવું પડે છે. તેના કારણે ધીમે ધીમે કૃશકાય થતી જાય છે. બધા પૂછે તો પણ જવાબ આપતી નથી. છેવટે સાસુ એક માતાના સ્નેહથી પૂછે છે, ત્યારે કહે છે તેઓ રોજ રાત્રે બે લાગ્યે ઘેર આવે છે, એટલે બારણું ખોલવા જાગતા રહેવું પડે છે. માતા કહે છે 'આજે તું શાંતિથી સૂઈ જજે. બારણું હું ખોલીશ'. રાત્રિના છેલ્લા પહોરે (ત્રણ વાગ્યા પછી) સિદ્ધ આવ્યો. ઊંચે સ્વરે બૂમ પાડી, બારણાં ઉઘાડ. અંદરથી માતાએ પૂછ્યું,

'કોણ ?' એણે જવાબ આપ્યો, 'હું સિદ્ધ' માતાએ ખોટો ક્રોધ કરીને કહ્યું "આવા ઠેકાણા વગરના રખડુ સિદ્ધને હું ઓળખતી નથી." સિદ્ધ કહે છે "હું અડધી રાત્રે કયાં જાઉં ?" માતા કહે છે આ સમયે જેના બારણાં ખુલ્લાં હોય ત્યાં જા. સિદ્ધ ત્યાંથી પાછો ફરે છે.કોઈ પણ ઘરનું બારણું ઉઘાડું નથી. ઉઘાડા બારણાવાળા એક ઉપાશ્રય તરફ તેની નજર પડે છે. તે ત્યાં જાય છે. ત્યાં ગુરુમહારાજ અને સાધુ મહાત્માઓને ક્રિયા કરતા જુએ છે. સિદ્ધ ત્યાં ઊભો રહે છે અને નમસ્કાર કરે છે. ગુરુમહારાજ ધર્મલાભ આપીને તે કોણ છે તેમ પૂછે છે. ત્યારે પોતાની ઓળખાણ આપે છે. પોતે શુભંકરનો પુત્ર છે અને સિદ્ધ તેનું નામ છે. જુગારના કારણે મોડા ઘેર જવાથી માતાએ ઠપકો આપ્યો છે : અત્યારે જેનાં બારણાં ખુલ્લાં હોય ત્યાં જા. તેથી ઉઘાડા બારણે આવ્યો છું. અને આપનો આશ્રય ઇચ્છું છું.

ગુરુ મહારાજ શ્રુતજ્ઞાનના ઉપયોગથી તે ભવિષ્યમાં ઉદ્ધારક થવાનો છે તેમ જાણી લે છે. છતાં પણ તેને સાધુજીવનની કઠિનતા સમજાવી પૂછે છે, "તારો ભટકતો આત્મા અહીં રહી શકશે ?" સિદ્ધ તેમને માથે હાથ મૂકવાની ઇચ્છા કરે છે. પિતાની સંમતિથી સિદ્ધ દીક્ષા ગ્રહણ કરે છે. દીક્ષા ગ્રહણ કરી દૂર દેશમાં જઈ અભ્યાસ કરવા જવાની ઇચ્છા વ્યક્ત કરે છે. ગુરુ મહારાજ સમજાવે છે કે અભ્યાસની બાબતમાં કોઈ દિવસ ધરાઈ જવું નહિ. પણ કોઈક વાર કોઈકની ઊલટીસૂલટી પદ્ધતિથી કોઈ વસ્તુની હયાતીમાં નહિ માનનારાઓનાં ચિત્ત ડહોળાઈ જાય છે. તું એવું નહિં કરે અને ધારો કે થઈ જાય તોપણ એક વખત તો મારી પાસે પાછો આવીશ.

સિદ્ધ વચન આપે છે અને ગુરુ મહારાજને નમસ્કાર કરીને પોતાને કોઈ ઓળખે નહિ તેવો વેશ ધારણ કરી બૌદ્ધોના નગર તરફ જવા નીકળે છે. એમણે એવું સાંભળ્યું હોય છે કે બૌદ્ધોના શાસ્ત્રો ભણવામાં ઘણાં મુશ્કેલ છે. ત્યાં જઈને અભ્યાસ શરૂ કરે છે. બુદ્ધિતો તીવ્ર છે જ. બહુ જ થોડા સમયમાં વિદ્વવાનોને પણ સમજવા

મુશ્કેલ પડે તેવા શાસ્ત્રો તેણે તૈયાર કરી લીધાં. બૌદ્ધો પણ નવાઈ પામી જાય છે. તેના આત્માના રતનને ઓળખે છે અને માયાજાળમાં ફસાવે છે. તે જૈન ધર્મ ભૂલી જાય છે અને બૌદ્ધ દીક્ષા અંગીકાર કરે છે. જ્યારે તેને ગુરુપદે સ્થાપવાનો નિર્ણય થાય છે ત્યારે તેને તેના ગુરુમહારાજને આપેલું વચન યાદ આવે છે. તે અસલના ગુરુમહારાજ પાસે આવી પહોંચે છે. ઉપાશ્રય આવતા ગુરુ મહારાજને (ગર્ગર્ષિ) સિંહાસન પર બેઠેલા જુએ છે એટલે ટકોર કરે છે કે આ સારું લાગતું નથી.

ગુરુમહારાજ વિચારે છે કે આ વિદ્વાન પારકા શાસ્ત્રમાં લલચાઈ ગયો છે એટલે ચોક્કસ તેના ગ્રહો નબળા છે. તેમણે સિદ્ધને પોતાના આસન પર બેસાડ્યો. ચૈત્યવંદન ઉપર રચેલી શ્રી હરિભદ્રસૂરિકૃત, 'લલિતવિસ્તરા' નામની ટીકા આપી અને કહ્યું કે, તું જરા આ જોઈલે. અમે દેરાસરે જઈને આવીએ છીએ. મહાબુદ્ધિમાન સિદ્ધે ગ્રંથ જોતાં જ વિચાર કર્યો કે મારા ખોટા કામનો આદર અને વિચાર વગરનું કામ કરતો અટકાવવાનું નિમિત્ત આ ગ્રંથ બન્યો છે. તેને થાય છે આચાર્ય હરિભદ્ર ધર્મનો બોધ કરાવનાર મારા ગુરુ છે. તેમણે આ લલિતવિસ્તરાગ્રંથ મારા માટે જ રચ્યો હશે.

ગુરુમહારાજ આવે છે ત્યારે તેમના પગમાં પડીને માફી માંગે છે. ગુરુમહારાજે તેમને પ્રાયશ્ચિત્ આપ્યું અને પાટે બેસાડ્યા. આ વ્યાખ્યાનુકાર સિદ્ધ, સિદ્ધર્ષિગણિ તરીકે અને ઉપમિતિ ભવપ્રપંચા કથાના રચયિતા તરીકે સ્વર્ગ સુધી પ્રસિદ્ધ થઈ ગયા.

અહીં એક ઉદાહરણ આપ્યું છે. સંસ્કૃતમાં 'વ્યસન' શબ્દનો અર્થ પીડા છે, આપત્તિ છે. કોઈ પણ આત્મા માટે મોહ રાખવો નહિ. ઘડો ૧૦૦ રૂ.ની કિંમતનો છે. માથામાં નાખવાની ફૂલની વેણી પણ ૧૦૦ રૂ. ની છે. ઘડો બીજે દિવસે તેને સાફ કરીને પાણી ભરવા જતાં ફૂટી જાય છે ઘડો ફૂટી જાય છે ત્યારે દુઃખ થાય છે. જ્યારે

વેણી ખરીદતી વખતે તો ખબર જ છે કે આ વેણી કાલે કરમાઈ જવાની છે અને તેને ફેંકી દેવાની છે. બંને વસ્તુ ખરીદતી વખતે મનોભાવ ભિન્ન હોય છે. ઘડો નિત્ય ભાવે ખરીધો છે એટલે ફૂટી જાય ત્યારે દુ:ખ થાય છે. તેવી રીતે આપણને સ્વજન માટે નિત્યભાવ છે એટલે જ્યારે તે ચાલ્યા જાય છે ત્યારે દુ:ખ થાય છે. પરંતુ વેણી એવો ભાવ દર્શાવે છે કે તમામ દુન્યવી વસ્તુઓ ક્ષણભંગુર છે. માટે શોક કરવો નહિ.

બીજું ઉદાહરણ "ઉત્તરાધ્યયન"માંથી લીધું હતું. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં દસમું અધ્યયન દ્રુમ પત્રક નામનું છે. તેમાં પાંદડાંઓ શિખામણ આપતાં હોય તેમ બતાવી તે ઉપરથી સમયમાત્રનો પ્રમાદ કરવો નહિ તેવી શિખામણ આપી છે. "મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા."

*******

## પ્રસ્તાવ : ૧

**(આ પ્રસ્તાવમાં રચનાકારે પોતાના આત્માની સફર સમજાવી છે)**

જે કથામાં ભવની ગૂંચવણોનું રહસ્ય અનુમાન દ્વારા નીકળે છે તે કથાનો આરંભ પ્રથમ પ્રસ્તાવનો પ્રથમ ભાગ પ્રસ્તાવના રૂપે છે. મંગલાચરણથી કથાની શરૂઆત થાય છે. મોક્ષમાં ગયેલાં પરમાત્મા સ્વરૂપોને, તીર્થંકરોને અને સરસ્વતી દેવીની સ્તુતિ કરવામાં આવી છે.

સંસારી જીવના ત્રણ પરિવાર હોય છે. એક બાહ્ય પરિવાર અને બે અંતરંગ પરિવાર.

બાહ્ય પરિવારમાં માતા / પિતા / ભાઇ / બહેન / પુત્ર / પત્ની વગેરે નો સમાવેશ થાય છે.

પ્રથમ અંતરંગ કુટુંબમાં: ક્ષમા, ત્યાગ, નમ્રતા, ઉદારતા, સંતોષ, જ્ઞાન નો, જ્યારે બીજા અંતરંગ કુટુંબમાં: ક્રોધ, રાગ, દ્વેષ, માન, માયા, લોભ, હિંસા, ભય, મૈથુન નો સમાવેશ થાય છે.

અંતરંગ પરિવાર એટલે અંદર પડેલો પરિવાર;

બાહ્ય એટલે સાચો પરિવાર જેનો પરિચય આપણને સૌથી ઓછો છે.

આખી કથામાં ત્રણ પરિવારો ની કથા સાથે સાથે ચાલે છે. ધીમે ધીમે કથા દ્વારા સ્પષ્ટ થશે કે બાહ્ય પરિવારની જરૂર ઓછી છે. બીજા બે અંતરંગ પરિવાર સાથે વધારે કામ કરવાનું છે.

ધર્મ, કામ, અર્થ આ વસ્તુઓ આવી જાય તેને સંકીર્ણ કથાઓ કહેવાય છે. આવી સંકીર્ણ કથા જીવને ગમતી હોય છે. કેટલાક આચાર્યો ધર્મ-અર્થ-કામ મિશ્રસંકીર્ણ કથા આકર્ષણ કરનારી હોવાથી તેને સારી માને છે. જે કોઇ પ્રકારે પ્રાણીને બોધ આપી શકાય તે પ્રકાર આદરીને

તેને ઉપદેશ આપવાનો પ્રયત્ન હિતેચ્છુઓએ કરવો જોઈએ. તેટલા માટે આ ઉપમિતિ ભવપ્રપંચા કથા શુદ્ધ ધર્મકથા છે તેમ જ માનવું. કોઈ કોઈ સ્થાને તે સંકીર્ણ રૂપ લે છે ત્યાં ત્યાં ધર્મકથાના ગુણની અપેક્ષા રાખે છે તેમ સમજવું. ધર્મગ્રંથમાં ચાર પ્રકારના શ્રોતાઓ જણાવ્યા છે. અહીં આપણે બે મુખ્ય પ્રકાર ગણીશું. સારુ ગ્રહણ કરવાવાળા અને અને એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાખવાવાળા. અહી પુષ્કરાવર્ત મેઘ અને શાંડિલ્ય પથ્થરનું ઉદાહરણ સુંદર રીતે આપ્યું છે. મેઘ તેની કૃપા પથ્થર અને જમીન એમ બંને પર વરસાવે છે. જમીન ફળદ્રુપ થાય છે પણ પથ્થર પર ગમે તેટલુ પાણી પડે તોય અસર થતી નથી.

અહીંથી એક નાનકડી કથા શરૂ થાય છે. એક નગર અષ્ટમૂલપર્યંત છે અર્થાત્ તેના ઉદ્ભવની ખબર નથી અને તે ક્યાં સુધી રહેવાનું છે ખબર નથી. આ નગરનો મહેલ ગઢ ઉપર છે. નીચે ઊંડી ખાઈ છે. (તૃષ્ણા)નગરમાં એક ભિખારી છે. તેનાં બે નામ જણાવ્યાં છે. એક તો નિષ્પુણ્યક અને બીજું દ્રમક. નિષ્પુણ્યક એટલે જેનામાં પુણ્ય નથી તેવો અને દ્રમક એટલે દરિદ્ર. તેના શરીર પર ફાટલાં તૂટેલાં કપડાં છે અને ભીખ માંગવા માટે હાથમાં ઠીકરું છે. આખા નગરમાં ફરે છે ત્યારે તોફાની છોકરાંઓ તેને ત્રાસ આપે છે. એકંદરે આ ભિખારી સજ્જન અને દયાનું પાત્ર બની રહ્યો છે. કારણ કે તે કોઈ હેરાન કરે તોપણ ક્રોધ કરતો નથી. જે પણ કંઈ મળે તે તરત જ ખાઈ જાય છે. એટલે તેને તૃપ્તિ થતી નથી. પેટમાં દુખ્યા કરે છે. અને ભૂખ વધારે ને વધારે લાગ્યા કરે છે. એમ કરતાં કરતાં ઘણો કાળ વહી જાય છે.

ગઢ ઉપરના મહેલમાં સુસ્થિત મહારાજ બેઠેલા છે. એક દિવસ તેમની નજર એ રખડતા ભિખારી પર પડે છે. તેઓ દ્વારપાળને હુકમ કરે છે એટલે દ્વારપાળ રાજમહેલમાં તેને દાખલ કરે છે. નિષ્પુણ્યક

દાખલ થઈને તેની ભવ્યતા અને વૈભવ જોઈને અંજાઈ જાય છે. તેને આહ્લાદકતાનો અનુભવ થાય છે અને જિજ્ઞાસા જાગે છે. રાજાએ ધર્મબોધકર નામના રસોડાના ઉપરીને ઈશારા થી સંકેત કર્યો. એટલ ધર્મબોધકરે ભિક્ષા આપવાનો હુકમ આપ્યો. તે સાંભળીને તેને હેરાન કરતાં છોકરાંઓ ભાગી ગયાં. ધર્મબોધકરની દીકરી તદ્દયા કે જેનું કામ તમામ પ્રાણી પ્રત્યે પ્રેમ બતાવવાનું છે તે મહાકલ્યાણક ભોજન લઈને આવી. આટલું સુંદર ભોજન છતાં ભિખારીને શંકા થાય છે કે આ કન્યા આપવા આવી છે પણ તેની અંતરની ભાવના મલીન હશે. એટલે તે ભોજન સામે જોતો નથી. તદ્દયા આગ્રહ કરે છે છતાં ધ્યાન આપતો નથી. આ દૃશ્ય ધર્મબોધકર જુએ છે. તેની પાસે ત્રણ ઔષધો છે. તે બળજબરીથી તેની આંખમાં વિમલાલોક અંજન આંજી દે છે તેનાથી આંતરચક્ષુ નિર્મળ થાય છે. સ્વકર્મવિવર અને નકારાત્મક કર્મમાંથી માર્ગ મળે છે પણ મનમાંથી ઉન્માદ હજી ગયો નથી એટલે દરેક બાબતમાં શંકા જ જાય છે. સારું ભોજન ગ્રહણ કરી શકતો નથી. એને સડેલા અનાજનું જ ભોજન કરવાન ઇચ્છા થાય છે. એટલે તેને તત્ત્વપ્રીતિકર પાણી પિવડાવવામાં આવે છે. પછી તેની તૃષ્ણા શમે છે. અને આ લોકો તેનું સારું જ કરી રહ્યાં છે તેનું જ્ઞાન થાય છે. અંજને દૃષ્ટિ ખોલી અને પાણીએ જ્ઞાન આપ્યું. છતાં પણ તેની સારું ભોજન થોડું તેના પાત્રમાં કાઢી લઈ તેને સડાવીને ખાવાની ટેવ જતી નથી. તદ્ દયા ઘણાં કામોમાં રોકાયેલી છે. કારણ ધર્મબોધકરને ઘણા લોકો પર દયા છે. એટલે તેનો વ્યાધિ મૂળમાંથી કેમ જતો નથી તે જોવાનો સમય તેની પાસે નથી. એટલે તેની નિરંતર સંભાળ રાખી શકે તે માટે તેને સદ્બુદ્ધિ નામની બીજી પરિચારિકા (દાસી) આપી. તેની સતત હાજરીથી ખરાબ ભોજન પ્રત્યે આસક્તિ ઘટી ગઈ. ત્રણે ઔષધોનો પ્રયોગ એણે મોટા પ્રમાણમાં કરવા માંડ્યો અને તેના પરિણામે એના વ્યાધિઓ ઓછા થતા ગયા.

પછી તેણે સદ્બુધ્ધિ સાથે વાતો કરવા માંડી. સદ્બુધ્ધિએ તેના વ્યાધિઓનાં કારણોમાં ખરા મહાકલ્યાણક ભોજનનું મહત્ત્વ સમજાવ્યું. ભોજનનો ઉપયોગ જણાવ્યો. નિષ્પુણ્યકે ખરાબ ભોજનનો સર્વથા ત્યાગ કરવાની ઇચ્છા દર્શાવી. સદ્બુધ્ધિએ સમજાવ્યું કે સર્વથા ત્યાગ કરતાં પહેલાં પાકો નિર્ણય કરવાની જરૂર છે. એક વાર ત્યાગ કર્યા પછી તેના પર મન હાવી થાય તો બેવડું નુકસાન થાય. પછી તે નિષ્પુણ્યકને ધર્મબોધકર પાસે લઈ ગઈ. ધર્મબોધકરે નિશ્ચય પાકો કરવાની જરૂરિયાત પર ભાર મૂકીને તેને સમજણ આપી. છેવટે ભિખારીએ તેનું ઠીકરું ફેંકી દીધું. ધર્મબોધકરને તેમજ તદ્દયા–સદ્બુધ્ધિ બંને દાસીઓને પણ ખૂબ આનંદ થયો. તે દિવસથી તેનું નામ સપુણ્યક રાખવામાં આવ્યું.

હવે તે મહેલમાં જ રહેવા માંડ્યો. તેના મનમાં લોભ, લાલચ, શંકા વગેરે શમી ગયાં છે. નવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે. તે સુબુધ્ધિને પૂછે છે કે 'મને આ બધું મળ્યું છે તેને ટકાવી રાખવા શું કરું ?' સુબુધ્ધિ જવાબ આપે છે, તને જે મળ્યું છે તેને વહેંચ તો બધું, તારી પાસે કાયમ રહેશે. (જો તમે પરમાર્થ બાજુ એક ડગલુ માંડશો તો આગળ ને આગળ વધતા જશો).

ભિખારી તેને મળેલા સોનાના પાત્રમાં બધું મૂકીને ચાર રસ્તા પર ઊભો રહી બૂમો પાડે છે. પણ તેને બધા ઓળખે છે એટલે કોઈ ગ્રહણ કરતું નથી. સુબુધ્ધિને પૂછે છે ત્યારે સુબુધ્ધિ કહે છે, 'સોનાનું પાત્ર ફક્ત સુસ્થિત મહારાજા (પરમાત્મા)થી જ વપરાય. તું વાપરે છે એટલે બધા વહેમાય છે (ગર્વ). પછી તેને ત્રણે ઔષધો લાકડાની પેટીમાં ઠાંસી ઠાંસીને ભરી અને બજારમાં મૂકી દેવાની સલાહ આપે છે. જ્ઞાનમય વ્યક્તિઓ તેનો ઉપયોગ જરૂરથી કરશે તેમ કહે છે.

## :: સંક્ષિપ્ત સાર ::

અદૃષ્ટમૂલ્યપર્યંત નગર એટલે સંસાર. જેની શરૂઆત કે છેડો દેખાતો નથી તેમ સમજવું. ભિખારીને મહા મોહથી હણાયેલો, અનંત દુ:ખોથી ભરેલો અને પુણ્ય વગરનો પૂર્વકાળનો સિદ્ધર્ષિગણિનો આત્મા સમજવો. ત્રાસ આપતાં તોફાની છોકરાંઓ અન્ય મતના લોકો સમજવા. તેને થતી વેદના મનની ખરાબ પરિસ્થિતિ, રાગ વગેરે રોગો સમજવા. પેટમાં થતો દુ:ખાવો કર્મનો સંચય સમજવો. તુચ્છ અધમ ભોજન આસક્તિનું નિમિત્ત ગણવું. રાજમંદિરમાં ઉપર બેઠેલા સુસ્થિત મહારાજને પરમાત્માસર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાન સમજવા. રાજમંદિરમાં જે વૈભવનું વર્ણન છે તેને જિનશાસન સમજવું. સ્વકર્મવિવર નામનો દ્વારપાળ જે રાજાની સંમતિથી રાજમંદિરમાં પ્રવેશ કરાવે છે તેને પોતાનાં કર્મોનો નાશ સમજવો. તેના સિવાયના બીજા દ્વારપાળો છે તેમ જણાવાયું છે તે મોહ, અજ્ઞાન અને લોભ સમજવા.

રાજભવનના રાજાઓ ને આચાર્યો સમજવા, મને પ્રતિબોધ કરનાર (સિદ્ધર્ષિગણિ) સૂરિ મહારાજને ધર્મબોધકર મંત્રી સમજવા અને તેમની મારા પર કૃપા થઈ તે તદ્દયા સમજવી. વિમલાલોક અંજનની વાત કરી તેને જ્ઞાન સમજવું, તત્ત્વપ્રિતિકર જળ તે સમ્યકત્વ સમજવું, મહાકલ્યાણક ભોજન તે ચારિત્ર સમજવું. સદ્બુધિને પરિચારિકા બનાવી તે સારા માર્ગે પ્રવર્તાવનારી સારી બુધિ સમજવી. આ ત્રણેય વસ્તુઓને ધારણ કરનાર કાષ્ઠનું પાત્ર છે તે આ ઉપમિતિ ભવપ્રપંચ કથા સમજવી.

********

## પ્રસ્તાવ : ૨

## મનુજગતિ નગરી : લોકસ્થિતિ

### મુખ્ય પાત્રો

| | | |
|---|---|---|
| કર્મપરિણામ | : | મનુજગતિનો મહારાજા |
| કાળપરિણતિ | : | કર્મપરિણામની પટ્ટરાણી |
| ભવ્યપુરુષ | : | રાજારાણીનો પુત્ર સુમતિ |
| અગૃહીતસંકેતા, પ્રજ્ઞાવિશાલા | : | બે સખીઓ |
| સદાગમ | : | ગુરુમહારાજ |

### સામાન્ય પાત્રો

| | | |
|---|---|---|
| પ્રિય નિવેદિકા | : | દાસી, પુત્ર જન્મની વધામણી આપનાર |
| અવિવેક | : | કર્મ પરિણામ રાજાનો મંત્રી |

## અસંવ્યવહાર નગર – ગોળક પ્રસાદ-નિગોદ સભા

### મુખ્ય પાત્રો

| | | |
|---|---|---|
| અત્યંત અબોધ | : | અસંવ્યવહારનો સરસૂબો |
| તીવ્ર મોહોદય | : | અસંવ્યવહારનો સેનાપતિ |
| સંસારી જીવ | : | કથા કહેનાર વ્યક્તિ |
| લોકસ્થિતિ | : | કર્મપરિણામની મોટી બહેન |
| ભવિતવ્યતા | : | સંસારી જીવની પત્ની. |

## સામાન્ય પાત્રો

તત્પરિણતિ : પ્રતિહારી

તન્ની યોગ : કર્મપરિણામનો દૂત

## એકાક્ષ નિવાસ

- પાંચ પાડા
- વનસ્પતિ
- પૃથ્વીકાય
- અપકાય
- તેજસકાય
- વાયુકાય
- લેશ્યા : બે પ્રકારની લેશ્યા છે. શુભ લેશ્યા અને દુષ્ટ લેશ્યા
- લેશ્યા : લેશ્યાનો સંબંધ રંગ સાથે અને રંગનો વેશભૂષા સાથે.
- શુભને શુભ લેશ્યા અને અશુભને ખરાબ લેશ્યા.
- મંજીરા એટલે ભય થાય છે.
- લોકાકાશ નાટકની ભૂમિકા છે (રંગભૂમિ)

કર્મપરિણામ રાજાનું સ્વરૂપ આપણે અહીં વિચાર્યું. રાજા છે એટલે રાણીઓ તો હોવાની. રાજાની પટરાણી છે કાળપરિણતિ. કાળ એટલે સમય અને પરિણતિ એટલે પાકવું. ઘણીકવાર પુરુષો કહેતા હોય છે કે home ministerને પૂછવું પડશે. એવી રીતે કર્મપરિણામ રાજા રાણી વગર (રાણીના રાજા) કશું કરી શકતો નથી. એનો અર્થ થાય છે સમય પાક્યા વગર કશું કરી શકાતું નથી.

તેમાં કર્મનો બંધ પડે છે (અબાધાકાળ). કર્મ બંધાયેલું હોવા છતાં પીડા આપે નહિ કારણ કે પાક્યું ન હોય. આ કાળ ઉત્તમ ગણાય છે. આપણે અત્યારે કોઈ સારું કામ કરીએ( દા.ત. વ્યાખ્યાન સાંભળીએ).. તો કર્મનો પ્રભાવ ઓછો કરી શકીએ. કાળને ઓળંગીને કશું કરી શકાતું નથી. સમય પાકે ત્યારે જ ફળ ઊભું થાય છે. કાળપરિણતિ પટરાણી છે તે સિવાય રાજાને યત્ઇચ્છા અને નિયતિ નામની રાણીઓ છે. યત્ઇચ્છા એટલે સ્વભાવ. નિયતિ એટલે નિયતકાળે જે થવાનું હોય છે તે થાય છે.

એક દિવસ રાજા અને રાણી સાથે બેઠાં છે અને વાતો કરે છે. રાણી કહે છે નાથ, તમારી સાથે આટલો બધો સમય વિતાવ્યા છતાં મને સંતાન નથી તેનું દુ:ખ છે. લોકો મને વાંઝણી કહે છે. રાજા જવાબ આપે છે કે મને પણ એનું દુ:ખ છે. હું આટલો સમર્થ હોવા છતાં બધા મને નપુંસક કહે છે. પરંતુ યોગ્ય સમયે આપણને જરૂર બાળક થશે.

રાણીને એક દિવસ સ્વપ્ન આવે છે. સ્વપ્નની વાત રાજાને કરે છે. રાજા ખુશ થઈને તેનું પરિણામ કહે છે અને એમ પણ કહે છે કે તે બાળક તમારી પાસે રહેશે નહિ છતાં પણ રાણી ખુશ થાય છે કે મારા માટે તો મને બાળક હોય તે જ મારું અહોભાગ્ય છે. રાણીને ગર્ભાવસ્થા દરમિયાન સારા સારા વિચારો આવ્યા કરે છે... દાનના અને ભલાઈના. એટલે તેની મતિ શુભ થઈ હતી તેમ કહી શકીએ.

ગર્ભકાળ પૂરો થતાં શુભ દિવસે, શુભ મુહૂર્તે રાણી સુંદર બાળકને જન્મ આપે છે. પ્રિયનિવેદિકા નામની દાસી રાજાને પુત્રજન્મની વધામણી આપે છે. રાજા આનંદ પામે છે અને વિચારે છે કે દેવીએ (પત્નીએ) પોતાના શરીરમાં સર્વ અંગે સુંદર પુરુષને પ્રવેશ કરતો જોયો હતો તેથી વિચાર કરીને રાજાએ પુત્રનું નામ ભવ્યપુરુષ પાડ્યું.

(ભવ્યનો અર્થ પાછળ લખેલો છે) રાણી હકીકત જાણે છે ત્યારે રાજાને પ્રાર્થનાપૂર્વક કહે છે કે તેણીએ બીજું નામ નક્કી કર્યું છે. રાજા સંમતિ આપે છે એટલે કહે છે કે આ પુત્ર તેમના ગર્ભમાં હતો ત્યારે તેમને સારાં સારાં કામો કરવાની મતિ થયા કરતી હતી તેથી આ પુત્રનું નામ સુમતિ રાખવું. આમ તે બાળકનાં બે નામ પડે છે.

હવે આગળ બે સખીઓનો વાર્તાલાપ આવે છે. આ બે સખીનાં નામ અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાળા છે. આ બંને પાત્રો ગોઠવવામાં ગ્રંથકર્તાએ વિશેષ ચાતુર્ય બતાવ્યું છે. અગૃહીતસંકેતા તદ્દન ભોળી, સાદી અને દરેક બાબતને ઉપર ઉપરથી સમજવાવાળી છે. ત્યારે પ્રજ્ઞાવિશાળા કુશળ, હોંશિયાર અને રહસ્ય સમજનાર છે. અગૃહીતસંકેતા એવા પ્રશ્નો વારંવાર કરે છે કે જેના જવાબમાં મળતાં રહસ્યો સમજવાની મજા આવે.

જ્યારે પુત્રજન્મ-મહોત્સવની ઘોષણા થાય છે ત્યારે અગૃહીતસંકેતા પૂછે છે કે વંધ્યા સ્ત્રી અને નપુંસક પુરુષને ત્યાં પુત્ર જન્મે ? પ્રજ્ઞાવિશાળા કહે છે કે તે બહુ ભોળી છે. આ તો અવિવેક નામના મંત્રીએ અફવા ફેલાવી છે કે આ બંનેમાં પુત્રજન્મ આપવાની ક્ષમતા નથી. આ બહુ જ મહત્ત્વની વાત છે. અવિવેક એટલે છોડવાયોગ્ય શું અને સ્વીકારવાલાયક શું તેની સમજણ ના હોય તે.મનુષ્યમાં જ્યાં સુધી અવિવેક હોય છે ત્યાં સુધી તેને ખ્યાલ આવતો નથી કે રાજા કર્મપરિણામ અને રાણી કાળપરિણતિ ભેગા થાય ત્યારે જ ફળ મળે છે. જે દિવસે વિવેક જન્મે છે ત્યારે વસ્તુ સંભવ બને છે. કદાચ સાધના દ્વારા કાળને વહેલો પકવી શકાય છે. આપણી અંદર એક ભોળપણ પણ પડેલું છે અને પ્રજ્ઞા પણ પડેલી છે. આ બંનેનો સંવાદ ચાલ્યા જ કરે છે.

અગૃહીતસંકેતા પૂછે છે 'જો આવું જ હતું તો અત્યારે અવિવેકનું કેમ કશું ચાલતું નથી ?' ત્યારે પ્રજ્ઞાવિશાળા કહે છે, 'નગરમાં એક

સદાગમ નામનો માણસ છે, તેને ખબર પડી ગઈ એટલે હવે અવિવેકનું કશું ચાલે તેમ નથી.' ભોળી સખી પૂછે છે, તને શી રીતે ખબર ? ત્યારે પ્રજ્ઞા જવાબ આપે છે તેણે સદાગમને કહેતો સાંભળ્યો હતો. જયા રાજારાણી વાત કરી રહ્યાં હતાં ત્યારે સદાગમ સાંભળી રહ્યો હતો.

સદાગમ અર્થાત્ સદ્ એટલે સાચું અને શુદ્ધ, આગમ એટલે શાસ્ત્ર. સદાગમ એટલે જ્ઞાન. પાંચ જ્ઞાનમાં સૌથી મહત્ત્વનું જ્ઞાન એટલે શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન વગર તીર્થંકર ભગવંતોને પણ ચાલતું નથી. (કેવળજ્ઞાન કરતાં પણ મોટું શ્રુતજ્ઞાન છે.) શ્રુતજ્ઞાન અને સદાગમનો અર્થ શ્રુતજ્ઞાન ધારણ કરનાર ગુરુમહારાજ એમ સમજવું. શ્રુતજ્ઞાનનો પ્રભાવ વધવા માંડે એટલે કર્મનો પ્રભાવ ઘટે છે. સદાગમ મોહરૂપી, અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી સાચા જ્ઞાનનો પ્રકાશ આપનાર છે. વ્યાધિ આપણી અંદર રહેલો છે પણ તેને આપણે ઓળખતા નથી, એટલે પોષ્યા કરીએ છીએ.

બે સખી વાતો કરે છે! પુત્ર કેવો હશે ? પુત્ર રૂપવાન અને ગુણવાન હશે. તે દરેક જીવને પ્રેમ કરતો હશે. તેનો પ્રેમ નિઃસ્વાર્થ પ્રેમ હશે. અહીં પંડિતજીએ મુનિસુવ્રતસ્વામીનું દૃષ્ટાંત આપ્યું છે. એક રાતમાં કષ્ટ વેઠીને એક ઘોડાને પ્રતિબોધ આપવા પહોંચે છે. તેમને ઘોડાનું શું કામ હોય ? તે તેના પર બેસવાના હતા ? તેમને ખરીદવાનો હતો ? ના આમાંનું કશું જ નહિ. તે પ્રેમ નિઃસ્વાર્થ પ્રેમ છે. વળી ઉદાર હશે અને ઉદારતા સાથે તેનામાં વિનયનો ભંડાર હશે. ગાંભીર્ય, દાક્ષિણ્ય વગેરે ગુણોના લીધે તે મોક્ષે જશે. દક્ષિણ્યનો અર્થ થાય છે સરળતાથી બીજાનું મન રાખવું. ચાતુર્ય, સ્થિરતા, મર્યાદા, ધીરજ, સ્મરણ શક્તિ વગેરે ગુણોની ચર્ચા કરવામાં આવી છે.

સ્મરણશક્તિ માટે સમજાવ્યું છે કે આત્મકલ્યાણમાં ઉપયોગી હોય તે જ વાત યાદ રાખવી જોઈએ પણ આપણે તેમ કરતા નથી.

ન કામની વાત કોઈએ કંઈ કહ્યું હોય તેને સામું ક્યારે સંભળાવીને સાટું વાળીએ તેવું જ યાદ રાખીએ છીએ. જેનામાં નિવિદિષા ના હોય તો તે ઊંડાં રહસ્યો પામી શકતો નથી. નિવિદિષા એટલે અદમ્ય ઉત્સાહ અને તીવ્ર ઇચ્છા હોવી જોઈએ. નાનામાં નાની વસ્તુ શીખવા પણ અદમ્ય ઉત્સાહથી ઊંડાણ સુધી પહોંચવું જરૂરી છે.

જેના પર કર્મફળનો પ્રભાવ સમાપ્ત થઈ ગયો છે તે બધા નિવૃત્તિપુરીમાં છે, મનુજપુરીમાં નથી. ત્યાં કર્મનો પ્રભાવ નથી, પણ કાળનો પ્રભાવ છે. જે સદાગમ પાસે રહે છે તેને કર્મફળ કશી અસર કરી શકતું નથી. આખી કથા સદાગમના કેન્દ્રમાં ચાલે છે.

ભોળી સખી અગૃહીતસંકેતા પ્રજ્ઞાવિશાળાને પૂછે છે, 'તેં મને કેમ આજ સુધી આ મહાત્મા પુરુષનાં દર્શન કરાવ્યાં નથી તેમનાં દર્શન કરીને હું ધન્ય બની ગઈ છું. આટલા પ્રભાવી મહાપુરુષ હોવા છતાં તેઓ બધા પાપીઓને કેમ ઉગારતા નથી ?' પ્રજ્ઞાવિશાળા જવાબ આપે છે કે, દરેક આત્માની પાત્રતા હોતી નથી. સદાગમનો પ્રભાવ પણ તે જ આત્મા પર અસર કરે છે જે પાત્રતાથી કેળવાયેલું હોય છે. માણસ તર્ક વિતર્કમાં અટવાયા કરે છે, તેમાંથી બહાર નીકળતો નથી એટલે સદાગમ પાસે પહોંચી શકતો નથી, શ્રદ્ધા રાખી શકતો નથી. તેવા માણસો માટે સદાગમ કશું કરી શકતા નથી. જીવોની કક્ષાઓ છે: પાત્રતા અને અપાત્રતા.

અહીં એમ પણ સમજવાનું છે કે જે ભોળી સખી છે તે અજ્ઞાની હતી પણ તેનામાં કોઈએ કરેલી કૃતજ્ઞતા નહિ ભૂલવાનો ગુણ હતો. પહેલાં તે મહાત્માને લગતા સંકેતો જાણતી નહોતી. પરંતુ હવે તેની યોગ્યતા થઈ હોવાથી તેને સદાગમનો પરિચય થયો. અહીં એવો અર્થ કરવો કે પ્રજ્ઞાવિશાળા પ્રત્યેના સખીભાવને લીધે આ લાભ થયો. પછી બંને સખીઓ દરરોજ મહાત્મા પાસે આવવા માંડે છે.

એક દિવસ મહાત્મા સદાગમ વિશાળ નજર પહોંચાડનારી પ્રજ્ઞાવિશાળાને રાજકુમાર (પુત્ર) સુમતિની ધાવમાતા થવાનું કહે છે. સદાગમ કહે છે કે નાનપણથી જ સર્વગુણ ધારણ કરનાર પુત્રને પહેલેથી જ પ્રજ્ઞાવિશાળા સાથે સ્નેહમાં જોડી દેવાની જરૂર છે જેથી તે ધર્મજ્ઞાનમાં આગળ વધે. (બાળપણથી જ) સદાગમની આજ્ઞા પ્રમાણે પ્રજ્ઞાવિશાળા રાજપુત્ર-સુમતિની ધાવમાતા થાય છે અને રાજપુત્ર સર્વગુણો સાથે મોટો થતો જાય છે. એ થોડો મોટો થાય છે ત્યારે તેની ધાવમાતા સદાગમ પાસે લઈ જાય છે. રાજપુત્ર આ મહાત્મા પુરુષના દર્શન કરી ધન્યતા અનુભવે છે. તેમને ઉપાધ્યાયપદે સ્થાપે છે અને જ્ઞાન ગ્રહણ કરે છે.

એક દિવસ બજારમાં સદાગમ મહાત્મા તેમજ તેમની બાજુમાં પ્રજ્ઞાવિશાળા અને રાજપુત્ર બેઠા છે. તેમની સાથે બીજા અનેક માણસો અને અગૃહીતસંકેતા પણ બેઠાં છે. ત્યાં અચાનક જ એક દિશામાંથી કોલાહલ સંભળાય છે. એક ચોરને ફાંસી આપવા લઈ જતા હતા. તે ચોર ભાગીને સદાગમનો આશ્રય લે છે એટલે સદાગમે અભય આપ્યું. ચોર છૂટો થઈ જાય છે. અગૃહીતસંકેતા (ભોળપણથી) પૂછે છે, "કયા ગુના અંગે તને ફાંસીની સજા થઈ હતી ?" તેના જવાબમાં ચોર પોતાના ગુનાની વાર્તા વિસ્તારથી કહે છે જે અગૃહીતસંકેતા, પ્રજ્ઞાવિશાળા, સુમતિ અને સદાગમ સાંભળે છે. બીજા લોકો દૂર ખસી જાય છે કારણ કે ચોરની એવી ઇચ્છા હતી.

અહી ચોર એટલે સંસારીજીવ સમજવો. સંસારી જીવ પોતાનું ચરિત્ર કહેવાનું શરૂ કરે છે તે ૮ મા પ્રસ્તાવમાં કથા પૂરી થાય છે ત્યાં સુધી ચાલે છે.

આખા વિશ્વના બે મોટા વિભાગ છે. લોક અને અલોક. લોકમાં જીવ અને અજીવ સર્વવિદ્યમાન હોય છે. અજીવનાં પાંચે દ્રવ્યો ત્યાં હોય છે. અલોકમાં જીવ હોતા જ નથી, પણ અજીવમાં પાંચ દ્રવ્યોમાંનું એક જ દ્રવ્ય-આકાશદ્રવ્ય જ લભ્ય છે.

અસંવ્યવહાર નગર એટલે અનંત સૂક્ષ્મ વનસ્પતિ સમજવી જે ને સૂક્ષ્મ નિગોદ કહેવામાં આવે છે. તેના અસંખ્ય ગોળા હોય છે. પ્રત્યેક ગોળામાં અસંખ્ય નિગોદ હોય છે અને દરેક નિગોદમાં અનંત જીવો હોય છે. અતીત, અનાગત અને વર્તમાનકાળના જેટલા સમય થાય તેના કરતાં અનેકગણો જીવ એક નિગોદમાં છે. આથી દરેક સમયે ઉત્કૃષ્ટ સંખ્યાએ જીવો મોક્ષમાં જાય તોપણ એક સર્વ જીવોનો સંસારમાંથી અભાવ થતો નથી. સૂક્ષ્મ નિગોદમાં હોય છે ત્યાં સુધી પ્રાણી અવ્યવહારી કહેવાય છે. એક વાર બાદર રૂપ લીધા પછી તે 'વ્યવહારી' કહેવાય છે.

કર્મપરિણામ રાજાનું રાજ્ય મનુજ નગરીમાં બતાવ્યું છે. પણ તેની સત્તા સંપૂર્ણ લોક પર ચાલે છે. તેણે પોતાના રાજ્યમાંથી બે સૂબાઓ અત્યંતઅબોધ અને તીવ્રમોહોદયને અસંવ્યવહાર નગર પર રાજ્ય કરવા મોકલ્યા છે.

અત્યંતઅબોધ મહાઅજ્ઞાનનું રૂપક છે. મોહનીય કર્મના લીધે પ્રાણી અત્યંત મૂંઝાઈ જાય છે અને સંસારને વળગી રહે છે. આવા અસંવ્યવહાર નગરમાં સંસારીજીવ (ચોર) અનંતકાળ સુધી પોતાના કુટુંબ સાથે રહ્યો. ત્યારે એક વખત તત્પરિણતી પ્રતિહારીએ કર્મપરિણામ રાજાના દૂત તન્નિયોગને રાજસભામાં દાખલ કર્યો. તેણે જણાવ્યું કે કર્મપરિણામ રાજાની બહેન લોકસ્થિતિ કે જેનું કામ સદાગમે નિવૃત્તિ નગરીએ મોકલેલા લોકોની ખાલી જગ્યા પૂરવા માટે મોકલ્યો છે. આ અસંખ્ય ગોળાઓ અને પ્રસાદોમાં ઠાંસી ઠાંસીને ભરેલા જીવોમાંથી કોને મોકલવા તે કાર્ય સંસારીજીવની પત્ની ભવિતવ્યતાને સોંપ્યું. તેણીએ સંસારીજીવને એકાક્ષનિવાસ નગરે મોકલવાની ભલામણ કરી.

ભવિતવ્યતા પણ સંસારીજીવ સાથે ચાલી.એકાક્ષનગરના પહેલા પાડામાં લઈ ગઈ. એના જેવા બીજા અસંખ્ય જીવો પણ મુક્ત થયા. પહેલાં વનસ્પતિકાયમાં પ્રવેશે છે. એકાક્ષનગર એટલે એ કેન્દ્રીય જીવ

જાત જાતના જીવ રૂપે જન્મ્યો. કોથમીર- ફૂદીનાના ભવમાં તેને પીસી નાખવામાં આવ્યો. ફળશાક ના ભવમાં કાપી નાખવામાં આવતો હતો. ધાન્ય રૂપે જન્મ લેતો તેને દળી નાખવામાં આવતો. આમ વનસ્પતિકાયમાં જન્મ લેવાથી થતી પીડાની આત્મકથા સંસારીજીવ દ્વારા ઘણા વિસ્તારથી કહેવામાં આવી છે. ત્યાંથી પૃથ્વીકાયમાં જન્મે છે ત્યારે ક્યારેક સોનું-રૂપું તો ક્યારેક કંકર-માટી એમ દરેક વખતે જુદા જુદા રંગે થયો પણ દુઃખ જ દુઃખ વેઠવાં પડ્યાં પછી અપકાય અર્થાત્ પાણી એટલે વરસાદનું પાણી, હિમ, ધુમ્મસ, ઝાકળ પડ્યાં ત્યારે પણ દુઃખ જ દુઃખ. આમ એ જીવ તરીકે ભવિતવ્યતાએ ખૂબ નચાવ્યો (સંસારનાટકમાં). ત્યાં તેણે અનંતકાળ વિતાવ્યો. એક ગોળી (ગુટિકા) પૂરી થાય એટલે તે બીજી ગોળી આપતી. એમ પાણી, અગ્નિ અને પવનનાં અનેક રૂપો લઈ સંસારીજીવ વિકલાક્ષ નગરે પહોંચ્યો. વિકલાક્ષ એટલે બે ઇન્દ્રિયથી ચાર ઇન્દ્રિય સુધીના ભવો. બે ઇન્દ્રયના ભવો એટલે જળો, કરમિયાં અને એવા અનેક જીવોમાં નગરના સુબાની સ્ત્રી માયાએ ઘણો રંજાડ્યો. ત્યાંથી તે ઇન્દ્રિયના પાડામાં (ભવ) માંકડ, જૂ અને ચઉરિન્દ્રિયના પાડામાં માખી, મચ્છર, ડાંસ, આમ ખૂબ રખડાવીને ફરીથી ગાળી આપી પંચાક્ષ નગરે મૂક્યો. પાંચ ઇન્દ્રિય વાળા જીવમાં સંસારીજીવને સ્થળચર, જળચર અને ખેચર બનાવી અનેક રૂપો આપ્યાં. હરણ બનાવ્યો, હાથી બનાવ્યો, અને દાવાનળ વખતે કૂવામાં પાડ્યો ત્યાં કર્મની અકામ નિર્જરા થઈ. પુણ્યોદય નામનો મિત્ર પ્રગટ થયો અને ભવિતવ્યતાએ તેને વધારે સારી નગરીમાં લઈ જવાનું વચન આપ્યું. પરાણે થતી નિર્જરાને લીધે પણ પુણ્યોદય થાય છે. હરણના ભવમાં સંગીતમાં લલચાવે છે, પકડે છે, વેદના થાય છે પણ છુટાય તેવું નથી એટલે પરાણે પરાણે સમતા રાખવી પડી. જેના પ્રતાપે પુણ્યોદય નામનો મિત્ર મળ્યો. એનો અર્થ છે પરાણે પરિસ્થિતિ આવી પડી હોય, છુટાય તેમ ના હોય અને સહન કરવું જ પડે એટલે કરીએ તોપણ કર્મની નિર્જરા થાય છે.

બીજા પ્રસ્તાવમાં જીવની એકેન્દ્રિય થી પંચેન્દ્રિયમાં પ્રવેશ કરવા સુધી સહન કરવી પડતી યાતનાનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. અગૃહીતસંકેતાને સંબોધીને સંસારીજીવ દ્વારા કહેવામાં આવ્યું છે. સદાગમ, સુમતિ અને પ્રજ્ઞાવિશાળા સાંભળે છે. સદાગમના વાક્યના અનુસારે તે સંસાર ચાર જડ બુદ્ધિવાળી અગૃહીતસંકેતાને કહેવામાં આવે છે. તે સાંભળીને બુધ-સમજુ (પ્રજ્ઞાવિશાળા) અને ત્યાર પછી વિચારશીલ ભવ્યપુરુષ (સુમતિ) પ્રતિબોધ પામે છે. આ સાંભળવાથી ભાગ્યશાળી પ્રાણીઓને સંસારથી વિરતિ થાય છે.

*******

## પ્રસ્તાવ : ૩

## સ્થાન તથા પાત્રપરિચય

### (૧) ક્રોધ અંગે

| | | |
|---|---|---|
| પદ્મ | : | રાજા |
| નંદા | : | રાણી |
| નંદિવર્ધન | : | રાજારાણીનો પુત્ર - સંસારી જીવ |
| બુદ્ધિસમુદ્ર | : | કળાચાર્ય |
| વિદુર | : | રાજસેવક |
| જિન મતજ્ઞ | : | નિમિત્તિઓ |
| વૈશ્વાનર | : | ધાવપુત્ર અંતંગ રાજ્યે નંદિવર્ધનનો અંતરંગ મિત્ર |

### અંતરંગનગર

(૧) સ્પર્શન પ્રબંધ

(૨) સ્પર્શન મૂળશુદ્ધિ (અંતરંગ)

(૩) ક્ષિતિપ્રતિષ્ઠાન બહિરંગ પાત્રો (બાહ્ય)

(૪) રૌદ્ર ચિત્તપુર હિંસા

(૫) શાર્દૂલપુર નગર બહિરંગ

હવે સંસારી જીવ નવી ગોળી લઈને જયસ્થળનગરમાં પદ્મરાજા અને નંદારાણીને ત્યાં પુત્ર તરીકે જન્મ લે છે. તેનું નામ તેનાં માતાપિતા નંદિવર્ધન પાડે છે. પુણ્યોદય તેનો સહચારી મિત્ર થાય છે. અસંવ્યવહારનગરમાંથી સંસારી જીવ બહાર નીકળ્યો ત્યારથી તેની સાથે

અંતરંગ અને બહિરંગ એમ બેવડો પરિવાર સાથે ચાલે છે. આ પ્રસ્તાવમાં અંતરંગ અને બાહ્ય પરિવારની પરસ્પર સમજણથી વાત કરવામાં આવી છે.

તીવ્ર મોહ અને તીવ્ર અજ્ઞાનતાના લીધે પોતાનો વાસ્તવિક પરિવાર ઢંકાઈ જાય છે. આગંતુક પરિવાર જ પોતાનો લાગે છે. આપણે હંમેશાં બાહ્ય રૂપનો વિચાર કરીએ છીએ પણ આંતરિક સુંદરતાનો વિચાર કરતા નથી.

આગંતુક પરિવારમાં ક્રોધ છે. અંતરંગ પરિવારના પુણ્યોદય વગર બાહ્ય પરિવાર કાર્યરત થતો નથી. દા.ત., આપણે વિચારીએ છીએ કે દીકરાએ કારોબાર સંભાળી લીધો છે. હું મુક્ત છું માટે અહીં શિબિરમાં આવું છું. પણ આ વિચાર ખોટો છે. પુણ્યોદયના બળે અહીં આવી શકાયું છે. પુણ્યોદય ના હોય તો દીકરો કહેશે કે મારે સખત કામ છે, બહાર જવું પડે એવું છે માટે તમારે જ દુકાને બેસવું પડશે. ક્રોધ (વૈશ્વાનર) આવે એટલે પુણ્યોદય સ્થિર થઈ જાય છે.

અંતરંગ પરિવારમાં અંદરનું વાસ્તવિક સ્વરૂપનું હાર્દ સમજવું અને બહિરંગ પરિવારમાં ઉપરની દષ્ટિથી દેખાતાં સગાં-સંબંધીઓ-કુટુંબીઓ સમજવાં. પદ્મરાજા અને નંદરાણી બહિરંગ પરિવાર સમજવો. વૈશ્વાનરનું સ્વરૂપ વિસ્તારથી આવશે... તેનો સમાવેશ અંતરંગ પરિવારમાં જ થાય છે.

જે દિવસે નંદિવર્ધનનો જન્મ થાય છે તે જ દિવસે અવિવેકિતા નામની ધાવમાતા પણ એક પુત્રને જન્મ આપે છે. તેનું નામ વૈશ્વાનર છે. અવિવેકિતા એટલે અવિવેક અર્થાત્ સદ્ગુણનો નાશ, વૈશ્વાનરનો મૂળ અર્થ અગ્નિ થાય છે. અહીં તે ક્રોધને બતાવે છે. વૈશ્વાનરને ક્રોધનું રૂપક સમજવું.

વૈશ્વાનર પુરુષની કલ્પના આ રીતે કરવામાં આવી છે. બે પગ (વાંકાચૂંકા) વેર અને કલહ

| | | |
|---|---|---|
| કેડ | : | પૈશુન્ય (ચાડી-ચુગલી) |
| પેટ | : | પરમર્મભેદન (પારકાની ખાનગી વાત ખુલ્લી પાડવાની ટેવ) |
| છાતી | : | અંતસ્તાપ – મન બળી જાય તેવી સ્થિતિ (પીડા) |
| હાથ (બે) | : | ઈર્ષ્યા અને મત્સર |
| ડોક | : | ક્રૂરતા |
| દાંત | : | અસભ્યભાષણ |
| કાન | : | ચંડિકા (ચાંડાલપણું – આકરી પરિસ્થિતિ) |
| નાક | : | તમસભાવ – ક્રૂર પ્રકૃતિ |
| આંખ | : | રૌદ્ર નૃશંસત્વ |
| માથું | : | અનાર્ય આચરણ (અધમ પુરુષને છાજે તેવું વર્તન) |
| બે જાંઘ | : | ઈર્ષા અને સ્તેય (ચોરી) |

આ વૈશ્વાનર, જેમ અગ્નિ બધાને બાળે તે રીતે ક્રોધ બધાને બાળે છે ક્રોધ પ્રગટે છે અવિવેકથી. પુણ્ય હોય ત્યાં ક્રોધ ના રહી શકે અને જ્યાં ક્રોધ હોય ત્યાં પુણ્ય ના રહી શકે. નંદિવર્ધન જેમ જેમ મોટો થતો જાય છે તેમ તેમ વૈશ્વાનર સાથે ગાઢ મૈત્રી થતી જાય છે. નંદિવર્ધન માનવા માંડે છે કે મારી મહત્તા વૈશ્વાનરને આભારી છે. એટલે તે બધા પર ક્રોધ કરે છે. પુણ્યોદય વિચારે છે કે અત્યારે નંદિવર્ધન પર વૈશ્વાનરનો એટલો પ્રબળ પ્રભાવ છે કે હું તેને સમજાવીશ

કે આ ખોટું છે તોપણ તે સમજશે નહિ. અને હાથીના ભવમાં કરેલા પુણ્યને લીધે મારે તેને છોડી દેવો યોગ્ય નથી. આમ વિચારી તે સુષુપ્ત અવસ્થામાં જતો રહે છે.

આનો અર્થ અહી એવો થાય છે કે જ્યારે ખરાબ કર્મોનો ઉદય થાય ત્યારે જીવકર્મો જ બાંધે છે. નંદિવર્ધન આઠ વર્ષનો થાય છે ત્યારે તેને કળાસાગર નામના આચાર્યને ત્યાં કળાઓ શીખવા મૂકે છે. બાલ્યકાળ કોઈ પણ પ્રકારના વ્યવહારની ચિંતાથી રહિત હોવાથી, પુણ્યોદયના સાથના લીધે અને 'ક્ષયોપશમ' ઉત્કટ હોવાથી બધી વિદ્યાઓ ઝડપથી શીખી જાય છે. પણ ત્યાં બધા પર ક્રોધ કરતો હોવાથી ગુરુ અને શિષ્યોથી દૂર થતો જાય છે. ત્યારે નંદિવર્ધનને લાગે છે કે તેનો પ્રભાવ વધી રહ્યો છે અને તેનું કારણ તે વૈશ્વાનરને સમજી રહ્યો છે અને તેનો આભાર માન્યા કરે છે. ગુરુ વિચારે છે કે એને અત્યારે કશું કહેવાનો અર્થ નથી. વૈશ્વાનર નંદિવર્ધનના આભાર માનવાથી એક વાત કહે છે કે તેની પાસે ઔષધ છે જે નંદિવર્ધન તેની પાસે રાખશે અને જ્યારે જરૂર પડે ત્યારે ખાશે તો હંમેશા તેની જ જીત થશે. તે ઔષધનું નામ ક્રૂર ચિત્તવડાં છે. વૈશ્વાનર વિચારે છે કે નંદિવર્ધનની ક્રૂરતા વધતી જશે અને સાતમી નરકે જશે ત્યાં સુધી મારે રાજકુમાર સાથે આરામથી રહેવાશે. બધાં જ સુખ અને ભોગ ભોગવાશે.

આ બાજુ તેના પિતા પદ્મરાજા તેમના વિદુર નામના વફાદાર સેવકને કુમારના અભ્યાસ સબંધી ખબર લાવવા મોકલે છે. વિદુર તો કુમારનો ધમધમાટ જોઈને આભો જ બની જાય છે અને રાજાને બધી વાત કરે છે. રાજા કળાચાર્યને બોલાવે છે. રાજાને કહે છે કે કુમાર સર્વ વિદ્યામાં પારંગત થઈ ગયો છે. પરંતુ કલંકથી જેમ ચંદ્રમા, કાંટાથી જેમ કમળ દૂષિત થઈ જાય છે તેમ નંદિવર્ધનનું

સર્વ સુંદર સ્વરૂપ વૈશ્વાનર નામના મિત્રની સોબતથી દૂષિત થઈ ગયું છે. રાજા તેનો ઉપાય પૂછે છે. કળાચાર્ય જિનમતજ્ઞ નામના એક નિમિત્તકની સલાહ લેવા સૂચવે છે.(નિમિત્તો પરથી ભવિષ્ય કહેનાર)

વિદુર નિમિત્તકને બોલાવી લાવે છે. રાજા પોતાના પુત્ર નંદિવર્ધનની બધી જ વાત કરીને ઉપાય પૂછે છે. નિમિત્તક એક ઇલાજ બતાવે છે પણ તે ઘણો મુશ્કેલ છે તેમ કહે છે. ચિત્તસૌંદર્ય નામના અતિપવિત્ર નગરમાં એક બહુ ભલો શુભપરિણામ નામે રાજા રહે છે. તેને અતિ પવિત્ર નિષ્પ્રપંકતા નામની રાણી છે. તેમને ક્ષાંતિ નામની એક દીકરી છે. તેની સાથે જો નંદિવર્ધનનાં લગ્ન થાય તો વૈશ્વાનરનો સંગ છૂટી જાય. રાજા ત્યાં કહેણ મોકલવાનું વિચારે છે ત્યારે નિમિત્તક કહે છે કે તે અંતરંગ નગર છે જ્યાં આપણો પ્રવેશ શક્ય નથી. ત્યાંના ઉપરી કર્મપરિણામ અને પત્નીઓ કાળ તથા પરિણતિ તેમજ બહેન લોકસ્થિતિનું જ વર્ચસ્વ ચાલે છે. જ્યારે તેઓ પ્રસન્ન થશે અને ક્ષાંતિ કન્યાને પરણાવશે ત્યારે જ નંદિવર્ધનનો ઉદ્ધાર થશે.

ચિત્તસૌંદર્યનગરનો અર્થ સુંદર મનના શુભ વિચારો તેમ સમજવું. ચિત્તનું સૌદર્ય એટલે ચિત્તની વૃત્તિઓ પર વિજય મેળવવો જરૂરી છે. ક્ષાંતિ એટલે ધૈર્ય, સહનશક્તિ અને ક્ષમાપના. ગુણોની ઉત્પત્તિનું સ્થાન ક્ષાંતિ છે. ચિત્તસૌંદર્યનગરમાં રહેનાર પુણ્યશાળી જીવોને રાગાદિ (રાગદ્વેષ) કોઈ પણ પ્રકારની પીડા ઉપજાવી શકતા નથી. તે નગરના લોકોને ક્ષુધા (ભૂખ), તૃષા (તરસ) વગેરે કોઈ પણ પ્રકારની અસર કરી શકતા નથી. તેથી આ નગરને 'સર્વગુણોનું નિવાસસ્થાન' છે તેમ કહ્યું છે. ચિત્તસૌંદર્યનગરમાં રહેનાર ભાગ્યશાળીને ઉત્તરોત્તર સારા સુખની શ્રેણી મળતી જાય છે અને સુખ પ્રાપ્ત થયું હોય તેમાં કદી પણ અધ:પાત થતો નથી. તેથી આ નગરમાં પુણ્યશાળી જીવો જ વસે છે, મંદભાગી જીવો માટે તેની પ્રાપ્તિ દુર્લભ છે.

આ નગરનો રાજા શુભપરિણામ, ત્યાં રહેનારા સર્વ લોકોના ચિત્તમાં થતા સર્વ પ્રકારના સંતાપોને દૂર કરનારો છે. અર્થાત્ રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, લોભ, મદ, ભ્રમ, કામ, ઈર્ષ્યા, શોક, દીનતા વગેરે જે દુઃખ આપનાર ભાવો છે તેને જડમૂળથી ઉખેડી નાખનારો છે. અને જ્ઞાન, વૈરાગ્ય, સંતોષ, દાન તે સર્વગુણોનું પરિપાલન કરવાને સર્વદા તૈયાર રહે છે. તે મહારાજાનો કોશ બુદ્ધિ, ધીરજ, સ્મૃતિ, સંવેગ વગેરે ગુણરત્નોથી ભરપૂર છે.

આ મહારાજાને નિષ્પ્રકંપતા નામની રાણી છે. નિષ્પ્રકંપતાનો અર્થ થાય છે મેરુની જેમ સ્થિર રહેનાર. તે સર્વ કળાઓમાં કુશળ છે. આ રાજા અને રાણીને ક્ષાંતિ નામની દીકરી છે. તેનો અર્થ આપણે પહેલા જોયો. ક્ષાંતિ એ જ મોટું દાન છે, તપ છે, જ્ઞાન છે. ક્ષાંતિને જ ધૈર્ય કહેવામાં આવે છે, ક્ષાંતિ જ પરબ્રહ્મ છે, ક્ષાંતિ જ પરમ સત્ય છે. જે પ્રાણીના ચિત્ત પર આ કન્યા હોંશથી ચઢે છે તે પ્રાણીનું નસીબ ફરી જાય છે અને તે પણ આ સ્ત્રી જેવો સુંદર બની જાય છે.

પદ્મરાજાને નિમિત્તક કહે છે, નગર, રાજ, ભાર્યા, પુત્ર, મિત્ર વગેરે બે પ્રકારના છેઃ અંતરંગ અને બહિરંગ. આમાં બહિરંગમાં જઈ-આવી શકાય છે પણ અંતરંગ વસ્તુઓના સંબંધમાં તેમ બનતું નથી. માટે ત્યાં દૂતને માંગું લઈને મોકલવો યોગ્ય નથી. પદ્મરાજા નિરાશ થાય છે. અને પોતાનું મોટું દુર્ભાગ્ય માને છે. કુમારના પાપી મિત્રને લીધે તેને દૂર ખસેડવામાં ન આવે તો હાલ તો કશું શક્ય લાગતું નથી. નિમિત્તક કહે છે કે આ બાબતમાં શોક કરવો નકામો છે, પણ નિરાલંબનપણું આદરીને બેસી રહો તે પણ યોગ્ય નથી. જિનમતજ્ઞ નિમિત્તક રાજાને સમજાવે છે કે કુમારનો એક પુણ્યોદય નામનો મિત્ર છે તે ગુપ્ત રીતે રહે છે. પેલો પાપી વૈશ્વાનર કુમારને ગમે તેટલા અનર્થો કરશે પણ પુણ્યોદય લાભનું કારણ બને તેમ કરશે. આટલું સાંભળી સંસારીજીવ નંદિવર્ધનના પિતા પદ્મરાજાને શાતા વળે છે.

એટલામાં નોબત વાગે છે એટલે સમય જણાવનાર કાળનિવેદક કહે છે કે, આ દુનિયામાં તેજની વૃદ્ધિ ક્રોધ કરવાથી થતી નથી, પણ મધ્યસ્થ ભાવથી થાય છે. એમ સંદેશ આપતો સૂર્ય મધ્યસ્થપણાને પામ્યો છે. આ એક સુંદર નાનકડું રૂપક છે. અર્થ થાય છે સવાર કરતાં બપોરે સૂર્યના તેજમાં વધારો થાય છે તેનું કારણ તેનો મધ્યસ્થ ભાવ – તટસ્થ ભાવ છે. તે ભાવ રાખવાથી તેજ વધે છે, નહિ કે ક્રોધ કરવાથી.

રાજા કુમારને સુધારવા બનતો પ્રયત્ન કરે છે અને વિદુરને દરરોજ ત્યાં જઈ પોતાને અહેવાલ આપવાનું કહે છે. એક દિવસ વિદુર જતો નથી. પછી જ્યારે જાય છે ત્યારે કુમાર (સંસારીજીવ નંદિવર્ધન) તેને ન આવવાનું કારણ પૂછે છે. ત્યારે વિદૂર તેને ઘણી લાંબી વાર્તા કહે છે અને સંસારીજીવ સાંભળે છે. આ વાત લાંબી છે તેને સ્પર્શન કથાનક કહેવામાં આવ્યું છે. તેમાં સ્પર્શેન્દ્રિયને વશ થવાથી કેવા ભયંકર પરિણામ થાય છે તે બતાવવા આ કથા કહેવામાં આવી છે. વિદુર આ વાત નંદિવર્ધનને કહે છે અને નંદિવર્ધન (સંસારીજીવ) સદાગમ સમક્ષ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને કહે છે.

એક ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગર હતું. આ નગરમાં કર્મવિલાસ નામનો રાજા હતો. કર્મવિલાસ એટલે કર્મ પ્રમાણે ભોગ આપનારો. તેની બે રાણીઓ શુભસુંદરી અને અકુશળમાળાને અનુક્રમે મનીષી અને બાળ નામના પુત્ર થયા હતા. નામ પ્રમાણે શુભસુંદરી એટલે શુભનો પુત્ર મનીષી અર્થાત્ જ્ઞાની. અકુશળમાળા એટલે અશુભનો પુત્ર બાળ અને બાળક બુદ્ધિ. સારાનરસાનો ભેદ ન કરી શકે. વિવેકબુદ્ધિ જાગ્રત ના હોય પરંતુ ધીમે ધીમે જાગ્રત થઈ શકે તેને બાળ બુદ્ધિ કહેવાય. મનીષી એટલે વિવેકપણું અને બાળ એટલે અવિવેકપણું. બંને ભાઈઓ મોટા થાય છે. સ્વદેહ નામના બગીચામાં બંને ભાઈઓ એક દિવસ રમતા હતા ત્યાં કોઈ પુરુષ ફાંસીએ લટકવાની તૈયારીમાં દેખાયો. બાળે દોડીને દોરડું કાપી નાંખ્યું અને આપઘાતનું કારણ પૂછયું ત્યારે આ માણસ બાળ સમક્ષ તેની કથની કહે છે.

આ માણસ જણાવે છે કે તેનું નામ સ્પર્શન છે. તેને એક ભવ્યજંતુ નામનો મિત્ર હતો જે તેના પર બહુ પ્રીતિ રાખતો હતો, અને પોતે કહે તેમ જ કરતો હતો. પણ સદાગમ નામના એક માણસે તેને બહેકાવ્યો. પછી ભવ્યજંતુએ તેનો પરિચય ઓછો કર્યો અને આખરે તદ્દન તેનો સંગ છોડી દઈને નિવૃત્તિનગર એ ચાલ્યો ગયો એટલે તેનો વિરહ થવાથી પોતે આપઘાત કરે છે. બાળ સ્પર્શનને દિલાસો આપે છે કે પોતે તેની સાથે મિત્રતા કરશે. સ્પર્શન તૈયાર થઈ જાય છે. પરંતુ મનીષીને તેના પર વિશ્વાસ બેસતો નથી. તે વિચારમાં પડી જાય છે. પણ લોકરૂઢિ ખાતર તેના પર પ્રેમ દેખાડે છે અને ત્રણે જણ નગરમાં પાછા ફરે છે.

તેઓ જયારે રાજભવનમાં દાખલ થાય છે ત્યારે રાજસભામાં કર્મવિલાસ રાજા અને કાળપરિણતિ રાણીને જુએ છે. રાજબાળકો તેમનાં માતાપિતાને વંદન કરે છે અને સ્પર્શન સાથે ઓળખાણ કરાવે છે. આ જોઈને કર્મવિલાસ રાજા બહુ રાજી થાય છે. તેને સ્પર્શનનો પરિચય છે. તે જાણે છે કે સ્પર્શન સંસાર – કર્મ – વ્યાધિને વધારનાર છે.

(આ અંતરંગ સભા સમજવી. બહિરંગ પ્રદેશમાં રાજા શત્રુમર્દન અને રાણી મદનકંદળી છે. તે આ કથામાં આગળ આવશે. અંતર પ્રદેશના રાજા કર્મવિલાસનો ખુલાસો આગળ થશે.)

સ્પર્શનની મૈત્રીથી અકુળશમાળા રાજી થાય છે કે દીકરાને એક મિત્ર તો મળ્યો. પરંતુ શુભસુંદરી ચિંતામાં પડી જાય છે કે આ તો દુરાત્મા અને પાપી છે. પણ મારો પુત્ર મનીષી તેની વાતમાં આવી જાય તેમ લાગતું નથી.

મનીષીને તે સ્પર્શન વિશ્વાસ મૂકવાલાયક લાગતો નથી. તે પોતાના બોધ નામના અંગરક્ષકને ખાનગીમાં તપાસ કરવાનું કહે છે.

બોધ પોતાના ગુપ્તચર પ્રભાવને આ કામ સોંપે છે. બોધનો અર્થ ઉપદેશ છે. તેની પાસેથી વિવેચકબુદ્ધિથી સવાલ થાય ત્યારે તેનામાં પ્રભાવશક્તિ હોય તો તે સર્વ બાબતની શોધ કરી લાવે છે.

પ્રભાવ પહેલા તો બાહ્ય જગતમાં સ્પર્શનની ખૂબ તપાસ કરવા છતાં પણ મળતો નથી. પછી તે અંતરંગ વિશ્વમાં તપાસ કરે છે અને બોધને અહેવાલ આપે છે.

અંતરંગમાં રાજસચિત્ત નગરમાં રાગકેસરી રાજા રાજ્ય કરે છે. તેને વિષયાભિલાષ નામનો અમાત્ય છે. રાગકેસરીને આખી દુનિયા પર વિજય મેળવવાની ઇચ્છા થઈ છે. તેથી મંત્રીએ સ્પર્શન સહિત પાંચ પુત્રોને બધે મોકલી આપ્યા છે. તેઓને વિજય મળ્યો પણ માર્ગમાં સંતોષ નામનો દુશ્મન મળે છે, જે કેટલાકને નિર્વૃત્તનગરીમાં મોકલી આપે છે. રાગકેસરીને ખબર પડતાં તે પણ લડવા નીકળ્યો છે. તેની સાથે તેના વૃદ્ધ પિતા મહામોહ પણ છે.

બોધ આ અહેવાલ મનીષીને આપે છે. આ વાતનું પારખું કરવા તે સ્પર્શનને પૂછે છે કે ભવ્ય જંતુ સાથે કોણ હતું ? સ્પર્શન અચકાતાં જવાબ આપે છે કે સંતોષ હતો. ત્યારથી મનીષી મનમાં નિર્ણય કરે છે કે સ્પર્શનનો વિશેષ પરિચય સારો નથી. તેથી તે દૂર રહેવા માંડ્યો પણ ભાઈ તેના પર વધારે ને વધારે આસક્ત થતો ગયો. વળી તેની માતા અકુશળમાળાએ પણ મૈત્રી વધારવાની સંમતિ આપી. જ્યારે વિચક્ષણ શુભસુંદરીએ મનીષીને સાવધ રહેવાની સલાહ આપી.

કર્મવિલાસ રાજાને ત્રીજી સામાન્યરૂપા નામની રાણી હતી. તેનો પુત્ર મધ્યમબુદ્ધિ પરદેશ ગયો હતો. તે પાછો આવ્યો એટલે સ્પર્શને તેના ઉપર જાળ પાથરવા માંડી. મનીષીએ તેને ચેતવ્યો એટલે તેણે તેની માતા સામાન્યરૂપાને પૂછયું સામાન્યારૂપા એક નાનકડી કથા દ્વારા સમજાવે છે કે આવી વિચક્ષણ બાબતમાં સમય પસાર થવા દેવો સારો.

એક નગરમાં ઋજુ (સરળ) રાજા અને પ્રગુણ (સદ્ગુણા) રાણી હતાં. તેમને મુગ્ધકુમાર નામનો પુત્ર અને અકુટિલા નામની તેની પત્ની હતી. બંને જણ એક વાર બગીચામાં ક્રીડા કરવા જાય છે. બંને જુદી જુદી દિશાઓમાં ફૂલ વીણવા જાય છે. તે સમયે આકાશમાં કાળજ્ઞ અને વિચક્ષણા નામના વ્યંતર અને વ્યંતરી આવ્યાં. તેમને અનુક્રમે અકુટિલા ને મુગ્ધકુમાર પર રાગ થયો. પરસ્પર હકીકત છુપાવી બહાનું કાઢી છૂટા પડ્યા. કાળજ્ઞે મુગ્ધકુમારનું અને વિચક્ષણાએ કુટિલાનું રૂપ લીધું. હવે બન્યું એવું કે લતામંડપમાં કોક ઠેકાણે બંને ભેગાં થઈ ગયાં. મુગ્ધકુમારને થયું કે દેવકૃપાથી પોતે અને ભાર્યા બંને જોડલાં થઈ ગયાં છે. તેઓ પિતા પાસે ગયાં અને બધી વાત કરી. સૌને આશ્ચર્ય થયું. કાળજ્ઞને પોતાની સ્ત્રીની બેવફાઈ જોઈને ગુસ્સો આવ્યો પણ પોતાનો પણ વાંક હોવાથી મૌન રહ્યો. વિચક્ષણાને પણ દુઃખ થયું પણ મનને સમજાવીને ત્યાં જ રહી.

નગર બહાર પ્રતિબોધક નામના આચાર્ય પધાર્યા. ઋજુ રાજા આખા પરિવાર સાથે વંદન કરવા જાય છે. આચાર્ય મોક્ષસુખ પર દેશના આપે છે. તે વખતે કાળજ્ઞ અને વિચક્ષણાને ખૂબ દુઃખ થાય છે. તેમને ખૂબ પસ્તાવો થયો એટલે તેમના શરીરમાંથી એક કદરૂપી સ્ત્રી બહાર નીકળીને દૂર જઈને બેસે છે.

આચાર્ય ભગવંતે એના કારણ રૂપે પેલી કદરૂપી સ્ત્રી જેનું નામ ભોગતૃષ્ણા હતું તેને ઓળખાવી તેનું સવિસ્તર વર્ણન કર્યું. તે સ્ત્રી જ સર્વ પાપનું મૂળ છે. તેના પાસમાંથી છૂટવા આચાર્ય સમ્યગ્રદર્શનરૂપ મુદ્ગરનો ઉપયોગ કરવા સૂચવ્યું.

તેઓ આચાર્ય પાસે બેઠા હતા ત્યારે એક સુંદર શ્વેત વર્ણનું બાળક નીકળ્યું. તેનાથી મન પ્રફુલ્લિત થાય તેવું બાળક હતું. તે બધાંથી આગળ જઈને ભગવાન સામે બેસી ગયું. એ બાળકની પાછળ બીજું બાળક આવીને બેસી ગયું તે શ્યામ વર્ણનું અને બેડોળ હતું.

તેને જોવાથી ઉદ્વેગ થાય તેવું તે બાળક હતું. તેનામાંથી જ તેના જેવું જ ખરાબ અને બેડોળ બાળક બહાર નીકળ્યું. બહાર નીકળતાંની સાથે જ તે મોટું ને મોટું થવા માંડ્યું. એને વધતું જોઈને શ્વેત બાળક હતું તેણે જોરથી લાત મારીને પેલા વધતા બાળકને અટકાવી દીધું. અને તેને અસલ સ્વરૂપમાં લાવી દીધું.

આમ બન્યું એટલે પેલાં બે કાળા વર્ણનાં બાળકો ભગવાનના સભાસ્થાનમાંથી ઊઠીને બહાર ચાલ્યા ગયાં. આચાર્ય ભગવંતે ઋજુરાજા તેમજ અન્ય સૌને સંબોધીને કહ્યું કે તમારો પોતાનો આમાં કોઈ દોષ નથી. તમે તે સર્વ સ્વરૂપથી નિર્મળ છો. તેનો અર્થ આપણો આત્મા કરવો. ત્યારે રાજા આ ઘાતને વિગતે સમજાવવા માટે આચાર્યને વિનંતી કરે છે. આચાર્ય જણાવે છે કે પ્રથમ સુંદર બાળક આર્જવ હતું, બીજું બાળક અજ્ઞાન હતું અને ત્રીજું બાળક પાપ હતું.

આર્જવ એટલે સરળતા, માયાનો ત્યાગ. આર્જવ પ્રાણીઓના આશયને અત્યંત શુદ્ધ કરનાર હોવાથી તેઓના વધી જતા પાપોને અટકાવી શકે છે.

અજ્ઞાન સર્વદોષોનું કારણ છે. જયાં સુધી પ્રાણીઓ શું કરવાયોગ્ય છે અને શું નહી કરવાયોગ્ય છે તે સમજી શકતા નથી. તેઓ અનેક અશુભ કર્મોનાં કારણે ભટક્યા કરે છે.

અજ્ઞાન પાપને જન્મ આપે છે. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ – એ પાંચ અને અશ્રદ્ધા, ક્રોધ,માન, માયા, અને લોભ – એ સર્વ પાપનાં કારણો છે. મોક્ષની ઇચ્છા રાખનારે પાપકર્મો આચરવાં જોઈએ નહીં.

આચાર્ય મહારાજનું આવું અમૃત જેવું વ્યાખ્યાન સાંભળીને તે સર્વ પ્રાણીઓનાં ચિત્ત નિર્મળ થયાં. ઋજુરાજા, પ્રગુણારાણી, મુગ્ધકુમાર અને અકુટિલાએ દીક્ષા લીધી. વ્યંતર અને તેની સ્ત્રી ધર્મબોધ પામી

પોતાના સ્થાને જવા નીકળ્યાં અને અરસપરસ ખુલાસાથી પ્રેમથી રહેવા માંડ્યાં. કાળવિલંબથી ખૂબ જ લાભ થયો. છેવટે સમ્યકત્વ આદર્યું. ઉતાવળમાં કંઈ કરી બેઠા હોત તો કંઈ પામત નહીં.

આ વાત કહીને સામાન્યરૂપા પોતાના મધ્યમબુધ્ધિ પુત્રને કહે છે કે જે બાબતમાં સમજણ ના પાડે તેમાં થોડો સમય જવા દેવો. આવી રીતે મધ્યમબુધ્ધિ ત્યાગ અને સ્નેહ વચ્ચે અટવાતાં અટવાતાં સમય પસાર કરે છે.

આગળ વધતી કથામાં બાળનું જીવન સ્પર્શન સાથેની મૈત્રી અને અકુશળમાળા માતાના કહેવાથી પાપ તરફ ધકેલાતો જાય છે. તે હલકી સ્ત્રીને પણ ભોગવે છે, અને વિવેકભ્રષ્ટ થાય છે. મધ્યમબુધ્ધિ તેને વારવા (રોકવા) તેની સાથે રહે છે, પણ તેની અસર તેને થતી નથી. બહિરંગ પરિવારના શત્રુમર્દન રાજાની મદનકંદળી નામની અતિ સૌંદર્યવાન રાણી પર તે મોહાંધ થઈ જાય છે. તે રાજાના મહેલ તરફ જાય છે અને ખૂબ દુ:ખ, ત્રાસ, પીડા પામે છે. તે લોહી, માંસ વગરનો શુષ્ક અને નિર્બળ થઈ જાય છે. કારણ કે એ રાજા સાત દિવસ સુધી તેના લોહી અને માંસથી હવન કરે છે. મધ્યમબુધ્ધિ તેને કાંધે નાંખીને ઘેર આવે છે અને બધી વિગત વિસ્તારથી કહે છે. મનીષી લોકાચાર મુજબ બાળ પાસે આવે છે અને સ્પર્શનનો સંગાથ છોડી દેવાનું કહે છે. પણ બાળ માનતો નથી. મધ્યમબુધ્ધિ પછી વિચારે છે કે સ્પર્શનના સંગથી બાળની કેટલી અધમ દશા થઈ છે. તે બાળનો સંગ તજી દેવાનો નિર્ણય કરે છે.

આગલું દુ:ખ બાળ ભૂલી જાય છે અને મદનકંદળીના જ વાસભુવનમાં દાખલ થઈ જાય છે. તેની શૈય્યા પર સૂઈ જાય છે. રાજા જ્યારે જુએ છે ત્યારે ક્રોધે ભરાય છે અને તેના સેવકને સોંપે છે. સેવક આખી રાત ખૂબ ત્રાસ આખી રાત આપે છે. તેના આક્રંદથી લોકો ભેગા થઈ જાય છે. રાજા બાળને ફાંસીએ ચડાવવાનો હુકમ

કરે છે. ગધેડે બેસાડી નગરમાં ફેરવી ફાંસીએ લટકાવે છે. દૈવયોગે દોરડું તૂટી જાય છે. બાળ લપાતો છુપાતો ઘેર આવે છે. મધ્યમબુદ્ધિ દયાથી તેને આશ્રય આપે છે પણ તેનો પરિચય છોડી દે છે.

(ચાર પ્રકારના પુરુષો) : તે સમયે નગરની બહાર પ્રબોધન નામના આચાર્ય પધારે છે. ત્રણે ભાઈઓ મંનીષી, મધ્યમબુદ્ધિ અને બાળ આવીને આચાર્ય સમક્ષ બેસે છે. શત્રુમર્દન રાજા તેમના સુબુદ્ધિ મંત્રી અને મદનકંદળી રાણી સાથે ત્યાં વંદન કરવા આવે છે. આચાર્યશ્રીએ કર્મબંધનાં કારણો અને નિર્વાણ પર વિવેચન કર્યું. સામાન્ય ધર્મદેશના પછી આચાર્યશ્રી ધર્મઆચરણ અને સુખનો સંબંધ બતાવે છે. ધર્મારાધનને અંગે ઇન્દ્રિયો પર વિજયનું મહત્ત્વ બતાવ્યું અને ઇન્દ્રિયનું સ્વરૂપ બતાવતાં તેનું દુર્જયપણું બતાવ્યું. ઉત્તમોત્તમ જીવ ઇન્દ્રિયસંગ ત્યાગીને સંતોષની સાથે સંબંધ બાંધે છે, દીક્ષા લે છે અને નિર્વૃત્તિનગરી તરફ જાય છે. આવા જીવો બહુ જ થોડા હોય છે. મનીષી સમજી ગયો કે તે આ કક્ષામાં મૂકવા યોગ્ય ભવ્યજંતુ છે. અને જે ઇન્દ્રિયનું વર્ણન કર્યું તે સ્પર્શન છે. મધ્યમબુદ્ધિને તેણે આ અર્થ સમજાવી દીધો. બાળ તો આચાર્યની વાત સાંભળતો પણ નહોતો. તે તો મદનકંદળીને રાગદૃષ્ટિથી જોઈ રહ્યો હતો. બીજા વિભાગમાં ઉત્તમ પુરુષો હોય છે. તેઓ સ્પર્શેન્દ્રિયથી ચેતતા રહે છે. તેની જાળમાં ફસાતા નથી. આ વિભાગનું વર્ણન મનીષીને મળતું આવ્યું. ત્રીજા વિભાગનાં પ્રાણીઓને આચાર્યશ્રીએ મધ્યમ કહ્યાં. તેવા પ્રાણીઓ કાળક્ષેપ કરે છે, મોટાં પાપ કરતાં નથી અને સંદેહમાં રહે છે. વળી કોઈ સત્ય શિખામણ આપે છે ત્યારે ચોંકે છે. હલકાની સોબત કરે છે તેથી સુખદુ:ખ પામ્યા કરે છે. પ્રસંગ મળતાં તેઓ ઠેકાણે પણ આવે છે. મધ્યમબુદ્ધિને લાગ્યું કે આ વર્ણન પોતાને લાગુ પડે છે. ચોથા જઘન્ય પ્રકારના પુરુષો તે ઇન્દ્રિયના તાબે રહે છે, સર્વ પ્રકારનાં પાપો કરે છે, ઉપદેશ આપનાર તરફ કાન પણ માંડતા નથી, સંસારમાં ઊંડા ઊતરતા જાય છે. આવો પ્રાણી બાળ છે એમ સમજવામાં આવ્યું.

મનીષી દીક્ષા લેવા તૈયાર થઈ ગયો. મધ્યમબુદ્ધિ તેની રીતે પ્રમાણે કાળક્ષેપ કરતો રહ્યો અને ગૃહસ્થધર્મ આદરવાના વિચારવાળો થયો. બાળ તો ઉપદેશ સાંભળતો જ નહોતો. મદનકંદળી સામું જ જોતો હતો. સ્પર્શનની અસર તળે આવી બાળે મદનકંદળી પર ધસારો કર્યો. રાજાનો અવાજ સાંભળીને તે પાછો હઠયો એટલે સ્પર્શન બહાર નીકળી ગયો, રાજાને દયા આવી, આચાર્યએ જણાવ્યું કે સ્પર્શન અને અકુશળમાળાએ બાળની આ દશા કરી હતી. કેટલાક કર્મો એવાં આકરા હોય છે કે જે મહાત્મા પુરુષોની હાજરી છતાં પણ દબાઈ જતાં નથી. બાળનું શું થશે ? તેના જવાબમાં આચાર્ય કહે છે, 'અહીંથી નાસીને સરોવર પાસે જશે. ચાંડાળ સ્ત્રી પર બળાત્કાર કરશે, ચંડાળ તેને બાણથી વીંધશે અને મરીને નરકમાં જઈ ત્યાં અને પછી બીજી ગતિઓમાં મહાદુ:ખ પામશે.'

રાજા આચાર્યને પૂછે છે કે આ સ્પર્શન અને અકુશળમાળાની શક્તિ ફક્ત બાળ ઉપર જ ચાલે કે બીજાં પ્રાણીઓ પર ચાલતી હશે ? આચાર્યએ કહ્યું તેમની શક્તિ બધાં જ પ્રાણીઓ પર ચાલે છે. રાજા બંને જણને દેહાંતદંડ આપવાનું કહે છે. ત્યારે આચાર્યશ્રી કહે છે કે તે બંને અંતરંગ નગરના રહેવાસી છે. તેમની ઉપર તમારો હુકમ ચાલતો નથી. રાજા તેમના નાશનો ઉપાય પૂછે છે. આચાર્યશ્રી અપ્રમાદ યંત્રનું વિસ્તારથી વર્ણન કરે છે. અપ્રમાદ યંત્ર એટલે ભાવદીક્ષા. મનીષી સાથે રાજા, રાણી અને મંત્રી પણ દીક્ષા લે છે. મનીષી તે જ ભવમાં મોક્ષે જાય છે. અન્ય દેવલોકમાં જાય છે.

અહીં સ્પર્શન કથાનક પૂરું થાય છે. કુસંગથી થતા ગેરફાયદા બતાવવા માટે વિદુરે કુમાર નંદિવર્ધન પર અસર કરવા આ સ્પર્શન કથા કહી. કથા સાંભળી કુમારે વિદુરને કહ્યું કે વાત બોધવાળી હતી. પેલા બાળે પાપી સ્પર્શન સાથે દોસ્તી કરી તો તેને આ ભવ અને પરભવમાં દુ:ખો ભોગવવાં પડ્યા. કુમારને નરમ જોઈ વિદુર નમ્ર ભાવે

કહે છે કે આપ પણ ખરાબ સોબતમાં ના પડશો. નંદિવર્ધન કહે છે કે હું થોડો બાળ છું ? તેથી વિદુર હિંમત કરે છે અને તેના કાનમાં કહે છે કે વૈશ્વાનર આપને અનર્થ ના કરાવે તેનું ધ્યાન રાખશો. વૈશ્વાનર સાંભળી જાય છે અને એક ક્રૂરચિત્તવડું ખવડાવી દે છે. કુમાર તો ગુસ્સામાં લાલચોળ થઈને વિદુરને એક તમાચો લગાવી દે છે અને પાટિયું મારવા જાય છે. વિદુર ત્યાંથી ભાગે છે અને પદ્મરાજાને વાત કરે છે. રાજા દુઃખી થાય છે અને હવે આ બાબતમાં મૌન રાખવાનું નક્કી કરે છે.

હવે નંદિવર્ધન (સંસારીજીવ) યુવાન થાય છે. પિતા તેને જુદું વાસભુવન આપે છે. એક દિવસ તેના મામાનો દીકરો કનકશેખર આવે છે. તેને કુમારના વાસભુવનમાં ઉતારો આપવામાં આવે છે. બંને જણને સારી મિત્રતા થાય છે. એક દિવસ નંદિવર્ધન કનકશેખરને આવવાનું કારણ પૂછે છે.

કનકશેખર તેની વાત આ પ્રમાણે કરે છે :

એક દિવસ દત્ત નામના જૈન સાધુ મારા નગર બહાર આવ્યા. તેમણે ધર્મનો સાર અહિંસા, ધ્યાનયોગ, રાગાદિ પર અંકુશ અને સાધર્મિક પ્રેમ – એમ ચાર વાતોમાં સમજાવ્યો. મને સાધર્મિક પર પ્રેમની વાત બહુ ગમી એટલે પિતાને જણાવી. સાધર્મિક ઉપરથી અને જૈનો ઉપરથી કર કઢાવી નાખ્યો. પણ દુર્મુખ નામના ખટપટી કારભારીએ કર લેવા માંડ્યો પણ તપાસ કરતા માલૂમ પડ્યું કે પિતાજીની સંમતિ હતી. એટલે મને ખેદ થયો અને હું અહીં ચાલી આવ્યો.

ઉપરની વાતને દસ દિવસ થયા હતા ત્યાં તો કનકશેખરને તેડવા તેના પિતાના માણસો આવ્યા. કનકશેખરના ગયા પછી માતાપિતાને ઘણું દુઃખ થયું અને વિવાહ માટે કહેણ આવ્યું. નંદિવર્ધનને પણ સાથે રત્નાવતીનું પાણિગ્રહણ કરવા મોકલવા વિનંતી કરી.

નંદિવર્ધન સાથે પુણ્યોદય અને વૈશ્વાનર પણ ગયા. પછી નંદિવર્ધન કહે છે કે મારા મિત્ર વૈશ્વાનરની માતા અવિવેકિતા પોતાનું તામસચિત્ત નગર છોડી રૌદ્રચિત્તપુર થોડા વખત માટે આવી હતી. તેણે મારું લગ્ન દુષ્ટાભિસંધિ નામના રાજા અને નિષ્કરુણતા નામની રાણીની પુત્રી હિંસાદેવી સાથે રસ્તામાં કરાવી દીધું. જેટલો બોજો ઊંટની પીઠ પર નંખાય તેટલો નાંખે... પછી વધે તો તેને ગળે લટકાવી દેવામાં આવે. વૈશ્વાનરે પણ આ જ રસ્તો લઈ કુમારના ગળે હિંસાદેવી વળગાડી તેવો ભાવાર્થ થાય છે.

નંદિવર્ધન અને કનકશેખર આગળ ચાલ્યા. રસ્તામાં બહારવટિયાઓ સાથે લડાઈ થઈ. નંદિવર્ધન જીત્યો. તેનું માન પુણ્યોદયને ઘટતું હતું છતાં તે સર્વ માન નંદિવર્ધને હિંસાદેવીને આપ્યું. તેના ત્રણ દિવસ પછી કનકશેખરની થનારી પત્ની વિમલાનના અને નંદિવર્ધનની રત્નવતીને પ્રભાકર રાજાનો પુત્ર વિભાકર ઉપાડી ગયો. ભયંકર લડાઈ થઈ તેમાં નંદિવર્ધનનો વિજય થયો. નંદિવર્ધને તે માન હિંસાદેવીની ક્રૂરતાને અને વૈશ્વાનરને આપ્યું. પછી તેમનો નગરપ્રવેશ થયો.

નગરપ્રવેશ અંગે જ્યારે તેનો રથ રાજગઢ પાસે આવ્યો ત્યારે તેનું ધ્યાન ઝરૂખામાં ઊભેલી કનકશેખરની બહેન કનકમંજરી પર પડ્યું અને તે તેના પર આસક્ત થઈ ગયો. ચતુર સારથિ સમજી ગયો અને તેની ફજેતી ના થાય એટલે દૂર લઈ ગયો. આ બાજુ કનકમંજરી પણ નંદિવર્ધનના પ્રેમમાં પડી. બંનેને વિરહ થયો પણ લાંબો ચાલ્યો નહિ. નંદિવર્ધનના વિજયના કારણે કનકશેખરના પિતાએ તે જ દિવસે બન્નેનાં લગ્ન કરી નાંખ્યાં.

વિભાકરને લડાઈમાં ઘા વાગ્યા હતા તે હવે રુઝાઈ ગયા. તેને માનપૂર્વક દેશવિદાય કર્યો. ચોરોને યોગ્ય સમજણ આપી એટલે તેઓ દાસ થઈ ગયા. નંદિવર્ધન કનકમંજરી સાથે નગરમાં આનંદ

કરવા માંડ્યો. પોતાના માનનું કારણ વૈશ્વાનર અને હિંસાને માનવા લાગ્યો. વૈશ્વાનરે તેનો લાભ લઈ તેને ખૂબ વડાં આપી તેને ક્રૂર બનાવ્યો અને હિંસાદેવીએ તેને શિકારના વ્યસને ચડાવ્યો. કનકશેખર સહૃદય હતો. તેણે નંદિવર્ધનને વારવાનો પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ ગયો. કનકશેખરે સંબંધ તોડી નાંખ્યો.

પછી પિતાના જયસ્થળ નગરથી એક દૂત આવે છે ત્યારે પિતા મૂંઝવણમાં પડે છે. નગર પર બીજા રાજાએ ઘેરો ઘાલ્યો છે ઓછું સાંભળીને નંદિવર્ધન કનકશેખરને મળવા પણ જતો નથી અને ઊપડે છે. બીજા રાજા (પવનરાજ) સાથે લડતાં લડતાં તેનું માથું કાપી નાંખે છે. તેનાં માતાપિતાના આનંદનો પાર રહેતો નથી. આ બનાવથી તેનો પ્રેમ વૈશ્વાનર અને હિંસાદેવી પર વધે છે પણ પુણ્યોદયનો ખરો પ્રતાપ તે ઓળખી શકતો નથી.

જયસ્થળ નગરમાં આવ્યા પછી વિદુરના કહેવાથી પદ્મરાજાને ખબર પડે છે કે હિંસાદેવી સાથે પરણ્યા પછી કુમાર શિકારના વ્યસને ચડી ગયો છે અને જીવોને મારવામાં આનંદ માણે છે.રાજાને આ જાણી ખૂબ સંતાપ થાય છે. તેનો ઉપાય શોધવા ફરી જિનમતજ્ઞ નિમિત્તકને બોલાવે છે. તેણે કહ્યું કે ચિત્તસૌંદર્ય નગરમાં નામના શુભપરિણામ રાજા છે. તેની બીજી રાણી ચારૂતા છે

(૧) ચારુના રાણીનો અર્થ થાય છે "લોકોના હિતે કરનારી, સર્વ શાસ્ત્ર અને તેના અર્થની કસોટી જેવી, સારા અનુષ્ઠાનોને પ્રવર્તાવનારી અને પાપથી દૂર રહેનારી છે."

તેમની દયા નામની દીકરી છે

(૨) લોકમાં દયા ખરેખરૂં હિત કરનારી છે. દયા સર્વ ગુણોને ખેંચી લાવનારી છે. દયા ધર્મનું સર્વસ્વ છે, દયા દોષોને કાપી નાખનારી છે. હૃદયમાં થતા સર્વ સંતાપને શાંત

કરવાની શક્તિને ધારણ કરાવનારી છે. જો તેની સાથે કુમારનું લગ્ન થાય તો હિંસાની અસર જાય. પછી તેમ પણ કહ્યું કે આ બધા અંતરંગ રાજ્યનાં પાત્રો છે, લગ્ન તો કર્મપરિણામ રાજાની કૃપા થશે ત્યારે જ શક્ય બનશે. રાજા કમને જે થાય તે જોયા કરવાની સલાહ માન્ય કરે છે.

યુવાવસ્થા પામેલા નંદિવર્ધન કુમારે પદ્મરાજાને યુવરાજપદે સ્થાપવાનો નિર્ણય કર્યો. એ અવસરે શાર્દુલપુરના રાજાનો દૂત રાજાની કુંવરીનું માગું લઈને આવ્યો. રાજાએ સ્વીકાર કર્યો. એટલામાં નંદિવર્ધન કુમાર અને સ્ફુટવચન દૂત વચ્ચે જયસ્થળ અને શાર્દુલપુરની લંબાઈ વિશે વાત થઈ.

બંનેની ચર્ચામાં નંદિવર્ધને અતિક્રોધમાં આવીને તેનું માથું ઉડાવી દીધું. તે વખતે તેનો મિત્ર પુણ્યોદય રિસાઈને ચાલ્યો ગયો હતો અને ક્રોધની અસર રોમે રોમમાં થઈ હતી. દૂત પર ઘા કરતો જોઈ પિતા વચમાં આવ્યા એટલે એ જ તલવારથી પિતાનો નાશ કર્યો. રાણી (માતા) વચમાં પડતા તેને પણ મારી નાખી.પોતાની પત્ની કનકમંજરી કંઈક કહેવા લાગી તો તેનું પણ ખૂન કર્યું. રાજ્યાભિષેકની જગ્યાએ અને ખૂનો થયાં. લોકોએ બંધનો બાંધી કેદખાનામાં નાખ્યો. ત્યાં એક મહિનો ભૂખ્યો-તરસ્યો પડી રહ્યો. આખરે ઉંદરોએ તેના બંધનો કાપી નાખ્યાં. રાત્રિના સમયે તે છૂટો થયો. લોકો અને ચોકીદારો નિંદ્રામાં પડ્યા હતા, તે વખતે તેણે બહાર નીકળીને, આખા ગામને જ્યાંત્યાં આગ લગાડી. આમ ક્રોધીની મદદથી પોતાનું વેર વાળીને લોકોના આક્રંદ સાંભળતો ત્યાંથી નાસી ગયો.

રસ્તામાં અનેક સ્થળે પરિચિતો મળ્યા અને તેની આ પરિસ્થિઈતનું કારણ પૂછ્યું. તે બધાને મારતો મારતો આગળ વધ્યો. ક્રોધના લીધે આમ કરવાથી એક ઓળખીતો પલ્લીપતિ વીરસેન મળ્યો.

તેને પણ મારવા જતાં તેના માણસોએ પકડી લીધો અને શાર્દુલપુર શહેરની બહાર મૂક્યો.

થઈ ત્યાં થોડા વખતમાં અચાનક ઠંડો પવન વાવા લાગ્યો. પ્રાણીઓમાં જન્મસહજ જે વેર હતું તે પણ તેઓએ છોડી દીધું. આખી કુદરત અનુકૂળ થતી જણાઈ અને નંદિવર્ધનને પણ થોડી શાતા વળતી લાગી. મહાપુરુષોનાં પગલાં થવાનાં હોય ત્યારે કુદરત અનુકૂળ થઈ જાય છે. તે સમયે ત્યાંના મલઈવલય ઉદ્યાનમાં વિવેકાચાર્ય નામના કેવળજ્ઞાની (કેવળીભગવંત) પધાર્યા હતા. મલ એટલે અજ્ઞાનનો મેલ. તેનો વિલય એટલે નાશ. સ્થાનની પવિત્રથી જ્યાં અજ્ઞાન મેલનો નાશ થાય તે જગ્યા. ત્યાંનો અરિદમન રાજા પોતાના પરિવાર સાથે વંદન-શ્રવણ કરવા પધારે છે. પછી આચાર્ય દેવને પૂછે છે કે મારો દૂત જયસ્થળ નગરે નંદિવર્ધન કુમારના ત્યાં મોકલ્યો હતો તે હજી આવ્યો નથી. આચાર્ય દેવે જણાવ્યું કે વૃક્ષની નીચે બંધાયેલો જે પડ્યો છે, તે જ નંદિવર્ધન છે. અને બધી હકીકત કહી સંભળાવી.

રાજા અરિદમન આમ થવાનું કારણ પૂછે છે. આચાર્યશ્રીએ આખા સંસારનો પ્રપંચ બતાવ્યો: અસંવ્યવહાર નગરથી માંડીને રખડપટ્ટી થતાં પ્રાણી કેટલો હેરાન થાય છે તેનો વિસ્તાર કહી બતાવ્યો. ધર્મપ્રાપ્તિ કેટલી મુશ્કેલ છે અને મનુષ્યપણું કેટલું દુર્લભ છે ! ક્રોધ અને હિંસામાં આસક્ત પ્રાણીઓ એવી સુંદર જોગવાઈને કેવી ખોટી રીતે ફેંકી દે છે તેનો વિસ્તાર સમજાવ્યો અને એને વશ થયેલાં પ્રાણીઓ સંસારમાં કેવી રીત ડૂબી જાય તે સ્પષ્ટ કર્યું. વૈશ્વાનર એકલો નંદિવર્ધનનો જ મિત્ર છે તેવું નથી. બીજાં પ્રાણીઓને પણ અનેક વાર ફસાવે છે. રાજાને અનેક સવાલ થાય છે તેના સંદર્ભમાં આચાર્યશ્રી ત્રણ કુટુંબોનો પરિચય આપે છે.

દરેક પ્રાણીને ત્રણ ત્રણ કુટુંબો હોય છે. પ્રથમ કુટુંબ ક્ષમા, નમ્રતા, સરળતા, લોભ-ત્યાગ, જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ, સત્ય, શૌચ,

તપ, સતોષૈદ આ બધા અંગત માણસો છે તે પહેલું કુટુંબ છે. બીજા કુટુંબમાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, અજ્ઞાન, શોક, ભય, અવિરતિ આદિ આ બધા અંગત માણસો છે. ત્રીજા કુટુંબમાં આ શરીરને ઉત્પન્ન કરનાર માતા, પિતા, ભાઈ, બહેન, પુત્ર, પુત્રી, સ્ત્રી આદિ માણસો છે.

આ ત્રણમાં જે પ્રથમ કુટુંબ છે તે જીવોનું સ્વાભાવિક કુટુંબ છે, અનાદિ કાળથી જીવની સાથે રહેલું છે અને જીવોનું હિત કરવામાં તે નિરંતર તત્પર રહે છે. તે કોઈક વાર પ્રગટ થાય કોઈક વાર અંદર છુપાયેલું રહે છે. વળી મોક્ષની પ્રાપ્તિમાં મદદગાર થઈ શકે તેવી તેનામાં શક્તિ છે.

બીજું ક્રોધાદિ કુટુંબ તે સ્વાભાવિક નથી, છતાં વસ્તુતત્ત્વને ન સમજનારા લોકો તેને પોતાનું અંગત કુટુંબ હોય તેવું માને છે અને તેના તરફ પ્રેમ રાખે છે. આ કુટુંબ પ્રાણીઓનું અહિત કરનાર છે. પણ જો વસ્તુતત્ત્વને સમજીને પુરુષાર્થ કરવામાં આવે તો તે જીવથી અલગ થઈ શકે તેવું પણ છે. સંસારની વૃદ્ધિ કરવી અને જીવોને દુ:ખ દેવું એ તેનો સ્વભાવ છે.

ત્રીજું કુટુંબ તો થોડા સમયથી જ પ્રાપ્ત થયેલું છે. આ દેહમાં જન્મ પામ્યા ત્યારથી જ તેનો સંબંધ કોઈપણ રીતે સ્થિર કે કાયમી છે જ નહિ. આ કુટુંબ કોઈક વાર નિર્વાણના માર્ગમાં મદદરૂપ થાય છે તો કોઈક વાર માર્ગમાં વિઘ્ન કરનાર બને છે. આ કુટુંબ ક્રોધ, માન, માયાદિ કુટુંબને વિશેષ પ્રકારે પોષણ કરવામાં મદદરૂપ થાય છે. તેનાથી સંસારવૃદ્ધિ શક્ય બને છે. કોઈ આત્મભાનમાં જાગૃતિવાળું હોય તો મોક્ષમાર્ગમાં મદદરૂપ પણ થાય છે અને કોઈક વાર જીવ પાસે હિંસામય પ્રવૃત્તિ કરાવીને દુર્ગતિ તરફ લઈ જાય છે.

અરિદમન રાજા પૂછે છે : પ્રભુ ! ક્ષમાદિ કુટુંબ હિતકારી છે, મોક્ષે લઈ જનાર છે તો જીવો શા માટે આદર નહી કરતા હોય?

વળી કામ, ક્રોધાદિ કુટુંબ જીવને અહિતકારી છે તોપણ શા માટે લાગણીથી તેનું પોષણ કરે છે?

આચાર્ય જવાબ આપે છે કે : ક્ષમાદિ પ્રથમ કુટુંબ અને ક્રોધાદિ બીજા કુટુંબ વચ્ચે અનાદિકાળથી વેરભાવ ચાલ્યો આવે છે. વળી આ બંને કુટુંબ અંતરંગ મનોરાજ્યમાં આવેલાં છે. વળી આ સારુ કુટુંબ આત્મા જાગ્રત ના થાય ત્યાં ત્યાં સુધી હંમેશાં નઠારા કુટુંબથી હારેલું જ રહે છે. દબાયેલી અવસ્થામાં રહેતું હોવાથી કામક્રોધાદિની માફક પ્રગટપણે દેખાતું નથી. વળી ક્ષમાદિ કુટુંબના ગુણો ઘણા જ થોડા જીવોના જાણવામાં હોય છે.

અરિદમન કહે છે કે પ્રભુ ! ક્ષમાદિ કુટુંબ અને ક્રોધાદિ કુટુંબ વચ્ચેનો તફાવત બધા જાણે તો કેટલું સારું થાય? આચાર્ય કહે છે કે પોતાના કલ્યાણની ઇચ્છાવાળાએ બંનેના ગુણદોષ જાણવા જોઈએ. અમે ધર્મકથામાં આ જ વાતો કહીએ છીએ. આ બંને કુટુંબોને જીવો ઓળખે તે જ અમારા ઉપદેશનો સાર છે. અરિદમન બંને કુટુંબોનો પરિચય પામવાથી કૃતજ્ઞતા પ્રગટ કરે છે. આચાર્ય કહે છે કે એકલા જ્ઞાનથી મનુષ્યોનું કર્તવ્ય પૂરું થતું નથી. જ્ઞાન પછી શ્રદ્ધા અને વર્તન એ બે બાબતો બાકી રહે છે. તમારામાં તે વાત ઉપર શ્રદ્ધા તો છે જ કે આ વાત સાચી છે, પણ જ્યાં સુધી તે પ્રમાણે વર્તન કરવામાં ન આવે, ત્યાં સુધી તેનો ખરો લાભ મળતો અનુભવાતો નથી. (આચાર વગરના વિચારથી કોઈ લાભ થતો નથી.) અરિદમન કહે છે કે પ્રભુ! આ ત્રીજું કુટુંબ તો ભવોભવમાં જીવ જ્યાં જાય છે, ત્યાં તેને નવું નવું મળે છે. તેના પર મોહ કરવો એ અજ્ઞાનતા છે. આચાર્યશ્રી કહે છે કે રાજન, તમે આ વાત બરાબર સમજ્યા છો પરંતુ ત્રીજા કુટુંબરૂપ માતાપિતાદિનો ત્યાગ કરીને બીજા કામ ક્રોધાદિ અધમ કુટુંબનો જે નાશ કરી શકતો નથી તેનો માતાપિતાદિ બાહ્ય કુટુંબનો

ત્યાગ નિષ્ફળ છે. ત્રીજા ગ્રાહ્ય કુટુંબનો ત્યાગ કરીને બીજા કુટુંબ મહામોહાદિનો નાશ કરે છે તેનો જ ત્યાગ સફળ થાય છે આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે.

અરિદમન પૂછે છે : પ્રભુ! આ તત્ત્વ જેણે જાણ્યું ના હોય તે પ્રભુના માર્ગમાં આગળ વધી શકે? આચાર્ય ના પાડે છે કે જરા પણ આગળ વધી શકે નહી. ત્યાર બાદ રાજા, રાણી, પ્રધાન બધાં દીક્ષા લે છે.

આ બાજુ આ સર્વ બનાવ દૂર પડેલો સંસારીજીવ નંદિવર્ધન જોઇ અને સાંભળી રહ્યો હતો પણ છતાંય તેના મન પર જરાય સારી અસર થઈ નહિ. તેને તો વિવેકકેવળીની વાતો નકામી લાગી. સભા વિસર્જન થતા તે વિજયપુરના માર્ગે નીકળ્યો. રસ્તામાં રાજકુમાર ધરાધર મળ્યો. તે પણ ક્રોધી હતો. નજીવી બાબતમાં બંને કપાઈ મૂઆ. બંને જણ મરીને છઠ્ઠી નરકે ગયા. ત્યાં પણ ખૂબ લડ્યા. પછી નંદિવર્ધન સર્પ થયો, પછી સિંહ થયો. ત્યાં અકામનિર્જરા અને ગુણપ્રાપ્તિ થઈ. દેવી ભવિતવ્યતાએ આખરે સંસારીજીવને સિદ્ધાર્થપુરે જવા આદેશ આપ્યો, અને પુણ્યોદયને તેનો સહચર બનાવ્યો.

અકામનિર્જરાનો અર્થ જોઈએ તો અજાણતા પણ કરેલું સારું કામ પુણ્યફળ આપે છે. હાથીના ભવમાં કરેલા પુણ્યોદયના પ્રતાપે નંદિવર્ધન રાજકુમાર તરીકે જન્મ પામ્યો પણ વૈશ્વાનર (ક્રોધ, અશુભની) સંગતમાં પાપ ઉપર પાપ કરીને નરકમાં ગયો.

********

## પ્રસ્તાવ : ૪

### બાહ્ય પરિવાર

**સિદ્ધાર્થનગર**

| | | |
|---|---|---|
| રાજા નરવાહન | : | પિતા |
| રાણી વિમલાવતી | : | માતા |
| પુત્ર રિપુદારણ | : | સંસાર જીવ |
| રાણી નરસુંદરી | : | પત્ની |

### અંતરંગ પરિવાર

શૈલરાજ આઠ મુખ એટલે આઠ પ્રકૃતિ

| | | |
|---|---|---|
| જાતિ | તપ | |
| લાભ | રૂપ | આઠ પ્રકારના ગર્વ જે જીવને પરેશાન કરે છે. |
| કુળ | બળ | |
| ઠકુરાઈ | જ્ઞા | |

ચોથા અને પાંચમા પ્રસ્તાવમાં ઘણા ચમત્કારો છે. ચોથા પ્રસ્તાવમાં સંસારીજીવ રિપુદારણ તરીકે ઓળખાય છે. ત્યાં એને શૈલરાજ અને મૃષાવાદનો પરિચય થાય છે. આ બંને પાપો તેને કેટલો ચડાવે છે અને પાછો પાડે છે તેની વાર્તા ધ્યાનમાં લેવા જેવી છે. ચોથો પ્રસ્તાવ આખા ગ્રંથના મધ્યબિંદુ તરીકે કામ આપે છે. તેમાં મુખ્ય વિષય તો મૃષાવાદનાં માઠાં ફળ, માનથી થતી હાનિઓ અને રસેન્દ્રિય લુબ્ધતાનાં ભયંકર પરિણામ છે. આ ભાગ કવિત્વ અને અનુભવનો નમૂનો છે, સહૃદય વિચારકને પોતાના ખરા સ્થાનકે લાવે તેવો છે. ઘણો જ મનનીય છે.

ભવિતવ્યતા માટે એવો પ્રશ્ન ઊભો થાય છે કે વ્યવહારરાશિમાં આવવા માટે અવ્યવહર રાશિમાંથી આની જ પસંદગી કેમ થઈ જ્યારે અહીં તો અનંતા જીવો છે.

પાંચ જ્ઞાન (મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન)માંથી ચાર પ્રકારનાં જ્ઞાન અનુભૂતિનાં જ્ઞાન છે. માત્ર સદાગમ જ એવું જ્ઞાન છે જે બોધ આપે છે. સદાગમ એટલે શાસ્ત્ર. ક્રોધ અગ્નિ જેવો છે. પ્રગટે એટલે આપણને પણ બાળે છે. કોઈ વળી વિચારે કે બધા જ જ્ઞાન પામી જાય અને દીક્ષા લઈ લે તો વહોરાવે કોણ? આ પ્રશ્ન અસ્થાને છે. દરેક જીવની સફર જુદા પ્રકારની છે. અનંતા જીવો બ્રહ્માંડમાં પડેલા છે એમાંથી માંડ થોડા જીવો અંતિમ સત્યો સુધી પહોંચી શકે છે. એટલે ધીમે ધીમે વિકાસ પામતા જીવો આગળ ને આગળ વધતા જાય છે. આ રીતે ક્રમ ચાલ્યા કરે છે. ચોથા પરિવારનું આખું તંત્ર આ પ્રમાણે છે.

## બાહ્ય પરિવાર

### સિદ્ધાર્થનગર

રાજા નરવાહન : રાણી વિમલાવતી

પુત્ર રિપુદારણ : રાણી નરસુંદરી

હવે સંસારી જીવ ક્રોધ, હિંસા અને સ્પર્શેન્દ્રિયને વિપાક બતાવનાર નંદિવર્ધનના ભવ સંબંધી પોતાનો વૃત્તાંત વિસ્તારથી આપીને, હવે પોતાનું ચરિત્ર સદાગમ સમક્ષ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને, પ્રજ્ઞાવિશાળા તથા ભવ્યપુરુષની હાજરીમાં આગળ ચલાવે છે.

પુણ્યશાળી જીવોથી વસેલું એક સિદ્ધાર્થ નામનું નગર હતું. ત્યાં નરવાહન નામનો અત્યંત પ્રતાપી (પ્રભાવવાળો) રાજા રાજ્ય કરતો હતો. તેને તેના જેવી જ શોભા આપે તેવી વિમલાવતી પટ્ટરાણી હતી. રાણીની કૂખે આ સંસારી જીવ પુત્ર રૂપે જન્મ લે છે. યોગ્ય ઉત્સવ

કરી તેનું નામ રિપુદારણ પાડવામાં આવે છે. તેના જન્મના દિવસે જ ધાવ માતા અવિવેકિતાએ આઠ મુખવાળા શૈલરાજને જન્મ આપ્યો. શૈલરાજ એટલે અહંકાર અને આઠ મોઢા એટલે આઠ પ્રકૃતિ – જાતિ, લાભ, કુળ, ઠકુરાઈ, તપ, રૂપ, બળ અને જ્ઞાન એ આઠ પ્રકારના મદ (ગર્વ).

પાંચ વર્ષની વયે રિપુદારણ અને શૈલરાજની મૈત્રી થઈ. શૈલરાજની અસર ધીમે ધીમે તેના પર થવા માંડી. અક્કડતા વધી મિથ્યાભિમાન વધ્યું. પિતાએ વળી તેના અભિમાનને પોષણ આપ્યું. આ સર્વ પ્રતાપ શૈલરાજનો છે તેમ રિપુદારણ માને છે. જ્યારે જીવ અંતરંગ પરિવારમાં નજર કરવાનું શીખે ત્યારે તેને ખબર પડે કે શૈલરાજ નામનાં આઠ તત્ત્વો જીવને પરેશાન કરે છે. કુળનું, જાતિનું, લાભનું, ઠકુરાઈનું, તપ, રૂપ, બળ અને જ્ઞાનના અભિમાનથી જીવ ઘણી પીડા પામે છે. બીજો મિત્ર છે મૃષાવાદ અને ત્રીજો દુષ્ટાશય. એક પુણ્યોદય તો છે જ. પણ પુણ્યોદયનો સ્વભાવ છે કે જ્યારે પાપમિત્રો સંપર્કમાં હોય ત્યારે પુણ્યોદય શાંત થઈ જાય છે. જેને પોતાનું જ્ઞાન સાધવું હોય તેણે જ્ઞાન સારી રીતે મેળવી લીધું હોય છતાં સંતોષ કરવો જોઈએ નહીં. નવું નવું વાંચીએ કે જાણીએ નહીં તો બધું ભુલાઈ જાય. જ્ઞાનની બાબતમાં હંમેશાં આગળ ને આગળ જવાની ઇચ્છા રાખવી જોઈએ. એક નાનકડો કષાય અંદર પડેલો હોય તે ગમે ત્યારે વિનાશકારક બની શકે છે તેમ કહેવાનું આ રૂપકનું તાત્પર્ય છે.

જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ શૈલરાજ સાથેની દોસ્તી વધતી ચાલી અને મનમાં અભિમાન વધવા માંડ્યું એ અભિમાનને લઈને તે અગૃહીતસંકેતાને કહે છે કે હું એટલો અક્કડ રહેતો તેના પિતાશ્રી કે માતાને પણ નમસ્કાર કરતો નહીં. કુળદેવો પર નજર પણ કરતો નહીં. તેના પિતાને તો ખ્યાલ આવી ગયો કે શૈલરાજની મિત્રતાના

લીધે પુત્ર પોતાની જાતને ઈશ્વર માનવા માંડયો છે. પરંતુ પિતાને વિચાર આવે છે કે પુત્રનું ધાર્યું નહિ થાય તો તેને ખેદ થશે. એટલે તેઓ હુકમ આપી દે છે કે પુત્ર કહે તેમ જ કરવું.

શૈલરાજ અને રિપુદારણની મિત્રતા વધતી ચાલી. એક દિવસ શૈલરાજ તેના માટે સ્તબ્ધચિત્ત લેપ (જેનાથી મન જડ થાય તેવો લેપ) અભિમાનીનું મન સ્તંભિત થઈ જાય છે તેનો અહીં સાક્ષાકાર છે. તે લેપ હૃદય પર લગાડી નાયક કોઈને નમવાની તો વાત જ છોડી દે છે. એક દિવસ નાયક ક્લિષ્ટમાનસ નામના નગરે ગયો. ત્યાં દુષ્ટાશય રાજા અને જઘન્યતાદેવીનો મૃષાવાદ નામનો તેમને અતિપ્રિય પુત્ર હતો. (દુષ્ટાશય એટલે ખોટો આશય, જઘન્યતા એટલે તુચ્છતા... બે ભેગાં થાય એટલે મૃષાવાદ જન્મે. મૃષાવાદ એટલે અસત્ય.)

મૃષાવાદ સાથે સંબંધ થયા પછી તેના સ્થાન પર તેને લઈ આવે છે. નાયક અત્યાર સુધી અભિમાની તો હતો જ. હવે તેને જૂઠું બોલવાની પણ આદત પડી. ખોટી વાતને સાચી ઠેરવવામાં પડ્યો. ગુરુ માટે પણ જૂઠા પાડવાની વૃત્તિ રાખવા માંડ્યો. છેવટે ગુરુએ તેને ત્યજી દીધો. અભ્યાસ માટે પિતાએ સમજાવ્યો પણ બહાર ભટકતો રહેતો હોવા છતાં પણ 'હું અભ્યાસ કરું છું' તેવી વાતો ફેલાવવા માંડ્યો. મૃષાવાદે આવી અસર કરી છે તેમ જણાતાં જ માયાએ વિચાર કર્યો કે, હવે મારે રિપુદારણ પાસે જવાનો વખત આવી પહોંચ્યો છે. એટલે માયા રિપુદારણ તરફ આવવા નીકળી પડે છે.

આ બાજુ પોતાના કલાચાર્ય પાસે કુમારને વધારે ખટપટ થાય છે. તે પિતા પાસે જાય છે. ત્યાં મૃષાવાદની અસરથી પિતાને તેના જેવું કોઈજ સમર્થ નથી તેમ સમજાવવામાં સફળ થાય છે. પિતા ખુશ થઈને પીઠ થાબડે છે. બહાર નીકળીને આડુંઅવળું સમજાવી પ્રિતાને ખોટો આનંદ આપ્યો. એટલી બધી હોંશિયારી ક્યાંથી તેનો મિત્ર મૃષાવાદ શિખ્યો તેમ પૂછે છે. મૃષાવાદ કહે છે કે રાજસ ! ચિત્તનગરમાં રાગકેસરી

નામનો રાજા છે તેની મૂઢતા નામની રાણી છે. તેમને માયા નામની કુંવરી છે. જે તેની મોટી બહેન છે તે કુંવારી છે. તેને તારી સાથે પરણવામાં કોઈ જ વાંધો નથી, કારણ કે હું તારી સાથે છું એટલે તને પણ ગમશે. એટલામાં માયાં આવી પહોંચે છે અને રિપુદારણ સ્નેહલગ્નથી જોડાય છે.

આનો અર્થ એમ થાય કે અભિમાનની પાછળ અસત્યને આવ્યા વગર છૂટકો નથી અને અસત્ય હોય ત્યાં માયા–છળ–કપટને પણ આવ્યા વગર ચાલતું નથી એટલે આ રીતે ત્રણેયની જોડીએ મળીને રિપુદારણના બાહ્ આંતરજીવનને ઘેરી લીધું. શાંતિનો માર્ગ રોકી લીધો. એક દોષ પણ પવિત્ર જીવનનો નાશ કરવાને સમર્થ છે તો પછી ત્રણ દોષ એકઠા થાય પછી જીવ ન અધઃપાત માટે પૂંછવુ જ શું?

શેખરપુરના રાજા નરકેસરી અને રાણી વસુંધરાને નરસુંદરી નામની દીકરી હતી. તે સર્વ વિદ્યાકળામાં અત્યંત કુશળ હતી. યુવાન થતાં તેણે નિશ્ચય કર્યો હતો કે કળાકૌશલ્યમાં પોતાથી વધારે પ્રવીણ હોય તેને પરણવું. રાજાએ રિપુદારણની ખોટી ખ્યાતિ સાંભળી હતી. તેના ઉપર આધાર રાખી તેઓ સિદ્ધાર્થનગરે આવ્યા અને નરવાહન રાજાને પોતાની અને પુત્રીની ઇચ્છા કહી. તેમણે કહ્યું કે કુમાર પોતાની કળાઓ બતાવે. રાજાને ખાતરી હતી એટલે તેમણે પુત્રને પોતાની કળાઓ બતાવવા કહ્યું. આ સમયે પુણ્યોદય મિત્ર સુકાઈ ગયો હતો. કુમારને તો કળાઓનાં નામ પણ આવડતાં ન હતાં તેથી તે ક્ષોભ પામ્યો. કળાચાર્યને આ અંગે પૂછ્યું તેમણે જણાવ્યું કે બાર વર્ષથી મારી પાસે તો ભણ્યો જ નથીઃ રખડે છે. અને શૈલરાજ અને મૃષાવાદની સોબતમાં પડ્યો છે. લોકોમાં કુમારની હાંસી થઈ. નિંદા અને ટીકા થઈ. તે શ્વાસ રૂંધાતો હોય તેમ મૂર્છા આવી હોય તેવો થઈ ગયો. સભા બીજા દિવસ ઉપર મુલતવી રાખવામાં આવી. નરસુંદરીના પિતાએ પાછા જવાનો વિચાર કર્યો. આ સમયે પુણ્યોદય થોડોઘણો હતો તેને

શરમ આવી કે હું પાસે છું છતાં રિપુદારણને કન્યા ન મળે તો ઠીક ના કહેવાય. તેણે નરકેસરી રાજાના હૃદયમાં પ્રવેશ કરીને તેમના વિચારો ફેરવ્યા. હવે પાછા જવામાં બંને પક્ષને શરમાવા જેવું થશે તેમ લાગ્યું. કમને પણ રાજાએ પુત્રીને પરણાવી અને રાજા પોતાના સ્થાને ગયા. રિપુદારણ અને નરસુંદરી જુદાં જુદાં ભવનોમાં આનંદ ભોગવવા માંડ્યા અહીં અર્થ એવો થાય છે કે પુણ્ય જાગે ત્યારે જે પ્રાણીને અમુક વસ્તુ પ્રાપ્ત થવાની હોય છે તે વસ્તુ સારી અથવા ખરાબ ગમે તેવી હોય પણ તેને જરૂર મળે છે તે માટે સંબંધમાં સંતોષ ધારણ કરવો કે અસંતોષ ધારણ કરવો તદ્દન નકામો છે.

રિપુદારણ અને નરસુંદરીના દિવસો આનંદમાં જવા માંડ્યા એટલે શૈલરાજ અને મૃષાવાદ બંને મિત્રોને અદેખાઈ આવી એટલે પ્રેમમાં ભેદ પડાવવાનું બંનેએ નક્કી કર્યું. એક કમનસીબ ક્ષણે સુંદરીએ કુમારને તેને રાજસભામાં થઈ આવેલા ક્ષોભ માટે પ્રશ્ન કર્યો. મૃષાવાદી કુમારે ગોટા વાળ્યા એટલે નરસુંદરીએ કળા પર વિવેચન કરવા કહ્યું. તે સમજી ગઈ હતી કે આ ખોટું બાલે છે. શૈલરાજે તેને ઉશ્કેર્યો અને લેપ ચોપડી દીધો તે લેપનું નામ સ્તબ્ધચિત્ત લેપ હતું. તે લગાડે એટલે મન સ્તબ્ધ થઈ સંપૂર્ણ અભિમાનને વશ થઈ જાય. એટલે અભિમાનના આવેશમાં તે બોલ્યો : “તું વિદ્વાન છું, હું મૂર્ખ છું, બસ! પતિનું અપમાન કરનારી સ્ત્રીનો મારે ખપ નથી એમ કહીને તેનો તિરસ્કાર કર્યો અને ચાલી જવાનું કહ્યું. નરસુંદરીએ ઘણી આજીજી કરી પડ્યો નહીં. તિરસ્કૃત નરસુંદરી દુ:ખી થઈને તેના પિતાના (કુમારના) ભવનમાં ગઈ. ત્યાં માતા વિમલમાલતી મળ્યાં તેમણે પૂછ્યું તો પહેલાં જવાબ આપે છે કે શરીરમાં દાહ છે, જવર લાગે છે. માતાએ ખુલ્લામાં પવન મળે એટલે ત્યાં પલંગ પથરાવ્યો અને તેને પ્રેમથી સુવાડીને પૂછ્યું એટલે તેણે માતાને કારણ જણાવ્યું. માતા વિમલમાલતી સમજાવવા આવ્યા પણ તે સમજ્યો નહિ. તેટલામાં

શૈલરાજની મદદે મહામોહના સૈન્યમાંથી વૈશ્વાનર – ક્રોધ આવી પહોંચ્યો અને કુમારના શરીરમાં પ્રવેશ કર્યો. ક્રોધે તરત જ પોતાની અસર કુમાર પર કરી એટલે કુમારે માતાને પગથી લાત મારીને કાઢી મૂકી. માતાએ આ વાત આવીને કહી ત્યારે તેને તો મૂર્છા આવી ગઈ આખરે તે જાતે સમજાવટ કરવા ગઈ. તેણે કુમારને ઘણી પ્રાર્થના કરી, તેને લીધે કુમારનું હૃદય જરા પ્રેમના લીધે પીગળ્યું. ત્યાં તો શૈલરાજે અંદરથી પોતાનું વર્ચસ્વ જમાવ્યું અને કહ્યું તારું અપમાન કરનારી સ્ત્રીને તારાથી બોલાવાય જ કેમ? કુમાર પાછો અભિમાનથી ઘેરાયો અને નરસુંદરીને કઠોર શબ્દો કહ્યાં તે શબ્દો સહન ના થતાં તે જૂના ઘરમાં પાછો જાય છે અને ગળે ફાંસો ખાઈ લે છે. માતા તેને ઘરની પાછળ જોવા જાય છે અને નરસુંદરીને લટકતી જોઈ પોતે પણ આપઘાત કરે છે. દાસી કંદલિકા તપાસ કરવા આવે છે અને રિપુદારણ પણ આવે છે. માની તથા સ્ત્રીની આવી સ્થિઈત જોવા છતાં તેના હૃદયમાં જરાપણ પશ્ચાત્તાપ થતો નથી.

દાસી રુદન કરતાં રાજાને ખબર આપે છે. રિપુદારણનો ફજેતો થાય છે, લોકો તિરસ્કાર કરે છે અને રાજા તેને મહેલમાંથી કાઢી મૂકે છે. ત્યાર પછી રિપુદારણ આખા ગામમાં રખડવા માંડ્યો અને લોકોના અપમાન ખમવા માંડ્યો. એમ કરતાં કેટલાંક વર્ષો વીતી ગયાં. એક પ્રસંગે નરવાહન રાજા નગર બહાર ફરવા નીકળ્યા હતા ત્યાં ઉધાનમાં વિચક્ષણાચાર્ય નામના શાંત સાધુને અનેક શિષ્યો સાથે જોયા. રાજા ત્યાં જાય છે સૂરિ વંદન કરે છે અને ઉપદેશ આપે છે. ધર્મોપદેશ સાંભળી રાજાને વૈરાગ થાય છે. આ જ સમયે રિપુદારણ પણ ત્યાં આવે છે, પણ તેના પર કંઈજ અસર થતી નથી. ધર્મ સાંભળ્યા છતાં અસર ના થઈ કારણ કે તેની પાસે હવે મહામોહની પરિવાર ઘણો ભેગો થયો હતો અને કુમારને બરાબર કબજામાં લીધો હતો.

રાજા સૂરિને આટલી નાની ઉમરમાં સંસારત્યાગનું કારણ પૂછે છે. આચાર્યશ્રી પોતાનું ચરિત્ર કહે છે તેને રસના કથાનક કહેવામાં આવ્યું છે. આચાર્યશ્રી બીજાને પ્રબોધ થઈ શકે તે હેતુથી રાજા નરવાહનને રિપુદારણની ઉપસ્થિઈતમાં કહેવાનું શરૂ કરે છે.

**રસના પ્રબંધનો પરિવાર પરિચય પરિવાર :**

**ભૂતળ નગરે :**

| | | |
|---|---|---|
| મલસંચય.......રાજા<br>તત્પંક્તિ.......રાણી | તેના પુત્રો | શુભોદય<br>અશુભોદય |
| શભોદય અને નિજ ચારૂતા | તેના પુત્રો | વિચક્ષણ |
| અશુભોદય અને સ્વયોગ્યતા | તેનો પુત્ર | જડ |

**નિર્મળચિત્ત નગરે :**

| | | |
|---|---|---|
| મલક્ષય.......રાજા | તેનો પુત્ર | વિમર્શ |
| સુદરતા.......રાણી | તેની પુત્રી | બુદ્ધિદેવી |
| વિચક્ષણ અને બુદ્ધિદેવી | તેનો પુત્ર | પ્રકર્ષ |
| વિમર્શ, પ્રકર્ષ | મામા-ભાણેજ | |

હવે અર્થ જાણીએ,

મલસંચય રાજા મલ=કર્મ, સંચય = ભેગું કરવું,

તત્પંક્તિ રાણી ફળ પાકવું,

કર્મફળના પરિણામથી ઉત્પન્ન થયેલ બે પુત્રો : શુભોદય અને અશુભોદય,

શુભોદયની પત્ની બીજચારુતા અર્થાત્ શુભનો ઉદય અને બીજ = પોતે, ચારુતા = સુંદરતા એટલે સારપ, સારાપણું ; તેમનો પુત્ર એ વિચક્ષણ અર્થાત્ વિચક્ષણતા અને પત્ની બુદ્ધિ અર્થાત્ વિચક્ષણતા સાથે બુદ્ધિ ભળે તો ઉત્કર્ષ પેદા થાય. અશુભોદય એટલે અશુભભાવ; સ્વયયોગ્યતા એટલે સ્વ=પોતે, યોગ્યતા એટલે બડાઈ. પોતે જ માની લેવું કે પોતે એકદમ યોગ્ય છે. તેનાથી ઉત્પન્ન થયેલો પુત્ર જડ અને તેની પત્ની રસના. વિમર્શ એટલે વિચાર. બુદ્ધિ સામે વિચાર આવે ત્યારે વિચક્ષણતામાં ખામી રહે નહીં. અત્યંત ઊંચો ભાવ સમજવો. પ્રકર્ષ એટલે ઉચ્ચતા. આગળ વધવાપણું

એક દિવસ વિચક્ષણ અને જડ બંને પિતરાઈ ભાઈઓ પોતાના વદનકોટર નામના બગીચામાં સાથે ગયા. વદનકોટર બગીચો એટલે વદન અર્થાત્ મોઢું અને કોટર એટલે કાણું. આનો અર્થ થાય છે તેઓ જીભ નજીક આવ્યા. આલંકારિક ભાષામાં આખી વાર્તા છે. મોઢામાં દાંતની બે હારો છે તેનું આ રૂપક છે. તાળવું અને નીચેના ભાગનો પોલાણનો ભાગ. અહીં રસનાનો રસેન્દ્રિય સાથે મેળાપ થાય છે.

જડ લોલતા (સુંદરદાસી)ને જોઈને પ્રમમાં પડી જાય છે. વિચક્ષણ પરસ્ત્રી ધારીને ખસી જવાનું કહ્યું. દાસી લોલતા કુમારોને બૂમ પાડી બોલાવે છે અને રસના સાથે ઓળખાણ કરાવે છે. જડ વધારે ફસાતો જાય છે. વિચક્ષણ વિચારપૂર્વક જોયા કરે છે. જડ રસનાને તૃપ્ત કરવામાં વધારે ને વધારે લુબ્ધ થતો જાય છે. વિચક્ષણ આસક્તિ વગર તેને પોષે છે પણ લોલતાથી લેવાઈ જતો નથી. જડના કુટુંબીઓને જડનું રસના સાથેનું વર્તન ગમે છે. વિચક્ષણનાં માતાપિતા તપાસ કરવાની સલાહ આપે છે. છેવટે રસના કોણ છે તેનું મૂળ શોધવાનો નિર્ણય થયો. બુદ્ધદેવીના ભાઈ વિમર્શે તે કામ હાથમાં લીધું. પ્રકર્ષ (ભાણેજ) જિજ્ઞાસાથી સાથે જવા તૈયાર થયો. આમ મામા-ભાણેજ એક વર્ષનો સમય લઈને રસનાનું મૂળ શોધવા નીકળ્યા.

મામા-ભાણેજ રસનાની શોધમાં બહિ:લોકમાં ઘણા ફર્યા પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. પછી અંતરંગ દેશે ગયા. પ્રથમ રાજસચિત્ત નગરે આવ્યા. નગર શૂન્ય જણાયું. મિથ્યાભિમાન તેનો અધિકારી હતો. તેની પાસેથી હકીકત મળી કે રાગકેસરીનું એ નગર છે. એ રાજા પોતાના વિષયાભિલાષ મંત્રી સાથે અને દાદા મહામોહ સાથે સંતોષ સામે યુદ્ધ કરવા ગયા છે. કારણ કે મંત્રીના માણસોને હેરાન કરી સંતોષ લોકોને નિવૃત્તિ નગરીએ મોકલી દેતો હતો.

પછી અંતરંગમાં તામસચિત્ત નગરે મામા-ભાણેજ ગયા. ત્યાં કેટલાક માણસો સાથે શોક તેમને મળ્યો. વાત કરતાં જણાયું કે એ મહામોહના બીજા દીકરા દ્વેષગજેન્દ્રનું નગર હતું. તે પણ પિતા મહામોહ અને મોટાભાઈ રાગકેસરી સાથે સંતોષ સામે યુદ્ધ કરવા ગયો હતો. આટલી વાત જાણી વધારે પત્તો મેળવવા મામા-ભાણેજ અટવી તરફ ચાલ્યા.

મામાએ ભાણેજને નદી વચ્ચે આવેલા મંડપમાં સિંહાસન પર બેઠેલા રાજાને દૂરથી બતાવ્યા. પછી ચિત્તવૃત્તિ અટલીનું, પ્રમત્તતા નદીનું, તદ્વિલઈસત બેટનું, ચિત્તવિક્ષેપ મંડળનું, વિપર્યાસ સિંહાસનનું અને મહામોહ રાજાનું વિસ્તારથી વિગતવાર વર્ણન કર્યું.

ચિત્તવૃત્તિ અટલીમાં અટવી એટલે જંગલ. ચિત્ત એટલે મન અને વૃત્તિ એટલે મનના સારા કે ખરાબ ભાવો. (ચિત્તમાં મિથ્યાત્વનું જોર થાય તો અથવા ચિત્તમાં સમ્યકત્વની ભાવના રહે તો). આપણા મનમાં અનેક વૃત્તિઓ પડેલી છે, સંસ્કારો પડેલા છે. તેના કારણે કોઈક વાર અચાનક ભય ઉત્પન્ન થાય છે. કોઈક વાર હસવું કે રડવું આવે છે. કોઈ વસ્તુ કારણ વગર બનતી નથી. ચિત્તમાં એટલા બધા વિચારોનાં વૃક્ષો ઊગી નીકળ્યાં છે. આપણે જયારે આંખ બંધ કરીએ છીએ ત્યારે એટલા બધા વિચારો આવવા માંડે છે જેની આપણને કલ્પના ના હોય. વૃત્તિનાં એટલાં બધાં જાળાં છે એટલે અટવીની

ઉપમા આપી છે. હવે એ અટવીમાંથી બહાર નીકળવા મામા-ભાણેજ બહાર પડ્યા છે. અટવીમાં પ્રમાદ નામની નદી વહે છે. એની સાથે સાથે એના કિનારા ઉપર નિદ્રા (ઊંઘ) નામના કાંઠાઓ આવેલા છે. એમાં કષાય નામનું પાણી નિરંતર વહ્યા કરે છે. જે પ્રાણી આ નદીમાં પડે છે તે તેના વમળમાં ચક્કરમાં પડી છેવટે પેલા ઘોર સંસારસમુદ્રમાં જોરથી ઘસડાઈ જાય છે અને તેને વચ્ચે બચવાનું સાધન મળવું પણ મુશ્કેલ થઈ પડે છે.

ત્યાં ચિત્તવિક્ષેપ મંડપ છે. તૃષ્ણા નામની વેદિકા છે. ત્યાં એક વિપર્યાસ નામનું સિંહાસન છે જેના પર મહામોહ રાજા બેઠેલો છે. આપણું મન મંડપ છે. તેમાં તૃષ્ણા નામની લાલસા થયા કરે છે. તૃષ્ણા, વિપર્યાસ અને ચિત્તવિક્ષેપ આ ત્રણ શબ્દો યાદ રાખવાના છે. મહામોહનું શરીર અવિદ્યા છે. અવિદ્યા એટલે દેખીતું જ્ઞાન હોય છતાં સમ્યક બોધ વગરનું જ્ઞાન અજ્ઞાન જ છે. દા.ત. મકાન પ્રત્યેના મોહનું કારણ શું? કારણ કે તે મારું છે. લાંબું ચાલવાનું છે. દીકરાને આપીને જવાનું છે. આ મોહ છે. કપડાં, ઘડિયાળ, દાગીના પછી દેહ ઉપર આવીને તો સૌથી નજીક આપણો દેહ છે. દેહ સૌથી વધુ સમય આપણી પાસે રહે છે. પણ આપણે ભૂલી જઈએ છીએ કે આપણે દેહ છોડીને જવાનું છે. આપણને એમ છે કે આ દેહ મારો છે, હું દેહનો છું. પણ આ ભૂલવાનું છે. આ મહામોહ એટલે અનિત્યતા છે. અનિત્યતામાં નિત્યનો બોધ અને બોધમાં અનિત્યતા. વિપર્યાસ એટલે ઊલટું જ્ઞાન અને સિંહાસન એટલે રાજ્યાસન. મહામોહનું સિંહાસન વિપર્યાસ જો હટાવી લઈએ (મનમાંથી) તો મોહ ચાલ્યો જાય.

જે પોતાનું નથી તેને પોતાનું માનવું તે વિપર્યાસના કારણે થાય છે. વિપર્યાસ હટી જાય એટલે અજ્ઞાન હટી જાય છે.

પ્રમાદ એટલે વિષયમાં સુખ છે તેમ માનવું. માયા અને મૃષાવાદ સાથે સાથે ચાલે છે. મૃષાવાદ (અસત્ય) માટે તેણે માયાની મદદ લેવી

પડે છે. શૈલ એટલે પર્વત અર્થાત્ અક્કડતા એટલે અહંકાર. આઠ પ્રકારના અહંકારો (આગળ આવી ગયુ છે) શૈલરાજ રૂપે પ્રગટ થાય છે. નિગોદથી રિપુદારણ સુધીની સફરમાં પુરુષાર્થ કેમ નથી ? અત્યાર સુધી જે ચાલી રહ્યું છે તેમાં અકાય કર્મ અને ભવિતવ્યતાના સહયોગથી આ જીવની સફર ચાલી રહી છે. અહીં સુધી પુરુષાર્થનું મહત્ત્વ નથી કારણ કે તે દબાયેલો પડ્યો છે. ભવિતવ્યતાનું જ રાજ ચાલે છે. પ્રમાદ છે ત્યાં સુધી મહામોહ રાજાને જીતવાનું શકય નથી. જે જીવ પ્રમાદમાં પડી જાય છે તે ક્યારેય જીતી શકતો નથી. આત્માની અંદર વિજેતા બનવા માટે અપ્રમાદ યંત્રની જરૂર પડે છે. સદાગમ બીજા નંબરે આવે છે.

મહામોહ રાજાનો સેનાપતિ મિથ્યાદર્શન છે. એટલે જ મિથ્યાદષ્ટિને મોટામા મોટો સેનાપતિ કહ્યો છે. મિથ્યાદર્શન એટલે જેમાં દેવત્વ નથી તેવા સ્રીપુરુષો.

કયા શાસ્રને શાસ્ર તરીકે માનવું ? કેવી રીતે ખરીદવું. દા.ત. જ્યારે આપણે સોનું ખરીદવા જઈએ છીએ ત્યારે માર્કો જોઈએ છીએ. આ ઉપરનું પરીક્ષણ થયું. હવે અંદર શું છે તે જોવા કાપવું પડે એટલે છેદ- પરીક્ષણ. અને પછી તપાવવું પડે એટલે સાચી કસોટી થાય. તત્ત્વમાં અરુચિ. એ મિથ્યાદર્શન છે. મિથ્યાદર્શન સાથે તેની પત્ની કૃદષ્ટિ જોડાયેલી છે. વિચારોનાં ચશ્માં આપણે પહેરી લીધાં છે એટલે તે જ પ્રકારના વિચારો (ભાવો) બહાર આવે છે. આપણને સામી વ્યક્તિ માટે જેવો ભાવ છે તેવી જ તે વ્યક્તિ દેખાય છે. કોઈ પણ વ્યક્તિ (આત્મા) ખોટો નથી, અંદર પડેલું અજ્ઞાન અને દોષો ખોટાં છે. પાપ ખરાબ છે. પાપી ખરાબ નથી. પાપીને ખરાબ માનવો તે કુદષ્ટિ છે. આચાર્ય કહે છે તમારી અંદર ભોગતૃષ્ણા હોય છે તેના પ્રતાપે તમે ભોગ બનો છો. પણ જેવી ભોગતૃષ્ણા બહાર નીકળે છે તેવું જ સમ્યક જ્ઞાન આવે છે. પછી મામા જણાવે છે વિપર્યાસ સિંહાસન પર બેઠેલા મહામોહ રાજા વૃદ્ધ થઈ ગયા છે અને બધો

કારભાર રાગકેસરીને સોંપેલ છે તે સિંહાસન પર છે. તેના ત્રણ મિત્રો છે દૃષ્ટિરાગ, સ્નેહરાગ અને વિષયરાગ. કોઈ પ્રત્યે વધારે રાગ થઈ જાય તે સ્નેહરાગ, કોઈના રૂપ પ્રત્યે મોહી પડે તે દૃષ્ટિરાગ અને કોઈ પણ એક વસ્તુ જેવી કે સ્વાદ, કામ, સંચય તેના પ્રત્યે રાગ થઈ જાય તે વિષયરાગ. રાગકેસરીની પત્ની મૂઢતા. ડાબી બાજુ દ્વેષ ગજેન્દ્ર અને તેની પત્ની અવિવેકિતા છે. તેમની પાછળ એક પુરુષ છે તે મકરધ્વજ છે અને તેની પત્ની રતિ છે. મંત્રી વિષયાભિલાસની પત્ની ભોગતૃષ્ણા અને મિથ્યાભિમાનનાં પાંચ બાળકો છે. રસનાનું મૂળ વિષયાભિલાસ છે.

સૌથી પહેલાં તો મનુષ્યએ જાણવું જરૂરી છે કે મનુષ્યભવ દુર્લભ છે. લોલાક્ષ એટલે લોલકની જેમ ફરનારો. જેને રૂપમાં અત્યંત આસક્તિ છે તે લોલાક્ષ. દારા એટલે સ્ત્રી. દારૂ દારાને આકર્ષે છે. ઇચ્છાઓ અનંત છે તેથી આકાશ સાથે સરખાવી છે. જેમ ઉપર ચઢીએ તેમ આકાશ ઊંચું અને ઊંચું જતું જાય છે તેવી રીતે જેમ ઇચ્છાઓ સંતોષાતી જાય છે તેમ નવી અને નવી થતી જાય છે.

પર્વતની ટોચ ઉપરથી રગડતો રગડતો પથ્થર લીસો અને ઘાટમાં થતો નીચે આવતો હોય તો ભવિતવ્યતાની જરૂર શી છે ? કર્મ અને પુરુષાર્થ બંને ભેગાં હોય છે. તેમને જાગ્રત કરવાની જરૂર હોય છે. તેવો પુરુષાર્થ કે જે કર્મને હળવું કરે છે. પુરુષાર્થનું કર્તવ્ય વિવેક પર્વત પર પહોંચ્યા પછી જ શરૂ થાય છે. વિવેક પર્વત (ઉન્નતિ) ઉપર ગયા પહેલાંનાં બધા જ કર્મો ભવિતવ્યતાને આભારી છે. પુરુષાર્થના સાથ માટે વિવેક પર્વત પર જવું. આકાશ સુધી ઊંચા જવાથી સ્વમાં જવાય છે. સ્વમાં આનંદ છે તેવી અનુભૂતિ નથી થતી. પરને છોડીને સ્વમાં જવાથી રસ પડશે ? એવી શંકા એટલે નિર્વેદ. અને નિર્વેદનો અર્થ સંસારના સ્વરૂપનું ચિંતન કર્યા પછી પણ સંસારનાં સુખો પર કંટાળો નથી આવતો તે. નિર્વેદનો અભાવ એટલે કંટાળાનો અભાવ.

વિમર્શ અને પ્રકર્ષ (મામા-ભાણેજ) આ પ્રમાણે ચર્ચા કરી રહ્યા છે. કયા કારણોસર જીવ પીશાચીઓના સંકંજામાં ફસાયો હોવા છતાં મુક્ત થવાનો પ્રયત્ન કરતો નથી ? તેનો જવાબ છે આટલાં દુઃખો પડવા છતાં તે કંટાળતો નથી. નિર્વેદનો અભાવ છે. નિર્વેદના અભાવનું કારણ વિવેકપર્વત પર ચડવા દેતું નથી. વિવેક એટલે વિશેષ રૂપે છૂટું પાડવું - સંસારમાંથી સારને ગ્રહણ કરવો અને અસારને છોડી દેવા તેનું નામ વિવેક છે.

નિર્વેદ નહિ આવવાનું કારણ કુદષ્ટિ અર્થાત્ અનેકાન્તપણાનો અભાવ છે. એકાંતવાદ એટલે મિથ્યાત્વ એટલે એને એનો જ વિચાર સાચો લાગે. વિવેક પર્વત પર પહોંચ્યા પછી સંસારનાં સુખો પૌદ્‌ગલિક લાગે. પૌદ્‌ગલિક એટલે પદાર્થથી પ્રાપ્ત થતાં એવાં સુખ કે જે પદાર્થના જવાથી દુ:ખ પામે છે. સ્વઆત્માનું સુખ સંસારના સુખ કરતાં અનંતગણું વધારે છે. સ્વમાં સુખની અનુભૂતિ થાય ત્યારે જ બીજા સુખ ગૌણ લાગે છે.

વિવેકપર્વત પર સાત્ત્વિકચિત્ત નગર છે. ત્યાં સાત્ત્વિક ગુણોવાળું નગર જ્યાં દયા, ક્ષમા, કરુણા રહે છે. અને ચિત્તના સમાધાનરૂપી મંડપનું નામ ચિત્તસમાધાન છે. મંડપમાં નિસ્પૃહતા નામની વેદિકા છે. સ્પૃહા વગરનું જીવન મળે તો ભોગવવાની આસક્તિ રાખવી નહિ આ વિવેક છે. જેની પાસે વસ્તુ હોય અને તે વસ્તુનો ત્યાગ કરે તેને ત્યાગ કહેવાય. વિવેકપર્વત પર પછી જીવ ચિત્તસમાધાન કરી શકે છે. અર્થાત્ સારું-ચિત્ત. નકામી કલ્પના, કુવિકલ્પો, વિકળતા, વૈમનસ્ય રહિત સ્થિરતાવાળું પવિત્ર મન, એવા મનમાં જ સંતોષ સંભવે છે. અહીં સારું મનરૂપી મંડપ ગણવામાં આવ્યો છે. સિંહાસન ઉપર જીવ વીર્ય છે. વીર્ય એટલે પુરુષાર્થ. આટલી બાબત હોય, વિવેકપર્વત હોય, નિસ્પૃહતા હોય... સાથે પુરુષાર્થ હોય તો તે પુરુષ સિદ્ધપુરુષ બની શકે છે.

ચતુર્મુખ વિવેકપૂર્ણ ચિત્તથી જે દાન આપવામાં આવે ત્યારે તે આત્મા ધર્મ પામે છે. સુદેવ, સુગુરુ, સુધર્મ એટલે સમ્યક દર્શન. ગૃહસ્થ ધર્મ અને ચારિત્રધર્મનો ખૂબ વિસ્તારપૂર્વક ઉલ્લેખ થયેલો છે પણ લગભગ બધા જાણતા હોવાથી અહીં વિસ્તાર કર્યો નથી. તે છે શ્રાવકના બાર વ્રત, સાધુનાં પાંચ મહાવ્રતો.

સમ્યકદર્શન નામનો સેનાપતિ, સદ્બોધની પત્ની નિષ્પિપાસી એટલે હવે કોઈ ઇચ્છા રહી નથી. એક બાજુ મોહનું રાજ, બીજી બાજુ ધર્મનું રાજ એમ બધું સ્પષ્ટ થાય છે. રસનાનું મૂળ સ્થાન પ્રાપ્ત થઈ ગયું છે. આ રીતે વિચક્ષણમુનિએ પોતે જ વિચક્ષણ છે અને તેમની દીક્ષાનું આ કારણ થયું એટલે દીક્ષા લીધી એમ જણાવે છે.

રાજા નરવાહન વૈરાગ્ય પામે છે. પુત્રને રાજ્ય સોંપી પોતે દીક્ષા લે તો રિપુદારણના શૈલરાજ અને મૃષાવાદના દોષો કેવી રીતે દૂર થશે ? આચાર્યદેવ કહે છે કે તેની ચિંતાથી કંઈ લાભ થવાનો નથી. રાજા દીક્ષા લઈ શકે છે. પ્રત્યક્ષ સદાગમનો સમાગમ અને પિતાની દીક્ષા આ બધું જ્યારે નજરે જોવા છતાં રિપુદારણે મન થોડી પણ અસર અભિમાન તથા અસત્યએ થવા દીધી નહીં. અહીં એ જ સમજવાનું છે કે જીવનની યોગ્યતા કે તૈયારી વગર સદ્ગુરુ પણ કંઈજ કરી શકતા નથી. તે માટેની તૈયારી જીવે પોતે જ કરવી પડે છે.

રિપુદારણને પિતાની દીક્ષાથી મળેલા રાજ્યથી તેના મિત્રો શૈલરાજ અને મૃષાવાદ રાજી થાય છે. પણ પુણ્યોદય કંઈક જાગે છે. એક વખત તપન ચક્રવર્તી આવ્યા. મંત્રીઓએ રિપુદારણને યોગ્ય માન આપવા સમજાવ્યો. પણ શૈલરાજ અને મૃષાવાદના પ્રભાવમાં રિપુદારણ માન્યો નહિ. મંત્રીઓ ગભરાયા. તપને તેમ શાંત કર્યા. યોગેશ્વર તંત્રવાદીને બોલાવી યોગચૂર્ણ રિપુદારણ પણ નાખ્યું. તેના શરીરે બળતરા ચાલી. છેવટે બધામાં હલકો પાડ્યો. ઢેઢ અને ભંગીઓને પગે પણ પાડ્યો. આખરે તે મરણ પામ્યો. પછી તિર્યંચ જાતિમાં ખૂબ રખડ્યો. પછી ભવિતવ્યતાએ બીજી ગોળી આપી વર્ધમાનપુર મોકલ્યો.

પ્રસ્તાવ : ૪ ઘણા જ વિસ્તારથી કહેવાયેલો છે. તેમાં મુખ્ય તત્ત્વ સંસારીજીવ રિપુદારણની શૈલરાજ અને મૃષાવાદની સંગતના લીધે થત અનર્થો અને ભોગવવી પડતી પીડાઓનું વિસ્તારથી વર્ણન છે. વચમાં રસના કથાનક આવે છે જે આચાર્ય વિચક્ષણાચાર્ય રાજા નરવાહન સમક્ષ અને રિપુદારણની હાજરીમાં કહે છે. તેમ અતિશય પાત્રો છે. તેમની ઊંડાણથી ચર્ચા કરવામાં આવી છે. જો તે બધાનો થોડો થોડો પણ ઉલ્લેખ કરું તોપણ આપણા જેવા સાધારણ જ્ઞાનવાળા મનમાં ઘણો ગુચવાડો ઊભો થવાનો સંભવ છે. એટલે અ કથાનક, જેટલી વ્યાખ્યાનમાં સમજણ આપવામાં આવી હતી અને તેમાંથી પણ જેટલી સમજીને મેં લખી હતી તેટલું જ લીધું છે. મહામોહનું સામંતચક્ર, ભવચક્ર અને છેલ્લે વિવેકપર્વત પરથી અવલોકનમાં આત્માની ઉન્નતિ અને અધોગતિનાં કારણો આપણે સમજવાના છે. રાજા નરવાહનની દીક્ષા પછી પણ રિપુદારણના પતનના પ્રસંગો છે. તેમાં પણ મુખ્ય ભૂમિકા શૈલરાજ અને મૃષાવાદની હોવાથી ટૂંકમાં જ પતાવ્યું છે.

********

## પ્રસ્તાવ : ૫-એ

| | | |
|---|---|---|
| ધવળ | : | વર્ધમાન નગરનો રાજા |
| કમળસુંદરી | : | ધવળ રાજની રાણી વિમળની માતા |
| વિમળ | : | ધવળરાજાનો પુત્ર આ પ્રસ્તાવનું અગત્યનું પાત્ર |
| સોમદેવ | : | વર્ધમાનનગરનો શેઠિયો વામદેવનો પિતા |
| કનકસુંદરી | : | સોમદેવશેઠની સ્ત્રી |
| વામદેવ | : | કથાનાયક, સંસારીજીવ સોમદેવ અને કનકસુંદરીનો પુત્ર |
| સ્તેય | : | વામદેવનો મિત્ર (અંતરંગ) ચોરીનું રૂપક |
| બહુલિકા | : | (માયા) વામદેવની સખી (અંતરંગ) |
| | | ગગનશેખર નગર |
| મણિપ્રભ | : | ગગનશેખરનો રાજા |
| કનકશિખા | : | મણિપ્રભની રાણી |
| રત્નશેખર | : | મણિપ્રભનો પુત્ર |
| રત્નશિખા | : | મણિપ્રભની પુત્રી, મેઘનાદની સ્ત્રી |
| મણિશિખા | : | મણિપ્રભની પુત્રી – અમિત પ્રભની સ્ત્રી |

## પ્રસ્તાવ : ૫

ચોથા પ્રસ્તાવમાં સંસારીજીવ પોતાને મળેલો મનુષ્યભવ હારી ગયો. એ જ ભવમાં તેણે અનેક પ્રકારની વિડંબનાઓ કરી, અનેક પ્રકારના દુ:ખોનો સાક્ષાત અનુભવ કર્યો અને અત્યંત અધમ જાતિકુળ વગેરે પ્રાપ્ત કર્યાં.

પછી ભવિતવ્યતા તેને મનુજગતિ નામની નગરીમાં લઈ ગઈ, ત્યાં તેનામાં મધ્યમ પ્રકારના ગુણો આવ્યા. તેનાથી ભવિતવ્યતા પ્રસન્ન થઈ. તેણે સંસારીજીવ સાથે રહેવા પુણ્યોદય મિત્રને જાગ્રત કર્યો અને કહ્યું કે હવે તે વર્ધમાનપુરમાં જાય પુણ્યોદય તેની સાથે આવશે અને તેની સેવા કરશે. પ્રસ્તાવ : ૫ માં વિષદ(સ્પષ્ટ-નિર્મળ) માનસનો રાજા, તેની પત્ની શુદ્ધતા અને પુત્રી ઋજુતા એટલે સરળતા. જ્યારે અપરાધભાવથી ડર ઊભો થાય છે ત્યારે પાપભરુતા ભાગે છે. મુક્તતા એટલે મુક્તિ તરફનો માર્ગ અને ત્યાગની ભાવના એ પાંચમા પ્રસ્તાવનો અંતિમ ભાગ છે.

### વર્ધમાનનગર થી કથા શરૂ થાય છે.

વર્ધમાનપુરમાં ધવળરાજ રાજ્ય કરતા હતા. કમળસુંદરીથી એને વિમળ નામનો ગુણવાના પુત્ર થયો. એ જ નગરમાં સોમદેવ નામનો શેઠ હતો. તેની પત્નીનું નામ કનકસુંદરી હતું. તેમને વામદેવ નામનો પુત્ર થયો. આ વામદેવ એટલે આપણો સંસારીજીવ. પુણ્યોદયનો પણ તેની સાથે જ જન્મ થયો. (એક જ કુળમાં) અનેક પ્રકારના લાડથી મોટો થયો અને સમજણો થયો તે વખતે તેણે તદ્દન કાળા રંગના બે પુરુષો જોયા. તેમની સાથે વાંકી કેડ વળી ગયેલી કદરૂપી સ્ત્રી જોઈ. એમાંનો એક પુરુષ તેની નજીક આવ્યો અન ભેટ્યો. વામદેવે કહ્યું કે તે ઓળખતો નથી. એટલે તે દુ:ખી થઈ જાય છે : અને યાદ અપાવે છે કે રિપુદારણના ભવમાં તે ને તેની બહેન તેના ખાસ

મિત્રો હતાં મૃષાવાદ અને માયા. અને અત્યારે તે ઓળખતો પણ નથી. પછી તે કહે છે કે અત્યારે તેની સાથે મિત્રતા કરવાનો તેનો અવસર નથી. તે બીજામાં પ્રવેશ્યો છે (માયા પણ), પરંતુ મારી બહેનને તારા પણ ઘણો સ્નેહ છે એટલે બહુલિકા નામથી આવી છે તેની સાથે મારો નાનો ભાઈ સ્તેય પણ આવ્યો છે. આ બંનેને તું ખૂબ સાચવજે. માયાનું બીજું નામ છે બહુલિકા અને સ્તેય એટલે ચોરી, લૂંટ, પારકી વસ્તુ પચાવી લેવી – આ બધું સ્તેયમાં આવે છે. આ બે જણાની સાથે સાથે વામદેવને કુમાર વિમળ સાથે પણ દોસ્તી થઈ. વિમળનો પ્રેમ સાચો અને નિસ્પૃહ હતો, જ્યારે વામદેવનો પ્રેમ સ્વાર્થી હતો. પરંતુ બંનેની માતાઓ સખી હોવાથી તેમની મિત્રતાનું નિમિત્ત બની હતી.

બંને મિત્રો વામદેવ અને વિમળ અનુક્રમે યુવાવસ્થા પામ્યા. એક વાર ફરતા ફરતા ક્રીડાનંદન વનમાં રમવા ગયા ત્યાં ગીચ ઝાડીમાં એક સ્ત્રી – પુરુષનું જોડું જોયું. વિમળે કહ્યું, આ મહા ઉત્તમ સ્ત્રી – પુરુષ છે. તેણે પહેલા પુરુષલક્ષણનું વર્ણન કરવા માંડ્યું અને પછી સ્ત્રીલક્ષણનું કહેતાં કેડ સુધી વાત આવી અને આકાશમાં ઉઘાડી તલવાર સાથે બે પુરુષો દેખાયા. અને લતામંડપવાળા પુરુષને હાકોટો કરીને બોલાવ્યો. લતામંડપનો પુરુષ તલવાર ઉઘાડીને આકાશમાં દોડ્યો. તે એક જણ સાથે લડવા માંડ્યો અને બીજો સુંદરીને પજવવા નીચે આવ્યો. તેનાથી સુંદરી ગભરાઈ ગઈ અને વિમળ પાસે આશ્રય માંગ્યો. વિમળે આશ્રય આપ્યો. વનદેવતાના જોરથી આવનરો અટકી ગયો. અને તે આકાશવાળો બંને ગુમ થઈ ગયા. લતામંડપવાળો પુરુષ નીચે આવીને સુંદરીની રક્ષા માટે વિમળનો આભાર માને છે. વિમળ આ શું બાબત છે તેમ પૃચ્છા કરે છે એટલે લતામંડપવાળો વિદ્યાધર પોતાની હકીકત વિગતવાર કહે છે.

આ શ્રી વિદ્યાધર ગગનશેખર નગરના મણિપ્રભ રાજાની પુત્રી રત્નશિખાનો પુત્ર હતો. તેના પિતાનું નામ મેઘનાદ હતું. તેનું નામ રત્નચૂડ હતું. તે વિદ્યાધર હતો. તેની સ્ત્રીનું નામ ચ્યુતમંજરી હતું. લડવા આવેલા તેની માસીના પુત્રો હતા. તેમના વેરનું કારણ તેના મામાએ પોતાની પુત્રી આ બે ભાઈઓમાંથી એકને પણ ન આપતાં ધર્મિષ્ઠ રત્નચૂડને આપી તેથી વેર લેવા આવ્યા હતા. આ હકીકત રત્નચૂડે વિમળકુમારને કહી અને તેણે કરેલા ઉપકારના બદલામાં અમૂલ્ય રત્ન આપવા માંડ્યું. વિમળકુમાર નિસ્પૃહી હતો, તેણે લેવાની જ ના પાડી અને જણાવ્યું કે એવું કોઈ મહત્ત્વનું કાર્ય કર્યું નથી કે તેણે રત્ન લેવું પડે. છેવટે તેની ઇચ્છા વગર પરાણે તે ચિંતામણિ રત્ન વિમળકુમારના વસ્ત્રના છેડે બાંધ્યું. તેની નિસ્પૃહતા જોઈને રત્નચૂડને તેના ઉપકારનો બદલો ધર્મપ્રાપ્તિ કરવાની વાળવાનો થયો. એટલે તે ક્રીડીનંદનવનમાં આવેલા ઋષભદેવ ભગવાનના મંદિરમાં દર્શન કરવાનો આગ્રહ કરીને તેડી ગયો. અહીં વિમળકુમારને પૂર્વજન્મનું જાતિસ્મરણજ્ઞાન થયું. વિમળકુમારે હૃદયપૂર્વક રત્નચૂડનો ઉપકાર માન્યો. ઋષભદેવના મંદિરનું અદ્‌ભૂત વર્ણન છે.

પૂર્વજન્મનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી વિમળને સંસાર પરથી વૈરાગ્ય પ્રાપ્ત થયો. વિમળકુમાર પ્રેમથી રત્નચૂડને જણાવે છે કે તમે ગુરુની જેમ તમે મને ધર્મમાં જાગ્રત કર્યો છે તેવી રીતે મારા માતાપિતાને જાગૃતિ મળે તો સારુ ; નહિતર તેના ત્યાગમાર્ગમાં માતાપિતાનો પ્રેમ વિઘ્નરૂપ બનશે. રત્નચૂડે એક બુદ્ધાચાર્ય નામના ગુરુને મેળવી આપવાનું કહ્યું અને બધા છુટા પડયા. હવે વામદેવ કે જે પૂરો સમય વિમળની સાથે જ હતો છતાં તેના મનમાં પેઠેલા ચોરી અને માયાએ તેના પર સ્હેજ પણ અસર થવા દીધી નહિ. તેના મનમાં તો બીજું કશું નહિ પણ વિમળના વસ્ત્રમાં બાંધેલું રત્ન કેવી રીતે ચોરી લેવું તેની વિચારણા જ હતું. ત્યાં જ વિમળકુમારે કહ્યું કે આ રત્ન સાથે લઈ જઈશું તો ક્યાંક ચોરાઈ કે ખોવાઈ જશે. તેના કરતાં કોઈ ખરે સમયે કામ

લાગશે તે માટે જમીનમાં દાટી દઈએ. વામદેવને તો આ જ જોઈતું હતું. એક ગુપ્ત સ્થળે રત્ન દાટીને બંને જણા ઘર તરફ જવા છૂટા પડ્યા.

વામદેવને તે રત્ન કાઢી લેવાના વિચારમાં રાત્રે ઊંઘ પણ આવી નહિ. સ્તેય મિત્રએ પ્રેરણા આપી કે ચિંતામણિ રત્ન તો તેણે લઈ જ લેવું જોઈએ. આવા અનેક વિચારો કરી તે પાછો ગયો. દાટેલું રત્ન કાઢી તેના જેટલા વજનનો પથરો કપડામાં વીંટાળી દીધો અને રત્ન બીજે દાટી દીધું પછી ઘેર આવ્યો. સ્તેયે તેને કાનમાં કહ્યું કે તેં ભૂલ કરી. રત્ન ઘેર લાવવાનું હતું. સવારે પાછો રત્ન લેવા જાય છે પણ ગભરાટમાં ને ગભરાટમાં પથરો વીંટાળેલો ખોદીને લઈ લે છે. તે પહેલાં વિમળકુમાર કંઈક કામથી તેને લેવા તેના ઘેર જાય છે. તે હોતો નથી એટલે તેની પાછળ પાછળ જાય છે. વામદેવ જ્યારે પાછો ફરતો હોય છે ત્યારે વિમળકુમાર સામો મળે છે. તે પૂછે છે કે અહીં કેમ આવ્યો છું ? ત્યારે માયાદેવી તથા અસત્યની મદદથી આડા અવળા જવાબો આપે છે.

વામદેવને થાય છે કે જરૂરથી વિમળકુમાર તેને જોઈ ગયો લાગે છે. એટલે જ્યારે નજીકમાં ભગવાનના મંદિરમાં તેઓ દર્શન કરવા જાય છે ત્યારે વિમળકુમાર અંદર જાય છે અને વામદેવ નિર્જન રસ્તા પર નાસવા માંડે છે. હકીકતમાં તો અત્યારે થોડું પુણ્ય બાંધવાનો અવસર મળ્યો હતો પણ મહામોહના સૈન્યમાંથી આવેલા સ્તેય અને માયાના લીધે તે પ્રાપ્ત થઈ શક્યો નહિ. વિમળકુમાર પવિત્ર આત્મા હતો. તેણે મંદિરમાં જઈને ખરા મનથી આદિનાથ ભગવાનની સ્તુતિ કરી. બહાર આવીને વામદેવને જોયો નહિ. તેણે ત્રણ દિવસ સુધી પોતાના માણસો પાસે શોધખોળ કરાવી. ત્રણ દિવસે તેના માણસો તેને લઈને આવે છે. સરળ હૃદયનો વિમલકુમાર વામદેવને પૂછે છે; ક્યાં હતો ? તેની આગળ અનેક જૂઠાણાં બોલે છે.

હકીકતમાં તો તેના મનમાં હતું કે કુંવર જોઈ ગયો છે એટલે ભાગે છે. દૂર ગયા પછી વસ્રને છોડતાં રત્નના બદલે પથરો મળે છે. ઉતાવળમાં કરેલી ભૂલ સમજાય છે. હવે દૂર ભાગવાનો અર્થ નથી એમ વિચારીને પાછો આવે છે. ત્યારે વિમળકુમારના માણસો તેને અહીં લઈ આવે છે. આવા સરળ અને નિર્દોષ હૃદયના કુમારને ઠગતો જોઈને વનદેવીને કહો કે તેનાં દુષ્કૃત્યો કહો તેના હૃદયમાં શૂળ ઉત્પન્ન થાય છે. તે બૂમો પાડવા માંડે છે. તેને સારું કરવા કુમાર પેલું રત્ન લેવા જાય છે ત્યારે વનદેવી પ્રગટ થઈ અને સાચી હકીકત કહે છે. પણ કુમાર તેને કોઈ શિક્ષા કરતો નથી, ક્ષમા કરે છે. મોક્ષગામી જીવોની ઉદારતા હેરત પમાડે તેવી હોય છે. પાછો તેને મંદિરમાં દર્શન કરવા લઈ જાય છે.

અહી સમજવાનું છે કે જીવને આગળ જવાના ઘણા પ્રસંગો મળે છે છતાં તેનાં કર્મપરિણામ તેને આવા પાત્રોની હાજરીમાંથી આગળ વધવા દેવાના બદલે પાછળ હડસેલે છે. વિમળકુમારનું હૃદય પ્રેમથી ભરેલું હોવાથી ઊંડાણની લાગણીથી પ્રભુની સ્તુતિ કરતો હતો ત્યારે રત્નચૂડ વિદ્યાધર આવી પહોંચે છે. હૃદયના ઊંડાણની લાગણીભરી સ્તુતિ સાંભળીને વિદ્યાધરની આંખોમાં પ્રેમનાં આંસુ આવે છે, પણ અનેક દોષથી ભરેલા પથ્થર જેવા વામદેવના હૃદયને જરા પણ અસર થતી નથી. બહાર નીકળી રત્નચૂડ વિદ્યાધરનો ચક્રવર્તી રાજા હતો. અને તેના કામમાં વ્યસ્ત હોવાથી બુદ્ધાચાર્યને મળ્યો હતો અને તેઓ અહી પધારવાના છે તેમ જણાવે છે.

બુદ્ધાચાર્ય પધારે છે. પોતાની વિવિધ પ્રકારની લબ્ધિ અને શક્તિના યોગે તેમણે રાજાને તથા પ્રજાને જાગ્રત કર્યાં. સંસારનું સ્વરૂપ બતાવ્યું, આત્માની અનંત શક્તિ સમજાવી, ત્યાગમાર્ગમાં શાંતિ જણાવી. મૈત્રી, પ્રમોદ, કરુણા,મધ્યસ્થતા-દિ ભાવનાને આત્મવિશુદ્ધિના કારણરૂપે બતાવ્યા. આવું ઉત્તમ જ્ઞાન અને સુખ-શાંતિ પ્રયત્નથી મળી શકે છે

છતાં લોકો મહામોહને વશ થઈ, વસ્તુતત્ત્વનો વિચાર કરતા નથી અને ખાલી હાથે આવ્યા હોય તેમ ખાલી હાથે ચાલ્યા જાય છે.

મહાત્માઓનો અમોઘ ઉપદેશ, સત્તામાં સૂતી પડેલી આત્માની અનંત શક્તિને જાગ્રત કરે છે. તેમ છતાં સૂર્યનો પ્રકાશ જેમ ઘુવડને અંધકારમાંથી બહાર કાઢી શકતો નથી (ઘુવડની આંખો બંધ હોય છે). તેમ વામદેવને પણ બોધ સાંભળવાના ઘણા પ્રસંગ મળ્યા. પણ તેના અંતરનાં દ્વાર બંધ હોવાથી, કાન ઉઘાડા હોવા છતાં ગુરુદેવના શબ્દો તેના હૃદયમાં પ્રવેશ કરીને તેની સૂતેલી આત્મશક્તિને જાગ્રત કરી શક્યા નહિ. વામદેવ જરા પણ સુધર્યો નહિ. ઊલટાનું તેના મનમાં એવા વિચારો આવવા માંડ્યા કે વિમળકુમાર દીક્ષા લેવાનો છે તો મને પણ ખેંચીને લેવડાવશે. આમ વિચારી તે નાસી જાય છે.

વિમળકુમારને તે વામદેવને આ ધાર્મિક માર્ગમાં યોજવા ખૂબ તપાસ કરે છે. સંત પુરુષોની દયા અપાર હોય છે છતાં દુર્ભાગી જીવો તેનો લાભ લઈ શકતા નથી. કુમાર ગુરુદેવને પૂછે છે કે કેમ વામદેવનો પત્તો લાગતો નથી? તે ક્યાં હશે? આચાર્યદેવ કહે છે કે તું દીક્ષા અપાવી દઈશ તેવા ભયથી તે નાસી ગયો છે. વિમળકુમારે પૂછ્યું કે તે ભવ્ય જીવ છે કે અભવ્ય જીવ? આચાર્યદેવ કહે છે કે તે ભવ્ય જીવ છે પણ અત્યારે સ્તેય અને માયાથી લપેટાયેલો છે. તેથી તે આપણને ધુતારા સમજે છે. કમળો થયો હોય તેને પીળું જ દેખાય તેમ માયાવી અને લુચ્ચો બીજાને પણ તેમના જેવા જ સમજે છે.

વિશદમાનસ નગરના શુભાભિસન્ધિ રાજાને નિર્મળ આચારવાળી શુદ્ધતા અને પાપભીરુતા નામની બે રાણીઓ છે. તેમણે બે કન્યાઓને જન્મ આપ્યો છે. એકનું નામ ઋજુતા અને બીજીનું નામ અચૌર્યતા છે. તેને કોઈ પણ પ્રકારની સ્પૃહા નથી. સારા પુરુષોને તે વહાલી લાગે છે. જ્યારે તમારો મિત્ર આ બે કન્યાઓ સાથે લગ્ન કરશે ત્યારે કપટ અને ચોરી ભાગી જશે. બે વિરોધી સ્વભાવના હોવાથી

એક સ્થાને બે રહી શકતા નથી. (ઋજુતા, અચૌર્યતા અને સ્તેય-માયા).

અત્યારે ધર્મપ્રાપ્તિ માટે વામદેવમાં જરાપણ યોગ્યતા નથી. ગુરુદેવના વચન પર વિમળે પૂર્ણ શ્રદ્ધા રાખી.

આ બાજુ વામદેવ ત્યાંથી નાસીને કાંચનપુર તરફ ગયો. ત્યાં એક સરળ શેઠને મળ્યો. તેમણે તેને પુત્રની જેમ રાખ્યો. પણ તેના મનમાં તો પોતે બધું ક્યારે ચોરીને ભાગી જાય તેવી તક શોધવા માંડ્યો. એક દિવસ શેઠને બીજે ઠેકાણે જમવા જવાનું થયું. શેઠ બધું સોપીને (વામદેવને) બહાર ગયા. તેણે ઘરમાંથી સઘળું ઝવેરાત કાઢીને જમીનમાં દાટી દીધું. પણ ચોકીદાર અને કોટવાળ જોઈ ગયો. શેઠ આવ્યા ત્યારે તેણે બધું ચોરાઈ ગયું હોવાની ખબર આપી. પણ કોટવાળે શેઠને કહ્યું બધું વામદેવે જ કરેલું છે એમ કહી તે માલ કાઢી લાવ્યો. રાજાએ તેને મારી નાખવાનો હુકમ કર્યો પરંતુ દયાળુ શેઠે કરગરીને છોડાવ્યો. એકવાર કોઈ વિદ્યાસિદ્ધપુરુષે રાજાનો ભંડાર તોડ્યો. રાજાને વામદેવ પર શક જવાથી તેને મારી નાખ્યો. ત્યાંથી મરીને પશુસ્થાનમાં ખૂબ રખડ્યો.

જે પ્રાણીઓ પ્રાણઇન્દ્રિય, માયાકપટ અને ચોરીમાં આસક્ત હોય છે તેને આ ભવમાં જ અનેક પ્રકારનાં દુઃખો અને વિડંબનાઓ થાય છે. જો આ તત્ત્વ બરાબર સમજાય તો સ્તેય (ચોરી), માયા અને ઘ્રાણેન્દ્રિય પર આસક્તિ પ્રયત્નથી છોડી દેવી જોઈએ.

આ પ્રમાણે સંસારીજીવને સદાગમ અને સત્સંગનો સમાગમ મળ્યો, પણ ઋતુ વિના જેમ વૃક્ષને ફળ ના બેસે તેમ યોગ્ય તૈયારી વિના તેનો લાભ તેને ના મળ્યો. ન મળવાનું કારણ મહામોહનાં બાળકોની સોબત હતી. આપણે આ દુર્ગુણોથી સાવચેત રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિવિધ દુઃખોને ભોગવી, ભવિતવ્યતાએ પુણ્યોદય સાથે આનંદનગરે મોકલ્યો.

# પ્રસ્તાવ : ૬-એ

## સ્થળ : આનંદપુર (બહિરંગ)

### મુખ્ય પાત્રો

| | | |
|---|---|---|
| કેસરી | : | આનંદપુરનો રાજા |
| જયસુંદરી | : | કેસરી રાજાની રાણી |
| હરિશેખર | : | આનંદપુરનો વણિક કથાનાયકનો પિતા |
| બંધુમતી | : | હરિશેખરની પત્ની કથા નાયકની માતા |
| ધનશેખર | : | કથાનાયક સંસારીજીવ |

## સ્થળ : જયપુર (બહિરંગ)

| | | |
|---|---|---|
| બકુલ | : | જયપુરનો નગરશેઠ |
| ભોગિની | : | બકુલ શેઠની પત્ની |
| કમલિની | : | બકુલ શેઠની પુત્રી કથાનાયક ધનશેખરની પત્ની |

## (અંતરંગ)

| | | |
|---|---|---|
| પુણ્યોદય | : | ધનશેખરનો મિત્ર |
| સાગર | : | ધનશેખરનો બીજો મિત્ર (લોભ) |

## પ્રસ્તાવ : ૬

### મૈથુન, લોભ, ચક્ષુ

છઠ્ઠા પ્રસ્તાવમાં મૈથુન અને લોભ નામના મનોવિકારોનું મહત્ત્વ છે. લોભ સર્વ ગુણોનો નાશ કરનાર અતિ અધમ મનોવિકાર છે એ આપણે સંસારીજીવ જે અહીં ધનશેખરના નામથી ઓળખાયો છે તેના ચરિત્ર પરથી જોઈશું. ધનના શિખર પર બેસવાની ઇચ્છા ધરાવે છે તે ધનશેખર છે. બકુલશેઠે તેને જયપુરમાં દીકરી આપી અને વ્યાપારમાં કરોડો મેળવ્યા, પણ એને તૃપ્તિ ના થઈ. ધનનો મોહ કેવો છે અને એની પાછળ વલખા મારનારના કેવા હાલ થાય છે તે અહીં બહુ વિચારવા યોગ્ય છે.

આનંદપુર નામના નગરમાં કેસરી રાજા અને જયસુંદરી રાણી હતાં. તે નગરમાં હરિશેખર નામનો વણિક વ્યાપારી મહાદાનવીર હતો. તે રાજાને પ્રિય હતો. તેને બંધુમતી નામની પતિભક્તિ સ્રી હતી. વામદેવ (સંસારીજીવ) ગોળીના પ્રભાવે તે સ્થાને જન્મ્યો. તેની સાથે સાગર નામના મિત્રનો પણ જન્મ થયો. સાગર સાથે ધનશેખરની દોસ્તી જામી. તેના પ્રતાપે તે ધનને જ સર્વસ્વ માનવા માંડ્યો. અને પિતાની રજા લઈ એક પાઈ પણ લીધા વગર ધનની શોધમાં ચાલી નીકળ્યો.

હવે આ સાગર વિશે જોઈ લઈએ. સાગર નાયકનો અંતરંગ મિત્ર છે. તે મહામોહના દીકરા રાગકેસરીનો પુત્ર છે. જ્યાંરે સંસારીજીવ બધાં દુ:ખો ભોગવી પાછો મનુષ્યજન્મમાં આવે છે, ત્યારે ચિત્તવૃત્ત અટવીમાં મહામોહની સત્તા બરાબર જામેલી છે. સંસારીજીવને મનુષ્યજન્મમાં આવેલો જાણી, ચિત્તવિક્ષેપ મંડપમાં બધા ભેગા થાય છે. વિષયાવિભલાસ મંત્રી ઊભો થઈને કહે છે. ગયા ભવમાં તેણે રસનાકુમારીને સંતોષ અને સદાગમના બળથી હરાવી દીધી હતી. તેની મદદે મૃષાવાદ, ઈર્ષ્યા, વિકથા અને નંદા વગેરે પણ ગયાં હતાં એટલે પ્રથમ તો આપણો જ વિજય ગયો હતો પરંતુ સદાગમ તેની

મદદે દોડી આવ્યો એટલે આપનો પરાજય થયો હતો. આ સાંભળીને રાગકેસરીનો પુત્ર સાગર ઊભો થયો અને કહ્યું એક વાર સંતોષ અને સદાગમ ફાવી ગયા તેથી શું થયું ? આ વખતે તો સંસારીજીવનો નાશ કરીને જ આવીશ.

સાગર એટલે જેનું બીજું નામ લોભ છે તે ત્યાંથી સારા શુકન જોઈને નીકળ્યો અને સંસારીજીવ એટલે ધનશેખરના હૃદયમાં યોગબળે અદૃશ્ય થઈને રહ્યો. સાગરની પધરામણી હૃદયમાં થતાં જ ધનશેખરના મનમાં ધન મેળવવાના અનેક સંકલ્પો ઉઠવા માંડ્યા. ઘરમાં તો ધનનો પાર નહોતો, તોપણ મારે પિતાનું ધન નથી જોઈતું જાતમહેનતથી જ કમાવું છે એવો નિશ્ચય કરી પરદેશ જવા માટે માતાપિતાની આજ્ઞા માંગે છે. તેઓ ઘણું સમજાવે છે પણ સાગરની અસરના લીધે તે માનતો નથી. છેવટે શિખામણો આપી પરદેશ જવાની સંમતિ આપે છે. સાથે ધન લઈ જવાનું પણ રહે છે. પણ પહેરેલાં વસ્ત્રો સિવાય કંઈ પણ લીધા વગર પરદેશ જવા રવાના થાય છે.

ફરતો ફરતો ધનશેખર જયપુર નગરે આવી પહોંચ્યો. તે વિવિધ કળાઓમાં હોશિયાર હતો. ધાતુવાદ અને ભૂમિના શાસ્ત્રમાં પ્રવીણ હોવાથી કેસુડાના વૃક્ષના ઉપરના ભાગમાં અંકુર નીકળેલો જોઈ તેણે ત્યાં ખોદ્યું અને તેની નીચેથી એક હજાર સોનામહોર લઈને શહેરમાં બકુલ નામના વેપારીને તે મળ્યો. તે શેઠને પુત્ર નહોતો પણ કમલિની નામની એક પુત્રી હતી. થોડા સમયના પરિચયથી તે (ધનશેખર) સાહસિક અને સરખા કુળનો જણાવાથી શેઠે તેને પોતાની પુત્રી પરણાવી અને ત્યાં રહેવા લાગ્યો. શેઠ પ્રમાણિક હતો અને પોતાના વારસદાર તરીકે ધનશેખરને નીમવાની ઇચ્છા ધરાવતો હતો. પણ મહામોહના પૌત્રને (સાગરને) આ ગમ્યું નહિ. તેને ધનશેખરને નીચે પછાડવો હતો એટલે સસરાથી જુદી રહીને પાપ-અન્યાયના વેપારો કરવાની સૂચના આપી. તે સમયે તેની મદદમાં સંતોષ, સદાગમ કે સુબુદ્ધિ હતાં નહિ તેથી

તેણે સંમત થઈ જુદો વ્યાપાર શરૂ કર્યો. ગમે તેવા અધમ જેવા કે અનાજના કોઠારો ભર્યા, કપાસની વખારો ભરી, લાખનો, ગળીનો લોઢાનો, યંત્રોમાં પીલવાનો, વનજંગલ કાપવાનો, અને ખાણો ખોદાવવા આદિનો વ્યાપાર શરૂ કર્યો.

આ વ્યાપાર કરતી વખતે તેની ધર્મબદ્ધિ ગળી ગઈ. દયાળુપણું દૂર થઈ ગયું. સરળતા નાશ પામી. સંતોષ અદશ્ય થયો. અરે, ધનપ્રાપ્તિની લાયમાં નકોરડા ઉપવાસ આદરી, પતિભક્તા પત્નીને પણ ભૂલી ગયો. એમ કરોડો સોનામહોરો પ્રાપ્ત કરી. હવે તેને કરોડ રત્નો પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ. તેણે સસરા પાસે રત્નદ્વીપ જવાની સંમતિ માગી. બકુલશેઠે તેને સમજાવ્યો કે ભાઈ, ધનની સ્થિતિ આવી જ છે. લોભનો પાર નથી. જેમ આકાશનો અંત નથી તેમ ઇચ્છાનો પણ અંત નથી. હવે ખૂબ ધન એકઠું થઈ ગયું છે. સંતોષ રાખી તેને યોગ્ય રીતે ગોઠવી શાંતિથી જીવો. ધનશેખર દલીલ કરે છે જે નર સંતોષ પામી જાય તેના તરફ લક્ષ્મીદેવી હલકી નજરથી જુએ છે. એમ લાંબી લાંબી દલીલો કરે છે. છેવટે શેઠને ટૂંકો ને ટચ જવાબ આપે છે કે પ્રાણી પાતાળમાં જાય કે મેરુ પર્વતના શિખર પર ચડે, રત્નદ્વીપે જાય કે ઘેર રહે પણ તેણે પૂર્વે જેવી વાવણી કરી હોય તે જ પ્રમાણે તેને ફળ પ્રાપ્ત થાય છે. છેવટે પત્નીને પિતા પાસે છોડી રત્નદ્વીપ જવા તૈયાર થાય છે. સાથે સાગર અને પુણ્યોદય પણ જાય છે. સાથેના બીજા વ્યાપારીઓ તો કમાઈને પાછા ફરે છે પણ લોભી ધનશેખર ત્યાં જ રહી પડે છે.

એક વખત એક વૃદ્ધ સ્ત્રી ધનશેખરની પાસે આવીને કહેવા લાગી કે ભાઈ, તમે આનંદપુરના રહેવાસી છો અને અહીં તમારા રાજા કેસરીનું સાસરું થાય છે. તેમનો હરિકુમાર નામનો પુત્ર અહીં બાળપણથી રહે છે. તે તમને મળવા ઇચ્છે છે. કેસરી રાજાને એમ હતું કે તેનું સામર્થ્ય એટલું પ્રબળ હોવું જોઈએ કે તેને કોઈ પડાવી

શકે નહિ. તેના પુત્રો પણ નહિ. એટલે તેને પુત્ર થાય તો મારી નાંખતો હતો. તેની રાણી કમળસુંદરી પોતાની દાસીને લઈને જંગલમાં નાસી જાય છે. પુત્રને જન્મ આપી રાણી તેના પ્રાણ છોડે છે. દાસી કોઈના સથવારાથી અહીં રત્નદ્વીપે આવી જાય છે.

ધનશેખર હરિકુમારને મળે છે. બંને વચ્ચે એક શહેરના હોવાથી મિત્રતા થાય છે. બંને આનંદથી સમય પસાર કરે છે. આ રત્નદ્વીપના રાજા નીલકંઠને મયૂરમંજરી નામની યુવાન પુત્રી હતી. હરિકુમારને તેની સાથે રાગ બંધાય છે. ધનશેખર વચમાં રહીને એબીજાનો મેળાપ કરાવી આપે છે. રાજા તેની પુત્રી મયૂરમંજરીને હરિકુમાર સાથે પરણાવે છે. એટલે ધનશેખર તેને પ્રિય થઈ પડે છે. તે તેને અમુક કામ સોંપે છે. તે ધનનો લોભી તો હતો જ. કુમાર તરફથી મોટી આવક ન હતી. એટલે તેણે ફરીથી રત્નોનો વેપાર શરૂ કરે છે.

ધનશેખરને સાગર સાથે મૈત્રી તો હતી જ અને તેની અસરથી તેને લાગતું હતું કે હરિકુમારની મૈત્રીથી તેને ધન મેળવવામાં અંતરાય થતો હતો. એ જ સમયે કાળપરિણતિ દેવીએ યૌવન અને મૈથુનને મોકલ્યા. તેઓ બંને ધનશેખરના મિત્રો થયા. (શરીરમાં પ્રવેશ્યા) બંનેની અસર ધનશેખર પર થવા માંડી. અધમ સ્ત્રીઓમાં ધને ગમન કરવા માંડ્યું. તેના પરિણામે તેને ઘણી મુશ્કેલીઓ થઈ. છતાં મૈથુન અને યૌવન પર તેનો સ્નેહ વધતો ગયો.

આ બાજુ હરિકુમારની ખ્યાતિ વધતી ચાલી. તેથી તેના મામાસસરાને એના પર દ્વેષ (ઈર્ષ્યા) થયો. રાજ્ય ઉચાપત કરી લેશે તેની બીક લાગી. સુબુદ્ધિ મંત્રીને હરિનો ઘાટ ઘડવાની (મારી નાખવાની) વાત કરી. પ્રધાને (સુબુદ્ધિ મંત્રી) સદ્‌ભાવથી નોકરને મોકલીને હરિકુમારને આ દ્વીપ છોડી જવાની સલાહ આપી. સમય જોઈને હરિકુમારે વાત માન્ય રાખી. વૃદ્ધ મંત્રીની સલાહ માની ધનશેખરને સાથે આવવા જણાવ્યું. ધનશેખરને ગમ્યું તો નહિ, પણ

પછી રત્નોથી વહાણ ભરી બંને ચાલી નીકળ્યા. મયૂરમંજરીને સાથે લીધી. સાગર અને મૈથુનની પ્રેરણાથી ભરદરિયે ધનશેખરની દાનત બગાડી. એનાં રત્નો અને સુંદરીને પામવા હરિકુમારને દરિયામાં ધકેલી દીધો. હરિનું પુણ્ય જાગતું હતું. સમુદ્રદેવ જાતે આવીને એને વહાણમાં બેસાડી ગયા. આવા અતિ અધમ કૃત્યથી ધનનો પુણ્યોદય મિત્ર નાસી ગયો. સમુદ્રદેવે એને આકાશમાં ઉછાળ્યો. પણ સૌજન્યશીલ હરિએ તેને બચાવવા વિનંતી કરી. પણ દેવે એને ફેંકી દીધો. હરિકુમાર આનંદનગરે પહોંચ્યો. મૃત પિતાના સિંહાસન પર બેઠો અને ધનશેખરનાં રત્નો તેના પિતાને સોંપ્યાં.

ધનશેખર ડૂબી ન ગયો. સાત રાત અને દિવસ દરિયામાં હેરાન થઈ કાંઠે આવ્યો. પુણ્યોદય નાસી ગયો હતો એટલે જે કામ કરે તેમાં નિષ્ફળતા મળવા લાગી. ઘણા ધંધા કર્યા પણ ફાવ્યો નહિ અને શરમથી પિતાના ઘેર પણ ગયો નહિ.

આનંદનગરના રાજા બની હરિકુમાર મયૂરમંજરી સાથે આનંદ કરતા હતા તેવામાં ઉત્તમસૂરિ નામના જ્ઞાની ગુરુ ત્યાં પધાર્યા. રાજા વંદન કરવા ગયો. દેશના સાંભળ્યા પછી ધનશેખરે પોતાને દરિયામાં કેમ ફેંકી દીધો અને તેનું શું થયું તેવા સવાલો પૂછ્યા. સૂરિએ કહ્યું કે સાગર અને મૈથુન નામના ધનના બે મિત્રો તેના માટે જવાબદાર છે. અને અત્યારે પણ તેને રખડાવી રહ્યા છે. રાજા એ બંને ને છૂટા કરવાનો ઉપાય પૂછે છે. સૂરિ જણાવે છે કે શુભ્ર ચિત્તના વિશુદ્ધ મન રાજા સદાશયથી (શુભઆશય) વરેણ્યતારાણીથી થયેલી બ્રહ્મરતિ બ્રહ્મચર્ય)નાં લગ્ન કરવાથી મૈથુન પર વિજય થાય અને તે જ રાજાની બીજી મુક્તતા નામની દીકરીનાં લગ્નથી સાગરથી છૂટા પડાય. વધારામાં જણાવ્યું કે રાજા કર્મ પરિણામ અને મહારાણી કાળપરિણતિ અનુકૂળ થાય ત્યારે એ લગ્ન શક્ય બને. રાજાની જિજ્ઞાસા વધી. એટલે સૂરિએ ષટ્પુરુષ કથાનક રહેવા માંડ્યું.

કર્મપરિણામ રાજા અને કાળપરિણતિ દેવીને અનેક છોકરાંઓ છે. તેમને કોઈની નજર લાગી જાય તેટલા માટે અવિવેક વગેરે મંત્રીઓએ સંતાડી રાખ્યા છે. હવે રાજા અને રાણી પાસે સિદ્ધાંત નામનો એક મહાપુરુષ છે તે શુદ્ધ સત્ય વચન બોલનાર છે. સર્વ પ્રાણીસમૂહનું એકાંત હિત કરનાર છે. એ સિદ્ધાંત મહાપુરુષને એક સુપ્રબુદ્ધ નામનો શિષ્ય છે. તેમની વચ્ચે આ વાર્તાલાપ થાય છે.

સિદ્ધાંત એટલે જૈન આગમનું રૂપક. અ કર્મના સર્વ રહસ્યને જાણે છે.પ્રબુદ્ધ એટલે અંદર જ્ઞાન છે પણ હજી આવરણ પામેલું છે. એ અવસ્થામાં ઘણાં પ્રાણીઓ હોય છે. ગુરુ અથવા આગમ દ્વારા તેમની શંકાઓ દૂર થાય છે.

સુખદુઃખનું કારણ અંતરંગ રાજ્ય છે. આ રાજ્ય સર્વ પ્રાણીઓ પાસે હોય છે. પ્રાણીને સુખ બહુ ગમે છે અને દુઃખ બિલકુલ ગમતું નથી. તો એ સુખદુઃખનું કારણ શું ? એ બંનેનું કારણ અંતરંગ રાજ્ય છે. સંસારની અંદર રહેતા સર્વ જીવોને તે રાજ્ય તો જરૂર જ હોય છે. જે જીવો અંદરના રાજ્યને સારી રીતે પાળે છે તેઓ સુખ અનુભવે છે. અને જે જીવો અંદરના રાજ્યને સારી રીતે પાળતા નથી તેઓ દુઃખનો અનુભવ કરે છે.

એ મહારાજ્યમાં ત્રણ ભુવનને આનંદ આપે તેવું અને ક્ષીરસમુદ્ર જેવું મહાનિર્મળ ચતુરંગ બળવાન લશ્કર છે. એમાં ગંભીરતા, ઉદારતા, શૂરવીરતારૂપ મોટા મોટા રથો છે. એમાં સુંદર યશવિસ્તાર, સર્જનતા, પ્રેમ વગેરે મોટા મોટા હાથીઓ છે, એમાં બુદ્ધિનો વિસ્તાર, વાચાળપણું અને નિપુણતા વગેરે ઘોડા છે. એમાં અચપળતા, ચિત્તની પ્રસન્નતા, દાક્ષિણ્ય વગેરે સુંદર પાળાઓ છે. અર્થાત્ માણસમાં ગંભીરતારૂપી રથ હોય તો ઉદારતા, શૂરવીરતા પ્રેમયશરૂપી હાથી ગણવા. રથને દોડાવનાર બુદ્ધિપૂર્વકનો વિચાર બોલવાની કળા, નિપુણતારૂપી ઘોડા ગણવા.

તે ઉપરાંત ત્યાં સંસારી જીવન નામના મહારાજનું હિત કરનારા અને ચાર મુખવાળા ચારિત્રધર્મ નામે પ્રતિનાયક પણ છે. આ

પ્રતિનાયકનો સમ્યકદર્શન નામનો સેનાપતિ છે અને સદ્બોધ નામનો મંત્રી છે. વળી આ ચારિત્રધર્મ રાજાને યતિધર્મ અને ગૃહિધર્મ નામના બે છોકરાઓ છે. સંતોષ નામનો તેનો પ્રધાન છે અને શુભાશય વગેરે ઘણા મોટા લડવૈયાઓ છે. આ લક્ષણ ઘણાં સુંદર અને ગુણસમૂહથી ભરપૂર છે. પણ રાજા પોતે જ્યારે તદ્દન વિમળ (મેલ વગરનો) થાય ત્યારે જ તેને જોઈ શકે છે.

આ મોટા રાજ્યની સ્થાપના એક મહાઅટવીમાં કરવામાં આવી છે. જે ચિત્તવૃત્તિના નામથી ઓળખાય છે. એ ચિત્વૃત્તિ અટવીમાં સાત્ત્વિક માનસપુર, જૈનપુર, વિમળમાનસ શુભ્રચિત્ત વગેરે નાના મોટાં નગરો આવેલાં છે.

આ મહારાજ્યની અંદર 'ઘાતીકર્મ' નામના અનેક ધાડ પાડનારા છે. ઇન્દ્રિય નામના ચોરો છે. કષાયરૂપ ફાંસી આપનારા છે અને ઉપસર્ગો નામના મહાભયંકર સર્પો વસે છે. પ્રમાદ નામના લંપટો વિલાસ કરી રહ્યા છે.

આ બધાના બે નાયક છે. એક કર્મપરિણામ અને બીજો મહામોહ. તેઓ મનમાં પોતાને જ ખરેખરા રાજા માને છે. પેલા ચારિત્રમ્ રાજાની મગદૂર શી છે ? આ ચિત્તવૃત્તિ મહાઅટવી તો તેમની પોતાની જ હોય તેમ ધારી બેઠા છે.

સૌપ્રથમ તો એ લોકોએ રાજસમિત્ત નામ સચિત્ત, રૌદ્રચિત્ત વગેરે નગરો વસાવી રાખ્યાં છે. આખા રાજ્યનો બોજો મહામોહ રાજા પર મૂકવામાં આવ્યો છે. અને કર્મપરિણામ રાજા પોતે તો મહારાણી કાળપરિણતિ સાથે મનુજનગરીમાં નાટક થાય છે તે બેઠા બેઠા જોયા કરે છે. તે નાટકનું નામ સંસારનાટક છે.

કર્મપરિણામના છ પુત્રો છે. તે છ પ્રકારના પુરુષો જાણવા. દરેકને એક એક વર્ષ માટે આત્માનું રાજ્ય (અંતરંગ) સોંપવામાં આવ્યું છે. છ પ્રકારના પુરુષો હોય છે :

૧. નિકૃષ્ટ

૨. અધમ

૩. વિમધ્યમ

૪. મધ્યમ

૫. ઉત્તમ

૬. વરિષ્ઠ

વિતર્ક નામના નોકરને તેમનું રાજ્ય કેવું ચાલે છે તે જોવા મોકલી આપ્યો. વિતર્ક એટલે પૃથક્કરણ કરીને તરંગ ઉઠાવનાર, સમજનાર અંદરની બુદ્ધ શક્તિ.

સૌપ્રથમ નિકૃષ્ટને રાજ્ય સોંપવામાં આવ્યું. નિકૃષ્ટ એટલે અધમાઅધમ પુરુષ છે. સિદ્ધિર્ષિગણિતાના કહેવા પ્રમાણે તે ધર્મ, કામ, અર્થ, મોક્ષ ચારેથી રહિત છે મહાપાપી છે. ધર્માદિ પુરુષાર્થથી દૂર છે. દોષનું ઘર છે. આત્માની સર્વ શક્તિઓ શૂન્ય થઈ ગઈ છે. નિકૃષ્ટ રાજા ઘણો અધમ નીકળ્યો.

બીજે વર્ષે અધમને રાજ્ય મળે છે. અધમરાજા ભવના ભોગમાં આસક્ત છે. ધર્મ અને મોક્ષનો દ્વેષી છે. અર્થ અને કામમાં આસક્ત છે. એટલે રાજ્યમાં તેનો પ્રવેશ થવા નહીં દેવાની, પ્રયત્ન કરવાની જરૂર લાગી. આ કામ વિષયાભિલાષ મંત્રીની દીકરી દષ્ટિદેવીને આપ્યું. આ દષ્ટિદેવીને ખાસ સ્થાન આપવાનું છે. આ પ્રસ્તાવનામાં ચોથી ચક્ષુરિન્દ્રિયનું વર્ણન આપવાનું છે જેથી આ કામ સિદ્ધ થાય છે. અધમ જેવાને મોહરાયના સૈન્યનું એક માણસ છોકરી પણ બાહ્ય પ્રદેશમાં રાખી શકે એ બતાવવાનો ઉદ્દેશ જણાય છે.

આમ રાજાના હુકમથી દષ્ટિ અદશ્ય થઈને રાજાની આંખોમાં વસી ગઈ. તેના પ્રતાપથી અધમ રાજા સ્ત્રીઓનાં રૂપ જોવામાં ઘણો આસક્ત થયો. એના સિવાય બીજું કોઈ સુખ જ નથી તેમ માનવા

માંડ્યો. પોતાના રાજ્યની તદ્દન બહાર થઈ ગયો. છેવટે એક (ચંડાળણી) પર આસક્ત થયો અને અતિ તુચ્છકાર પામ્યો.

ત્રીજે વર્ષે વિમધ્યમને એક વર્ષ માટે રાજ્ય મળ્યું. સિદ્ધર્ષિગણિ જણાવે છે કે ત્રીજા વિભાગનાં પ્રાણીઓ મુખ્યત્વે તો આ સંસારમાં આસક્ત હોય છે. પરભવની અપેક્ષા રાખે છે. ધન અને કામના અર્થી હોય છે. પરંતુ ધર્મની પણ સન્મુખ રહે છે. દુનિયાના પ્રમાણિક માણસો આ વિભાગનો આદર્શ છે. મોક્ષ પુરુષાર્થની ઉપક્ષા કરે છે પણ તેની નિંદા કરતા નથી. લોકોને કહે છે કે ધર્મ કરીશું તો ભવાંતરમાં પુત્ર-પરિવાર મળશે, રાજગાદી મળશે. આ અપેક્ષાથી થોડો પરોપકાર અને તીર્થ સેવા કરે છે.

ચોથા વર્ષે એક વર્ષ માટે મધ્યમ રાજા થયો. મધ્યમ્ પુરુષો ધર્મ - અર્થ - કામ - મોક્ષ એ ચારે પુરુષાર્થ ને માનનારા હોય છે. ચારમાં એ મોક્ષને પરમતત્ત્વ માને છે, છતાં એનામાં સત્ત્વની હીનતા હોય છે અને એ સ્ત્રી-પુરુષમાં બંધાયેલા હોય છે. એ પરમાર્થ બરાબર જાણે છે. સંસારની અસારતા સમજે છે છતાં મોક્ષ નજીક ના હોવાના લીધે દીક્ષા ગ્રહણ કરી શકતા નથી. સંસારમાં રહી બનતું ધર્મધ્યાન કરે છે. જીવ-અજીવને જાણનારા, જિનવચનના રહસ્યને જાણનારા પોતાની શક્તિ પ્રમાણે ત્યાગ કરી વ્રત-પચ્ચખાણ કરનારા શ્રાવકો આ વર્ગમાં આવે છે.

પાંચમા વર્ષે ઉત્તમકુમારને રાજ્ય અપાય છે. પિતા કર્મપરિણામ પાસેથી રાજ્ય પ્રાપ્ત કરીને ઉત્તમ રાજાએ સૌપ્રથમ સિદ્ધાંત ગુરુમહારાજ પાસે હાજરી આપી અને તેના રાજ્યની ગુપ્ત હકીકત અને આંતરસ્થિતિ કયા પ્રકારની છે તે પૂછ્યું. રાજ્યમાં પ્રવેશ કરવાના ઉપાયો કયા છે તે પૂછ્યું. અંતરંગ રાજ્યમાં પ્રવેશ કરવા માટે ૧૩ બાબતો મુખ્ય છે તેમ ગુરુમહારાજે જણાવ્યું.

૧. ગુરુઉપચર્યા

૨. શાસ્ત્ર અભ્યાસ

૩. ક્રીયા આચરણ

૪. પંચ વ્રતનું પાલન

૫. સાધુતા

૬. ઇન્દ્રિયો પર અંકુશ

૭. ભાવના

૮. સંતોષ

૯. તપસ્યા

૧૦. સ્વાધ્યાય

૧૧. અંતરશુદ્ધિ

૧૨. પરિસહ ઉપસર્ગ ગહન

૧૩. યોગવહન - રુંધન

અભ્યાસ મગજનો વિષય છે. અવલોકન અને ટેવથી અભ્યાસ થાય છે. વૈરાગ્ય હૃદયનો વિષય છે. જ્ઞાન અને ચારિત્રનો આવો સહયોગ થાય તે બહુ ઇચ્છવાયોગ્ય છે. બંને સાથે હોય ત્યારે અંતરંગ રાજ્ય પર વિજય બહુ જલદી થાય છે. ઉદાસીનતા, અલગપણું, પરભાવપર, ઉદાસીનતા થાય, તે તરફ અવગણના થાય ત્યારે જ આત્મધર્મની પ્રાપ્તિ થાય છે.

ઉત્તમ પુરુષો ચારે પુરુષાર્થોમાં માને છે પણ પરમ પુરુષાર્થ એક મોક્ષ જ છે એમ વિચારી તેના પર જ ધ્યાન આપે છે. અતિ વિશાળ મોહજાળને છેદનારા, રાગદ્વેષને ધક્કો મારનારા, ક્રોધાગ્નિને શાંત કરનારા પુરુષો સંસારી સુખોનાં બંધનમાં ફસાયા વગર સ્ત્રી-પુત્રાદિનો

સંબંધ કર્મના પરિણામરૂપ છે. તેમ સમજી તેમાં રાચીમાચી ના જતાં સર્વ દુઃખની નિર્જરાની કારણભૂત દીક્ષા અંગીકાર કરે છે. માત્ર મોક્ષ માટે યત્ન કરનારાઓનો સમાવેશ આ પાંચમા પ્રકારના પુરુષોમાં થાય છે.

છઠ્ઠા વર્ષે વરિષ્ઠને રાજ્ય મળ્યું. મોહરાયને તેનાથી દિલગીરી થઈ. તે સ્વયં જ્ઞાની હતો. એણે ગણધર દ્વારા સિદ્ધાંતની સ્થાપના કરી. આ તીર્થંકરની હકીકત છે. તીર્થંકર સ્વતઃ જ્ઞાની હોય છે. તેઓને સંપૂર્ણ જ્ઞાન થાય ત્યારે પ્રથમ ગણધરોની સ્થાપના કરે છે. મહાબુદ્ધિશાળી વિદ્વાન ગણધર પ્રથમ સર્વ વસ્તુઓને ઉત્પન્ન થતી જુએ છે પછી તેનો નાશ જુએ છે. તેમાં સ્થિરભાવે જુએ છે અને પોતે આત્મગત ધર્મો અને વિચારણા કરી દ્વાદશાંગી બનાવે છે.

ભગવાનના અતિશયનું પણ ખૂબ સુંદર અને વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. ઉત્તમોત્તમ પુરુષ (વરિષ્ઠ)નું આવું લક્ષણ ગ્રંથકાર બતાવે છે. તીર્થંકરો જૈન ધર્મમાં ખાસ મહત્ત્વનો ભાગ ભજવતા હોવાથી તેમના સંબંધમાં ઘણું વિસ્તારથી આ લેખન છે.

છ પ્રકારનાં પુરુષો પર પર્યાયલોચન અને અનેક પ્રકારના પ્રશ્નોત્તરોથી નિર્ણય – ઉત્તમસૂરિ એ રીતે પાંચમા રાજા જેવા હતા અને હરિકુમાર ત્રીજા પ્રકારનો હતો તેમ જણાઈ ગયું. હરિકુમારને પ્રગતિ કરવાની ભાવના થવાથી પુત્રને ગાદીએ બેસાડી તેણે દીક્ષા લીધી અને પૃથ્વીતળ ઉપર વિહરવા માંડ્યા.

ધનશેખર સાગર અને મૈથુનની અસર તળે વધારે ઊંડો ઊતરતો ગયો. રખડતાં રખડતાં એક બીલીના ઝાડ નીચે આવ્યો. ખોદતાં રત્નનો ઘડો નીકળ્યો. તે ઉઘાડતાં રાક્ષસ નીકળ્યો અને તેણે ધનને મારી નાંખ્યો. રખડતાં રખડતાં ભવિતવ્યતાએ સાહલાદપુરે મોકલ્યો.

*******

## પ્રસ્તાવ : ૭

### બાહ્ય પરિવાહ

| | | |
|---|---|---|
| સાત જીમૂત | : | સાહયાદ પુરનો રાજા કથાનાયકનો પિતા |
| લીલાદેવી | : | જીમૂત રાજાની પટ્ટરાણી કથાનાયકની માતા |
| ધનવાહન | : | કથાનાયક – સંસારીજીવ |
| મદનમંજરી | : | ધનવાહનની રાણી |

પહેલા સાધુ બીજા સાધુ એમ છ સાધુઓ

### અંતરંગ

અકલંક મુનિ

સદાગમ

મહામોહરાજા

રાગકેસરી

સમ્યકદર્શન સેનાપતિ

### સાતમો પ્રસ્તાવ

સાતમા પ્રસ્તાવમાં પરિસ્થિતિ બદલાય છે. અત્યાર સુધીના પ્રસ્તાવોમાં કષાયો આવે છે. અહીં અકલંકથી કથા શરૂ થાય છે. અકલંક એટલે કલંક રહિત.

આ પ્રસ્તાવમાં સંસારીજીવ ધનવાહન થાય છે. અહીંથી ચરિત્રની દિશા બદલાય છે. અકલંકના સહવાસથી સંસારીજીવ કંઈક સન્મુખ થાય છે. સદાગમનો પરિચય કરે છે, તેને ઓળખે છે. જોકે હજુ મહામોહની અસર તળે છે. તો પણ કંઈક ચીકાશ ઓછી કરે છે. સમજણવાળી સ્થિતિ પ્રાપ્ત થયા છતાં પણ મહાપરિગ્રહ તેને કેટલો રખડાવે

છે, કેવો ફસાવે છે તેનો વિસ્તાર આ પ્રસ્તાવમાં છે. સાચા રસ્તે આવીને પણ કેવા ખોટા પરિગ્રહની જાળમાં આવી પડાય છે અને સાધુઓને પણ છેતરવા પડે તેની વાત અહીં કરી છે.

સંસારીજીવ સાહલાદનગરે જીમૂતરાજા અને લીલાદેવીના પુત્ર તરીકે અવતર્યો. તેનું નામ ધનવાહન રાખવામાં આવ્યું. રાજાના ભાઈ નીરદને અકલંક નામનો પુત્ર થયો. તે બહુ સારો હતો. સદ્‌ગુણી અને ધર્મરત હતો. ધનવાહન અને તેને સારી મૈત્રી થઈ હતી. એક દિવસ ક્રીડાઉદ્યાનમાં ફરવા ગયા ત્યાં, મહા શાંત મુનિઓને તપ, જપ, ધ્યાન કરતા જોયા. બંને રાજકુમારો જુદા જુદા સાધુને મળી વૈરાગ્યનું કારણ પૂછવા ગયા.

હરિભદ્રસૂરિ ત્રણ કારણ વૈરાગ્ય થવાનાં બતાવે છે.

(૧) દુ:ખના લીધે રાગ ઓછો થાય છે. દા.ત. સ્વજનનો વિયોગ. આ વૈરાગ્ય લાંબો ટકતો નથી.

(૨) મોહથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય. મોહનો ભંગ થતાં વૈરાગ્ય શમી જાય છે.

(૩) ભયંકર આગને જોઈને બધાં પ્રાણીઓ ભાગી રહ્યાં છે. લોકો શમાવવાનો પ્રયત્ન કરે છે. મોહનો અંધકાર સર્વત્ર વ્યાપેલો છે. આગની જ્વાળાઓના ભડકામાં ધુમાડા તમોગુણ છે. અવાજો છે તે ક્લેશ અને કંકાસ છે. મોહનીય કર્મના સ્વરૂપનું વર્ણન કરતાં કહ્યું છે કે તે દારૂના નશા જેવું છે. આ રીતે બે સાધુના વૈરાગ્યનું કારણ પ્રસંગ દ્વારા સાંભળે છે.

પ્રથમ મુનિએ જણાવ્યું હતું કે પોતે જ્યાં રહેતા હતા તે ગામમાં એક રાત્રે જબરી આગ લાગી હતી. ત્યાં ખૂબ અવાજો આવતા હતા અને રોકકળ થતી હતી. ત્યાં એક મંત્રવાદી આવ્યો અને તેણે બચવા

માટે પોતાના મંડળમાં બોલાવ્યા. આ સાધુ તેના મંડળમાં જતા રહ્યા એટલે બચી ગયા. આ તેમના વૈરાગ્યનું કારણ થયું

બીજા મુનિ કહે છે કે દારૂડિયાની ટોળી દારૂ પીવા મળી હતી. તેને જોતાં પોતાને વૈરાગ્ય થયો કે બ્રાહ્મણે તેવી સ્થિતિમાં તેને પ્રતિબોધ કર્યો. એ પીઠાનું અદ્ભુત વર્ણન કર્યું. તેર પ્રકારના લોકો આવતા હતા તેનાં ચિત્રો રજુ કર્યાં. અહીં તેમાં લૌકિક વ્યવહાર, અવ્યવહાર રાશિના જીવો-પૃથ્વીકાય વનસ્પતિકાય, અપ્કાય એમ એકેન્દ્રિય,બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચૈરિન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચ, નારકી વગેરેનાં વર્ણનો છે. મદિરાશાળા એટલે સંસારને ગણ્યો.

ત્રીજા મુનિને વૈરાગ્યનું કારણ પૂછતાં તેઓ રેંટ ગણાવે છે. રેંટ એટલે અરઘટ્ટ યંત્ર. કૂવામાંથી પાણી કાઢવાના યંત્રને અરઘટ્ટ કહેવાય છે. બેડું અંદર ડુબાડીને બહાર કાઢવાની ક્રીયાને અરઘટ્ટ રહેવાય છે. દુષ્ટ યોગ અને પ્રમાદ બે ટુંબાઓ છે. એમાં ત્રણ આરા છે. વિલાસ, ઉલ્લાસ અને ચેનચાળા. તે અસંયમી કૂવો છે. તેમાં પાપ અને અનીતિનું પાણી છે. પાણી તે અજ્ઞાનરૂપી થાળમાં ઠલવાય છે પછી કૂંડીમાં આવે છે. રેંટનું નામ ભવ છે. એના ચાર સાથી રાગદ્વેષ છે એમનો ઉપરી મહામોહ છે. કષાય નામના સોળ બળદો છે. જીવલોક નામની ઘટમાળ છે. અરઘટ્ટ યંત્રને મરણ નામનો નોકર છે. આવા રેંટને જોઈને તેમને વૈરાગ્ય થયો તેમ મુનિ કહે છે.

ચોથા મુનિનો વૈરાગ્યનો પ્રસંગ આ પ્રમાણેનો છે : એક મઠમાં પોતે સાધુબાવા હતા. ત્યાં ભક્તિ કુટુંબ આવી ગયું. એનું તંત્ર ચલાવનાર પાંચ મનુષ્યો હતા. એ કુટુંબ તેમને હિતકર લાગ્યું પણ તેમણે અમને જે જમણ આપ્યું તેનાથી તેમને સનેપાત થયો, જીભ કાંટાવાળી થઈ ગઈ, ગળું રૂંધાઈ ગયું અને તેમની (સાધુઓની) ભારે અવદશા થઈ. ત્યાં એક વૈદ્ય આવ્યા. તેમણે ભોજનનો દોષ સમજાવ્યો. પછી ભોજનદોષ જે શોધનારી દીક્ષા અમને આપી. આ સુંદર વાર્તાનો ભાવાર્થ અકલંક વિસ્તારથી સમજાવે છે.

પાંચમા મુનિની દીક્ષાનું કારણ આ પ્રમાણે છે. વસંતપુર બંદરે ઘણા વેપારીઓ હતા. ચાર સાર્થપુત્રોએ નામે – ચારૂ, યોગ્ય, હિતજ્ઞ અને મૂઢ દરિયો ખેડી વેપાર કરવા રત્નદ્વિપ ટાપુએ ગયા અને છૂટા પડી ગયા. ચારુએ પોતાનું સંપૂર્ણ ધ્યાન રત્નો એકઠાં કરવામાં વાપર્યું અને વહાણ રત્નોથી ભરી દીધું. યોગ્ય એ વેપાર તો કર્યો પણ સુંદર દેખાવ, વાડીમાં ફરવું વગેરે તેને પસંદ હતું તેથી થોડાં જ રત્નો ભેગાં કર્યાં અને તે પછી ઓછી કિંમતના હિતજ્ઞને મોજશોખ પસંદ હતો. રત્નોની પરીક્ષા બિલકુલ આવડતી નહોતી તેથી તેણે કોડા, શંખલા અને કાચના ટુકડાઓ એકઠા કર્યા. ધુતારાઓએ તેને છેતર્યો. મૂઢને પરીક્ષા નહોતી આવડતી અને બીજાની સમજાવટથી સમજે તેવો ન હતો. તેણે પોતાનો સમય મોજશોખમાં ગાળ્યો અને પથરા એકઠા કર્યા. ચારુનું વહાણ રત્નોથી ભરાયું એટલે પાછા દેશમાં જવા માટે મિત્રોને મળવા ગયો. યોગ્યને સમજાવીને ઠેકાણે આણ્યો, એનો મોજશોખ દૂર કરાવ્યો. હિતજ્ઞને રત્નની પરીક્ષા શીખવી. મૂઢ પાસે જઈને એને રત્નની પરીક્ષાની વાત કરી પણ તે તો વાત સમજયો જ નહિ અને માન્યો પણ નહિ. ચારુએ જોયું કે મૂઢ સમજે તેમ જ નથી એટલે એણે આખરે પ્રયાસ મૂકી દીધો. ત્રણ મિત્રો વહાણ ભરી દેશમાં ગયા, ખૂબ કમાયા અને આનંદથી રહેવા લાગ્યા. મૂઢ પર રાજાનો કોપ થયો. તેણે સૈનિકો દ્વારા અગાધ સમુદ્રમાં તેને ફેંકાવી દીધો. ધનવાહન પાસે અકલંક આ વાર્તાનો ભાવાર્થ સ્પષ્ટ કરે છે. ચારુ એ અતિ સુંદર જીવ, યોગ્ય એ સુંદર હિતજ્ઞ સામાન્ય જીવ અને મૂઢ અધમ જીવ છે. રત્નદ્વીપને મનુષ્યભવ સાથે અને સમુદ્રને સંસારના વિસ્તાર સાથે સરખાવ્યો છે.

છઠ્ઠા મુનિની દીક્ષાની વાત આ પ્રમાણે છે. મુનિ કહે છે કે આદિ કે અંત વગરનો એક સંસ્કૃતિમાર્ગ (સંસારબજાર) જોઈને એમને વૈરાગ્ય થાય છે. સંસારબજારનું વર્ણન કરતાં એમણે જણાવ્યું એ બજારમાં લેવડદેવડની ધમાલ ખૂબ ચાલતી હતી. એનો સૂબો મહામોહ

હતો. એને કર્મ નામના નાના લેણદારો હતા. ગુરુએ જ્યારે જ્ઞાનાંજન આંજ્યુ ત્યારે તે લોકો અંદરખાનેથી બહુ દુઃખી જણાયા. એ દુકાનોના છેડે એક મઠ જણાયો. મઠ એટલે કલ્યાણ. તેમાં જ માત્ર સુખી જીવોને જોયા. ત્યાં જવાની ઇચ્છા થતાં ગુરુએ દીક્ષા આપી અને પછી સદર (ઉચ્ચતમ) મઠ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો. મુનિએ જાણ્યું કે એને રહેવાની કાયા નામનો ઓરડો હતો. એમાં પંચાક્ષ નામના પાંચ ગોખો હતા અને ક્ષયોપશમ નામની બારી હતી. સામે કાર્મણ શરીર નામની ચૅમ્બર હતી. એમાં એક ચિત્ત નામનું ચપળ વાનરબચ્ચું હતું. દીક્ષા લેતી વખતે એ સાથે રહ્યું પણ એને બહુ સંભાળવાનું ગુરુમહારાજે કહ્યું.

એનું ખાસ કારણ પૂછતાં ગુરુએ કહ્યું કે આ વાનરબચ્ચૂં (ચિત્ત) મધ્યભાગમાં રહે છે ત્યાં એને હેરાન કરનારા કષાય, રાગદ્વેષ, મહામોહ ઉપસર્ગો ઘણા છે. કોઈક વાર મિથ્યાદર્શન અંધકાર બહુ ઉપદ્રવ કરે છે. તો કોઈ વાર રૌદ્રધ્યાનના અંગારા અગ્નિકુંડમાં પડે છે. હાથમાં અપ્રમાદ નામનો દંડો - વજ દંડ લઈને પેલા ગોખ પાસે જતા વાંદરાને બહાર આવતાં અટકાવવું. ના માને તો ધમકાવવું... એ રીતે બહાર નીકળતું અટકશે એટલે સર્વ ઉપદ્રવો મટી જશે. તેનું રક્ષણ કરવાથી મઠમાં જઈ શકાશે. અત્યારે એ વાનરબચ્ચું ચક્રમાં પડી ગયું છે(ચિત્ત).

અકલંક આ વાત સાંભળી બીજા ચક્ર વિશે મુનિને પૂછે છે. મુનિ કહે છે કે મનપર્યાપ્તિ દ્રવ્યમન અને તે આત્મા સાથે જોડાય તે ભાવમન છે. ભાવમન પોતે શરીરમાં રહે છે અને પોતે જ જીવે છે. રાગદ્વેષથી એને વિપર્યાસ થાય છે. તેથી મિથ્યાજ્ઞાન થાય છે, ખોટી પ્રવૃત્તિ થાય છે. ખોટાં કર્મો બંધાય છે. ખોટી રઝળપાટ થાય છે. આ બીજું ચક્ર છે.

આ ચક્રભ્રમણ બંધ કરવા માટે અને વાનરને (ચિત્તને) કેવી રીતે મઠમાં લઈ જવા તેવો પ્રશ્ન અકલક મુનિને પૂછે છે.

મુનિ કહે છે : મનોભાવો (શુભ-અશુભ) નિર્મળ થશે તો દાદર મળશે. દાદર એટલે પરિણામ. તેનાં પગથિયાં અધ્યાવસત્ય છે. આશાઓ અને આકાંક્ષાઓ તજી નિંદ્રા પ્રશંસાથી પર થશે ત્યારે પરમ સુખની અનુભૂતિ થવા લાગશે.ચિત્તની અંદર તુલ્ય મનોવૃત્તિ રાખીએ.કોઈ ચામડી ઉતરડે કે ચંદન લગાડે ત્યારે કર્મનો વિચાર કરવો. બહારના લોકો નિમિત્તમાત્ર છે. પરિણામ તો પોતાના જ કર્મો પર આધારિત છે.

સ્થિર સમુદ્ર શાંત હોય ત્યારે અત્યંત રમણીય લાગે છે. એ રીતે ચિત્તવૃત્તિની સ્થિરતા અત્યંત રમણીય મનોભાવ છે. પછી સંસારીજીવે પોતાની વાત આગળ ચલાવતાં અગૃહીતસંકેતાને કહ્યું કે જ્યારે અકલંક ઉપરની વાત કરતો હતો ત્યારે સંસારીજીવની ચિત્તવૃત્તિ ઉજ્જવળ હતી. છેવટે તેની પાસે (સંસારીજીવ) સદાગમને મોકલવાનો નિર્ણય સદ્બોધ મંત્રીએ કર્યો અને સમ્યકદર્શનનો મોકલવાનો સમય પાક્યો નથી એટલે તે વાત મુલતવી રાખી. સદાગમ ધનવાહન પાસે આવ્યો એટલે જ્ઞાનસંવરણ રાજા પાછા હઠી ગયા.

અકલંક અને ધનવાહન ગુરુમહારાજ પાસે ગયા. ધનવાહને સદાગમને ઓળખ્યા. અને તેનું બળ જાણ્યું. મિત્રને રાજી કરવા ધનવાહને સદાગમ સાથે સંબંધ જોડ્યો. પણ તે ઉપર ઉપરનો હતો.અકલંકે દીક્ષા લીધી અને અન્યત્ર વિહાર કરી ગયા.

જ્ઞાનસંવરણ રાજાની પાછા હટવાની વાત જાણી મોહરાજા ચોંકી ગયા. આ વખતે મોહરાયે પોતે જ જવાનો વિચાર કર્યો અને રાગકેસરીના દીકરા સાગરના મિત્ર પરિગ્રહને પોતાની સાથે લીધો. તે વખતે જીમૂત રાજા મરણ પામ્યો ધનવાહન ગાદીએ આવ્યો. સદાગમે તેને સાંસારિક પદાર્થો પર મૂર્છા ન કરવા સલાહ આપી. મહામોહે ખાઈ-પીને આનંદ કરવાની સલાહ આપી. આવી વિરોધી સલાહથી ધનવાહન ગભરાયો એટલે દૂર ગયેલો જ્ઞાનસંવરણ રાજા નજીક આવ્યો અને મોહપરિગ્રહની વાત સાંભળવાની સલાહ આપી. ધનવાહને

ગુરુદેવપૂજા મૂકી દીધી, સદાગમ પાસે જવાનું બંધ કર્યું અને ધનનો સંગ્રહ કરવા માંડ્યો.

કોઈવદાચાર્ય સાથે અકલંક મુનિ ત્યાં આવી ચઢ્યા. મન વગર માત્ર દાક્ષિણ્યથી ધનવાહન વાંદવા ગયો. પ્રસંગ જોઈને અકલંકની વિનંતી સ્વીકારી કોઈવદાચાર્યએ સદાગમનું મહાત્મ્ય અને દુર્જનસંગતિના પરિણામ જણાવ્યા.

તેની વિસ્તારપૂર્વક વાર્તા કહી આચાર્યે સદાગમ સાથે સંબંધ વધારવા ભલામણ કરી. ધનવાહને ઉપર ઉપરથી સદાગમનું સાન્નિધ્ય સ્વીકાર્યું. અકલંક અન્યત્ર વિહાર કરી ગયા.

અકલંક દૂર ગયા એટલે પાછા મહામોહ અને મહાપરિગ્રહ જાગ્રત થઈ ગયા અને મહામોહને સપાટામાં લીધો. એ સ્રીઓ વચ્ચે રમવા માંડ્યો અને પૈસાનો સંગ્રહ કરવા માંડ્યો. સર્વ પાપોમાં એક્કો થયો. મદનસુંદરી શૂળના વ્યાધિથી મરણ પામી એટલે શોકના તાબામાં પડ્યો. વળી પાછા અકલંક મુનિ દયાભાવે આવ્યા અને તેને શોકમુક્ત કર્યો. શોક જરા દૂર ખસ્યો એટલે મહામોહનું સૈન્ય પાછું સવાર થઈ ગયું. બહુલિકા અસરથી ધનવાહને અકલંક મુનિને વિહાર કરાવી દીધો. અને પાછા સાગરની મદદથી પરિગ્રહનો પગ મજબૂત થયો. આ બધું જાણી દયાભાવથી અકલંક પાછા આવવા તૈયાર થયા. ગુરુએ નિરર્થક કાર્યમાં પ્રવૃત્તિ કરવાની ના પાડી. એટલે અકલંક મુનિ પોતાના અભ્યાસમાં લાગી ગયા. અકલંક ચિંતા વગરના થયા અને બીજી બાજુ મહામોહે આકરી બાજી માંડી. પોતાના પ્રત્યેક સૈનિકનો ઉપયોગ કર્યો અને દરેકે ધનવાહન પર અસર કરી. આ રીતે મહામૂઢતા, મિથ્યાદર્શન, કુદૃષ્ટિ, રાગકેસરી, મૂઢતા દ્વેષ ગજેન્દ્ર, અવિવેકતા, વિષયાભિલાષ સાતેય જ્ઞાનસંવરાદિ રાજાઓ દુષ્ટભિસંધિ વગેરે સર્વ વારાફરતી આવી ગયા અને રખડી મહાવેદના ભોગવતા મરણ પામ્યો અને નરકમાં ગયા.

ઘણો કાળ રખડે છે. સદાગમનો સંગ હોય ત્યારે દ્રવ્ય ક્રીયા કરે અને દૂર થાય ત્યારે મોહરાજા પ્રપંચમાં પડી જાય. આખરે ચિત્તવૃત્તિ અટવી સદાગમના સહવાસથી સાફ થઈ એટલે સમ્યકદર્શન સેનાપતિ આવ્યો. સાતમા પ્રસ્તાવના અંતે સિદ્ધર્ષિગણિ કહે છે કે સંસારીજીવમાં જે જાત જાતના ગોટાળા થયા તે મહામોહના લીધે થયા. અને તેમાંથી મુક્ત કરનાર સદ્‌ગુરુ છે. ફરીથી મનુષ્યભવ પ્રાપ્ત થાય તો મોહના વશ થવું નહિ, સુખોથી આસક્ત ના બનવું. અનેક વચનોથી આ વાત સ્પષ્ટ કરી છે.

*******

## પ્રસ્તાવ : ૮

### બાહ્ય પરિવાર

| | | |
|---|---|---|
| મધુવારણ | : | સપ્રમોદનગરનો રાજા |
| સુમાલિની | : | મધુવારણ રાજાની પટરાણી |
| ગુણધારણ | : | સંસારીજીવ, મધુવારણ અને સુમાલિનીનો પુત્ર |
| કુલંધર | : | ગુણધારણનો સગોત્રીય અને મિત્ર |

### અંતરંગ પરિવાર

| | | |
|---|---|---|
| પુણ્યોદય | : | ગુણધારણનો આંતરમિત્ર |
| સદાગમ | : | ગુણધારણનો આંગરમિત્ર |
| કંદમુનિ | : | છદ્મસ્થ વિદ્વાન સાધુ મહાભદ્રા અને આગળજતા પજ્ઞાવિશાળા નામના પ્રસિદ્ધ પાત્રનો જીવ થનાર |
| નિર્મળાચાર્ય | : | કેવળજ્ઞાની ઉપદેશક |

### ભાગ બીજો બાહ્ય પરિવાર

| | | |
|---|---|---|
| નિર્મળાચાર્ય | : | કેવળજ્ઞાની ઉપદેશક |
| શ્રીગર્ભ | : | શંખપુરનો રાજા – સંસારીજીવનો મામો |
| કમલિની | : | શ્રીગર્ભની રાણી મહાભદ્રાની માસી |
| પુંડરીક | : | શ્રીગર્ભ કમલિની નો પુત્ર ભવ્યપુરુષ સુમતિ તના ઉપદેશાક માસીપુત્ર સમંતભદ્ર અને માસીપુત્રી મહાભદ્રા છેવટે સંમતભદ્રની પાત્રી |
| સંસારીજીવ | : | અનુસૈદર ચક્રવર્તી કથાનાયક |

## વિભાગ : ૧

અપ્રમોદનગરમાં મધુવારણ રાજા અને સુમાલિની રાણીના ઘેર સંસારીજીવન જન્મ લે છે. ગુણધારણ નામ પાડવામાં આવે છે. રાજાના ભાયાતને કલધર નામનો સદ્‌ગુણી મિત્ર હતો. બંને યૌવનવય થતાં એક બગીચામાં ફરવા જાય છે. ત્યાં બે સ્રીઓ જુએ છે. એમાંની એક સ્રીને જોતાં જ ગુણધારણ મોહમાં પડી જાય છે. રાત્રે ઊંઘ આવતી નથી. સવારે ફરીથી બંને મિત્રો બગીચામાં આવે છે. ત્યાં બે સ્રીઓ મળે છે. એક ગઈ કાલે જે બીજી સ્રી હતી તે અને એક નવીન સ્રી. નવીન સ્રીએ બંનેને બેસાડ્યા અને વાત કરવા માંડી. વૈતાઢ્ય પર્વતમાં વિદ્યાધરોનો રાજા ચક્રવર્તી કનકોદર અને રાણી કામલતા છે. છોકરા વગરનાં રાજા-રાણીને દીકરી થઈ એનું નામ મદનમંજરી. યૌવન પામી પણ કોઈ પણ એને પતિ તરીકે ગમતો નથી. છેવટે બધા કંટાળે છે. છેવટે મદનમંજરી દાસી લવલિકા વરની શોધ માટે પૃથ્વી પર પર્યટન કરવા નીકળ્યા હોય છે અને અહીં આહ્‌લાદક મંદિરમાં બે રાજકુમારો જોઈને એ પણ વિષાદમાં પડી ગઈ હોય છે એટલે આજે દાસી સાથે તેની મા આવી હોય છે. સવારે દાસી આ બે કુમારોને શોધી નાંખે છે. માતા કામલતા પોતાની દીકરી સ્વીકારવા ગુણધારણ આગળ માગણી કરે છે.(કુલંધર મારફત) કુલંધર સંમતિ બતાવે છે.

બધા ઊઠીને મદનમંજરી પાસે જાય છે. તે સમયે વિદ્યાધરપતિ કનકોદર ત્યાં આવી પહોંચે છે. ચટૂલ નામનો દૂત રાજાના કાનમાં કંઈ કહી જાય છે. સંક્ષિપ્ત વિધિથી બગીચામાં જ વિવાહ (લગ્ન) કરવામાં આવે છે. ગુણધારણ અને મદનમંજરી પરણી રહ્યાં હતાં ત્યારે નાસીપાસ થયેલા વિદ્યાધરોનું ટોળું આકાશમાં લડવા આવ્યું. બુદ્ધિશાળી કનકોદરે વીરહાક પાડી. એનું સૈન્ય પણ આકાશમાં ચડ્યું. ગુણધારણને પોતાના લીધે લોહીની નદીઓ વહેશે એમ વિચારીને ખેદ થયો. ત્યાં

તો બંને લશ્કરોને કોઈકે સ્થિર કરી દીધા. ગુણધારણના પિતા પણ ત્યાં આવી પહોંચ્યા. સર્વને આનંદ થયો. નગરપ્રવેશ થયો.

બીજે દિવસે પ્રભાતે ગુણધારણને કુલંબધે જણાવ્યું કે આગલી રાત્રે તેણે સ્વપ્નમાં પાંચ મનુષ્ય જોયા. તેઓના કહેવા પ્રમાણે ગુણધારણને સવર્સારી બાબતો તેઓ કરતા હતા. ગુણધારક સમજી ના શક્યો. તેના સસરા કનકોદરને સ્વપ્નમાં ચાર પુરુષો દેખાડ્યા હતા તે કોણ ? અને આ પાંચ કોણ ? આ વાતની એને શંકા થઈ. કોઈ યોગીનો યોગ થશે ત્યારે પૂછશે. તેવો નિર્ણય કરી રાખ્યો અને આનંદમાં સમય પસાર કરવા માંડ્યો.

આહ્‌લાદ મંદિરમાં પત્ની અને મિત્ર સાથે ફરતાં કંદમુનિ નામના સાધુનો યોગ થયો. ગુણધારણે દેશના સાંભળી અંતરમાં સદાગમ સમ્યકદર્શન ખડાં થયાં. ગુણધારણે મૈત્રી કેળવી તે સમયે ચિત્તવૃત્તિમાં મોહરાજના સૈન્યમાં ખળભળાટ થયો અને ચારિત્રરાજે વિચાર્યું કે હજી વિદ્યા સાથે લગ્ન કરવાનો સમય આવ્યો નથી. ગૃહિધર્મને તેની પત્ની સાથે મોકલે છે. સદર ગૃહિધર્મ આદરી ગુણધારણે સ્વપ્રાંતર્ગત મનુષ્યોનો ખુલાસો પૂછ્યો. તે બાબત કંદમુનિએ નિર્મળકેવળી નામના ગુરુને પૂછવાનું કહ્યું અને અન્યત્ર વિહાર કરી ગયા. મધુવારણ રાજા ક્રમે કરીને મરણ પામ્યો ગુણધારણને રાજ્ય મળ્યું અને તેણે આસક્તિ વગર પાળ્યું અને ગૃહિધર્મની સેવના કરી.

એક દિવસ કલ્યાણ નામના સેવકે જણાવ્યું કે આહ્‌લાદ મંદિર ઉદ્યાનમાં નિર્મળાચાર્ય કેવળી પધાર્યા છે. રાજા ખુશ થાય છે અને વંદન કરવા જાય છે. રાજા સ્વપ્નો અંગે કેવળીને પૂછે છે કેવળી ખુલાસો કરવા માંડે છે. પ્રથમ તો અસંવ્યવહાર નગરથી માડીને અત્યાર સુધીનો સંસારીજીવના વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી કહ્યું કે અંતરંગ રાજ્યમાં તેના અંગે ઘણી ખટપટો થઈ. હિત કરનાર ચરિત્રરાજને

ધકેલીને તેના અંતરંગ રાજ્યના ધણી મહામોહ થઈ બેઠા છે. કનકોદરને સ્વપ્નમાં જે ચાર અમુષ્યો આવ્યા તે કર્મપરિણામ, કાળપરિણતિ, સ્વભાવ અને ભવિતવ્યતા હતા. કુલંધરના સ્વપ્નમાં પાંચ આવ્યા. તેમાં મુખ્ય ચાર ઉપરાંત પુણ્યોદય હતો. ગુણધારણ રાજાને સુખ આપનાર એ પાંચ પુરુષો હતા તેમ કહીને કેવળી મૌન થઈ જાય છે.

પ્રશ્નપરંપરા ચાલે છે અને કેવળી ખુલાસા કરે છે. અગાઉના ભવમાં પુણ્યોદયે કેવું કામ કર્યું હતું તે સમજાવ્યું. તે પણ જણાવ્યું કે સંસારીજીવે કદી પુણ્યોદયને ઓળખ્યો નહી. હિંસાવૈશ્વાનરાદિને જ ઉપકાર કરનારા જાણ્યા. કેવળીએ સમજાવ્યું કે ચિત્તવૃત્તિમાં ચારિત્રરાજ અને મોહરાજાના બે લશ્કરો સાથે જ રહેતાં આવ્યાં છે. કર્મપરિણામ મોટો રાજા છે. તેને મોહરાજા તરફ પક્ષપાત છે. એ રાજાને પુણ્યોદય અને પાપોદય નામના બે સેનાપતિઓ છે. પાપોદય દુઃખ આપે છે. પાપોદય સ્વતંત્ર નથી. સદાગમ જીવની પાસે આવ્યો. ત્યારથી તેનું જોર નબળું પડ્યું છે. જ્યારે જ્યારે તેને દૂર કરવામાં આવતો ત્યારે ત્યારે ઉપાધિ વધતી હતી. પછી સમ્યકદર્શન આવ્યા ત્યારે પાપોદયનું લશ્કર વધારે દૂર ગયું. સુંદર–અસુંદર વસ્તુના મેળાપ વારંવાર થયા. પણ આ સર્વનો નાયક તો સંસારીજીવ જ છે. અને સુખદુઃખ તેની યોગ્યતા જ છે. પેલા ચારે તો સહકારી કારણ છે, સંસારનું પ્રપંચ ગોઠવનાર તેની યોગ્યતા જ છે. છેવટે એના ઉપર જ છેવટનો આધાર છે. એ સર્વનું પરમકારણ નિવૃત્તિનગરી અને સુસ્થિત મહારાજા છે. એ રાજા અનેક છતાં એક છે.

ગુણધારણ કેવળીને પૂછે છે : ખરું મોટું સુખ ક્યાં મળે? કેવળી જણાવે છે કે સુખતો અનુભવથી જ મળે છે. દસ કન્યા સાથે લગ્ન થાય ત્યારે મળે છે. એ દસ કન્યા એટલે ચિત્તસૌંદર્યનગરે શુભપરિણામરાજાની નિષ્પ્રકંપતા અને ચારુતા નામની રાણીઓથી

અનુક્રમે શાંતિ અને દયા, શુભમાનસ નગરના રાજા શુભસન્ધિની વરતા અને વર્યતા નામની રાણીઓથી અનુક્રમે મૃદુતા અને સત્યતા, વિશદમાનસનગરે શુદ્ધાભિસન્ધિ રાજાની શુદ્ધતા અને પાપભીરુતા નામની રાણીઓમાંથી ઋજુતા અને અચોરતા, સદાશય રાજાની વરેણ્યતા રાણીને બ્રહ્મરતિ અને મુક્તતા નામની કન્યાઓ છે. સમ્યકદર્શન સેનાપતિએ પોતાના વીર્યથી માનસીવિદ્યા નામની કન્યા ઉત્પન્ન કરી છે અને ચરિત્રરાજે મહાદેવીથી નીરીહતા નામની કન્યા ઉત્પન્ન કરી છે. છ મહિના પછી કર્મપરિણામ રાજા કાળપરિણતિદેવીને પૂછીને દસે કન્યાનાં માતાપિતાની રજા લઈને પુણ્યોદય આગળ કરીને પરણાવશે એ કન્યાઓને યોગ્ય થવા સદ્‌ગુણોનું પણ વિસ્તારથી વર્ણન છે. ગુણધારણે તે જ સમયે દીક્ષા લેવાની ઇચ્છા વ્યક્ત કરી. પણ કેવળી ભગવાને ઉતાવળ ના કરવા અને સદ્‌બોધ મંત્રીની સલાહ પ્રમાણે ગુણોનું અનુશીલન કરવાનું કહ્યું.

પછી પણ મોહરાજ અને ચારિત્રરાજા અનુભવો કરીને છેલ્લે ગુણધારણ આ બધી કન્યાઓ સાથે લગ્ન કરી શક્યો. (અંતરમન)

પછી ગુણધારણ નિર્મળાચાર્ય પાસે દીક્ષા લે છે. આ રીતે બીજા પ્રસ્તાવથી શરૂ થયેલી સંસારીજીવનું ભવભ્રમણ અહીં પૂરું થાય છે. આઠમો પ્રસ્તાવ ત્રણ વિભાગોમાં વહેંચાયેલો છે. અત્યાર સુધીની વોતોનો તાળો અહીં મળે છે. કેટલીક વાતો અધૂરી રહે છે. ઉતારચડાવના (જીવના) કારણની સ્પષ્ટતા થઈ છે. નંદિવર્ધન, રિપુદારણ, ધનશેખરના ભવમાં અપાર રત્નો પ્રાપ્ત થયાં પણ જીવ નીચે ને નીચે જ પટકાય છે. અંતરંગ પરિવારનું સ્વરૂપ સ્થાયી છે. કઠિન કર્મો પાતળાં થવા માંડે એટલે પુણ્યોદયના બળે ઉન્નતિ થાય છે.

સંસારમાં સૌથી શ્રેષ્ઠ ધ્યાન છે. ધ્યાન એટલે સૌથી પહેલા ચિત્તનું સૌંદર્ય પ્રગટવું જોઈએ. ચિત્તનો વિકાસ કરવા માટે કચરો બહાર

કાઢી સુંદરતા પ્રગટવા દેવી જોઈએ. ચિત્તની સુંદરતા પ્રગટવા દેવી જોઈએ. ચિત્તની સુંદરતા વધતી જશે તેમ સુંદરતાનો વાસ થતો જશે. તમામ જીવો પ્રત્યે કરુણા, સમતા, મૈત્રીભાવ રાખવા જોઈએ. ચિત્ત જ્યારે શુદ્ધ થઈ જાય ત્યારે ગાયના દૂધ જેવું માળના મોતી જેવું પૂર્ણિમાના થઈ જાય છે તેનો માલિક સદાશય છે. આપવું પણ જણાવા ન દેવું શ્રેષ્ઠતા છે. આપણી વસ્તુઓ બીજાના કામમાં આવે તેવો ભાવ લાવવો. જીવ સમ્યકદર્શનના સંપર્કમાં ત્યારે પરમાત્માને મળે છે.

ચિત્ત શાંત થઈ જાય એટલે દસ કન્યાઓ વરે. પહેલી વિદ્યા પરણે એનાથી જ્ઞાન વધે; પછી બાકીની નવ મળે. બધી જ અંતરંગ પરિવારની હોય.

આમ આત્માના પતન અને ઉદ્ધારનું ચક્ર ચાલ્યા કરે છે. સંસારનો આખો વિસ્તાર નાટક જેવો છે. સંક્ષિપ્ત ભાવાર્થ એ છે કે શમસુખ મેળવવાયોગ્ય છે તે મેળવવુ. દુષ્ટ કર્મથી ચેતતા રહેવું અને સદાગમનો પરિચય કરવો. ભવ્યત્વમાં ઓછાવધતાપણું જરૂર હોય છે પણ જીવનનું કર્તવ્ઃ મલઈવશોધનમાં છે તે યાદ રાખવું.

બીજો ભાગ શરૂ થાય છે તેમાં અત્યાર સુધી થયેલી ગૂંચવણોનો નિકાલ થાય છે. કથા કહેનાર સંસારીજીવ તે અનુસુંદર ચક્રવર્તી છે. સદાગમ તે સમંતભદ્ર નામનો રાજપુત્ર છે. તેની બહેન ને મહાભદ્રા સાધ્વી પ્રજ્ઞાવિશાળા છે. મદનમંજરીનો જીવ રાજપુત્રી સુલઈલતા ભોળી હોવાથી અગૃહીતસંકેતા છે. અને ભવ્યપુરુષ પણ રાજપુત્ર પુંડરિક છે. ચક્રવર્તી અનુસુંદર ચોરનો આકાર શા હેતુથી ધારણ કરે છે તે પણ અહીં સ્પષ્ટ થયું છે, પરંતુ ખૂબ લંબાણથી છે. પહેલા પ્રસ્તાવની શરૂઆતમાં આ પાત્રોનો ઉલ્લેખ છે.

ત્રીજા વિભાગમાં દરેક જીવની પ્રગતિ બતાવી છે, ચોથા વિભાગમાં ગ્રંથરહસ્ય છે.

**અમુક શબ્દોની ઓળખ :**

- **તિર્યંચ :** એટલે એક (સ્પર્શ) ઇન્દ્રિયવાળા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બે (સ્પર્શ, રસ) ઇન્દ્રિયવાળા પોરા, શંખ વગેરે, ત્રણ(સ્પર્શ, રસ અને ઘ્રાણ) ઇન્દ્રિયવાળા જૂ, માંકડ વગેરે, ચાર (સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુ) ઇન્દ્રિયવાળા વીંછી વગેરે અને પાંચ (સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર) ઇન્દ્રિયવાળાં પ્રાણીઓમાં મગરમચ્છ વગેરે જળચરો, ઘોડા, ગાય, ભેંસ વગેરે સ્થળચરો અને ચોપટ કબૂતર વગેરે ખેચરો, આ સર્વ જીવોને તિર્યંચ કહેવામાં આવે છે. પાંચ ઇન્દ્રિયવાળા મનુષ્યો, દેવો અને નારકો સિવાય સર્વ પ્રાણીઓ- જીવોનો સમાવેશ તિર્યંચ શબ્દમાં થાય છે.

- **ભવ્ય :** એ ખાસ પારિભાષિક જૈન શબ્દ છે. યોગ્ય સામગ્રીના સદ્‌ભાવે મોક્ષમાં જવાની યોગ્યતાવાળા જીવોને ભવ્ય કહે છે. જેઓમાં મોક્ષમાં જવાની યોગ્યતા જ નથી તેઓને અભવ્ય કહે છે.

- **સુમતિ :** એટલે જેની સારી મતિ-બુદ્ધિ છે તેવો, સારી બુદ્ધિવાળો.

- **તન્નિયોગ :** એટલે કર્મ અને કાળપરિણતિનો સંબંધ(નિયોગ) કરાવી આપી જીવને યોગ્ય સ્થાન પર લઈ આવે. તે માત્ર દૂતકાર્ય કરે છે.

- **ભવિતવ્યતા :** કોઈ પણ કાર્ય થવા માટે પાંચ કારણો એકઠાં થવાની જરૂર પડે છે. એ પાંચેને સમવાયી કારણ કહેવામાં આવે છે : (૧) પુરુષાર્થ – ઉદ્યોગ (૨) કર્મ – પ્રારબ્ધ, નસીબ (3) કાળ – પરિપકવ સ્થિતિનો સમય (૪) સ્વભાવ- વસ્તુધર્મ (૫) ભવિતવ્યતા : અવશ્ય ભાવી આ રૂપક છે. આ પાંચ સમવાયી કારણોમાંથી એક પણ ગેરહાજર હોય ત્યાં સુધી કોઈ પણ કામ બની શકતું નથી.

- **ક્ષયોપશમ** : જ્ઞાન આત્માનો ગુણ છે, એ જેટલો આવરણ પામે – એના પર ઢંકાઈ જાય તેટલા પૂરતું જ્ઞાન પ્રગટ થતું નથી. એ આવરણમાંથી કેટલાકને દૂર કરવામાં આવે (ક્ષય) અને કેટલાકને દબાવી દેવામાં આવે (ઉપશમ) તેને ક્ષયોપશમ કહે છે. જ્ઞાનાવરણીય કર્મનો જેટલો ક્ષયોપશમ હોય તેટલું જ્ઞાન પ્રગટપણે દેખાય છે. આત્મા શુદ્ધ સ્વરૂપે તો જ્ઞાનમય જ છે પણ તેની તે શુદ્ધ સ્થિતિ જ્ઞાનાવરણીય કર્મથી ઢંકાઈ જાય છે.

- **મધ્યસ્થ ભાવ** : (૧) તટસ્થ ભાવ (૨) સૂર્યનું આકાશની મધ્યરેખા પર (વચ્ચે) આવવું તે.

- **સદાગમ** : શુદ્ધ વસ્તુરૂપ સમજાવનાર જ્ઞાન.

- **પુણ્યાનુબંધી પુણ્ય** : જે પુણ્યનો ઉપભોગ થતાં નવું પુણ્ય બંધાય તેને 'પુણ્યાનુ બંધી પુણ્ય' કહેવામાં આવે છે. ધનનો સાથ ક્ષેત્રાદિમાં વિવેકપૂર્વક ઉપયોગ કરવો દાન કરવું તે પુણ્યાનુબંધી પુણ્ય છે. એ રીતે પાપના ઉદય વખતે હાયવોય કરવાથી પાપ બંધાય તેને પાપાનુબંધી પાપ કહેવાય છે. સમતાથી ભોગવતાં પુણ્યબંધ થાય તેને પુણ્યાનુબંધી કહેવામાં આવે છે. પુણ્યાનુબંધી પુણ્ય ઉત્કૃષ્ટ છે છતાં પણ આખરે કર્મ છે. સંસારમાં રખડાવનાર છે. ભોગવવું જ પડે છે. તેથી તત્ત્વ દૃષ્ટિએ ત્યાં જય છે. સમજુ માણસો તેમાં રાચી – માચી જતા નથી. મોજશોખ, શરીરસુખ અને આનંદવિલાસમાં ધન શરીરનો ઉપયોગ કરવાથી પાપાનુબંધી પુણ્ય ભોગવાય છે.

*******

